

ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી
વિવિધ જ્ઞાન ગ્રન્થમાળા.

(મણકો ૧૩ મો.)

કવિ તત્વ.

લખનાર

નારાયણ હેમચંદ્ર.

અમદાવાદ.

"વિજય પ્રવર્તક" પ્રેસ.

કિંમત આઠ આના.

અનુક્રમ.

અર્પણપત્રિકા.

શ્રી ભાવનગરાધિશ

મહારાજાધિરાજ શ્રી ભાવસિંહજી.

મહારાજ !

આપનું હૃદય કવિત્વમય છે, તે આપે લખેલા સંગીતમાળાના ત્રણ ગુચ્છોપરથી લોકોના ધ્યાનમાં આવ્યું છે. આપ રસિકકળાના ભોક્તા છો, કાવ્ય તથા નાટકના પ્રેમી છો, અને શેક્સપિયર વગેરે મહાન્ કવિયોનાં કાવ્યો તથા નાટકોનાં ગુજરાતીમાં ભાષાન્તર પ્રસિદ્ધ કરવામાં મદદ આપોછો, તેના ઉપરથી પણ આપના કવિત્વમય હૃદયની ઓળખાણ મળે છે. આ કવિતત્વનો ઉદ્દેશ ખરા કવિમાં કેવા ગુણ જોઇએ, ખરો કવિ કોને કહેવો, અને કવિત્વ તથા કાવ્ય એ શું છે, તેનું કંઇક નિદર્શન કરાવવાનો એ પ્રયત્ન છે. આપના આત્માને ઠીક જણાશે એવું ધારીને, આ ગ્રંથ આપના કવિત્વમય હૃદયને અર્પણ કરીને આનંદિત થાઉંછું.

આપનો

નારાયણ હેમચંદ્ર.

૭૫૨૦

ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી વિવિધ જ્ઞાન ગ્રન્થમાળામાંનાં આ લખનારનાં પુસ્તકો.

વિવિધ જ્ઞાન.	૦—૮—૦
રત્નાવળી	૦—૮—૦
રોમિયો અને જ્યુલિયટ	૦—૮—૦
અપરાધતત્ત્વ	૦—૮—૦
હૃતતત્વવિવેક એટલે માણસને પારખવાની વિદ્યા	૦—૮—૦
નાની મીઠી વાર્તા	૦—૮—૦
વાસવદત્તા	૦—૮—૦
સૌન્દર્યતત્વ	૦—૮—૦
પ્રેમતત્વ	૦—૮—૦
કમળકુમારી	૦—૮—૦
બૈજિક તત્વ એટલે પ્રાણીઓની ચઢતી કરવાની વિદ્યા ...	૦—૮—૦
કવિ કાલિદાસ અને શેક્સપિયરની તુલના	૦—૮—૦
કવિતત્વ	૦—૮—૦
કાવ્યતત્વ	૦—૮—૦
હૃદયતત્વ અથવા ચારિત્ર...	૦—૮—૦

આ લખનારનાં નવલકથાનાં પુસ્તકો.

મણિબાઇ	૦—૧૨—૦
શિવલાલ	૦—૧૨—૦
લક્ષ્મી	૦—૧૨—૦
રાજાપ ગોવિંદ માણિક્ય...	૦—૧૨—૦
ફૂલની માળા	૦—૧૨—૦
હીરાકંઠી	૦—૧૨—૦
નર્મદા	૦—૧૨—૦
પ્રેમકથા	૦—૧૨—૦
સ્નેહકુટીર	૦—૧૨—૦
કમળ	૦—૧૨—૦
નંદકોર	૦—૧૨—૦
વિષવૃક્ષ	૦—૧૨—૦

મળવાનું ઠેકાણું:—નારાયણ હેમચંદ્ર, અમદાવાદ.

કવિ તત્વ.

કવિ.

કવિ એ શબ્દની ઉત્પત્તિજ કુ ધાતુ ઉપરથી થઇ છે, અને એ ધાતુનો અર્થ " to sound ધ્વનિ કરવો, અવાજ કરવા " અર્થાત્ ગાવું એમ છે. અંગ્રેજીમાં a poet sings કવિ ગાય છે એમ વ્યવહાર હજી પણ કવિતા અને સંગીતના અસત વિયોગ થયા છતાં પણ ચાલુ રહેલો છે. I sing the sofa વાક્ય વડે કાઉપર પોતાના એક કાવ્યનો આરંભ કરે છે. And swan like singing die એમ એક કવિએ ઇચ્છાનો ઉદ્દગાર કરેલો એ પ્રસિદ્ધ છે.

જેઓ કાનને સુખદાયક છંદોમાં બાંધીને માત્ર શબ્દની જોડે શબ્દ ગોઠવીને વાક્યની રચનાથી સર્વને મોહિત કરવાની તજવીજ કરે છે, અભણ તેઓને કવિ તરીકે માન આપે છે. એવા કવિ અને માણસો તેઓનાં કાવ્યની પરીક્ષાની જગા કાન હોય છે. કવિતા તાલથી વંચાય અથવા બોલાય અને તેની જોડે શરીર પણ તાલથી વિવિધ ચાળા કરીને નાચે. ફારસી, ઉરદુ, ગુજરાતી, હિન્દી, બંગાળી અને સંસ્કૃત વગેરે ભાષામાં એવા કાવ્યની ખોટ નથી. ભાટ ચારણો અને પોતાને કવીશ્વરમાં ખપાવનારાઓ એ જાતના કવિઓ છે. જો તેમને ખરૂં નામ આપવું હોય, તો શબ્દના કવિ કહેવાથી કંઇ ખોટું થશે નહિ. કારણ વાક્ય રચનાની ચાતુરી સિવાય એઓની કવિતામાં બીજું કંઇજ હોતું નથી. જો કંઈ હોય, તો તે પણ ઘણું કરીને સ્વાદના શોખીલાઓને ભોગોપયોગી તરીકે ગ્રાહ્ય થતું નથી.

રસજ્ઞ માણસો કાવ્યની શોધ કરવા માટે આગળ વધે છે. તેઓ છંદોબદ્ધ વાક્ય સાંભળીને મગ્ન થઇ જતા નથી અથવા કેટલાક સુલલિત

શબ્દ મેળવીને જ મોહિત થતા નથી. જે વાક્યો કાનના દ્વારે પ્રવેશ કરીને જરા આનન્દ ઉત્પન્ન કરે, તે હૃદયસ્થાન પર્યન્ત જાય છે કે નહિ તેનો તેઓ પ્રથમ વિચાર કરેછે. જે વાતથી અન્તરનો છુપો કોઇ રસ ઉછળે નહિ, સૌન્દર્યની કોઇ નવી મૂર્તિ માનસનેત્રની સામે ખડી ન થાય, હૃદયનો તંત્ર એક નવા તાનથી વાગે નહિ, અથવા ભાવના બોજાથી આત્મા નમે નહિ, તે તેઓની આગળ કાવ્ય તરીકે ગણાતું નથી. ઇંગ્લંડના ઘણા ખરા કવિયો છંદો ગોઠવવાની નિપુણતામાં શેક્સપિયરના શિક્ષા ગુરૂ છે; પુષ્કળ બાઇડીઓની કવિતાઓ પણ તેની કવિતાના કરતાં સાંભળવામાં વધારે મીઠી લાગે છે. જયદેવના ગીતગોવિન્દમાં જેવું પદલાલિત્ય છે, તેવું અભિજ્ઞાન શકુન્તલ કે ઉત્તરરામ ચરિતના આદિ, અન્ત, મધ્યમાં કંઈ પણ જોવામાં આવતું નથી. નૈષધની પદમાધુરીની આગળ રત્નાવળી કંઇજ નથી. તથાપિ સુરૂચિવાન્ માણસો શેક્સપિયર, કાલિદાસ અને ભવભૂતિની પૂજા કરેછે, અને નૈષધના નાચતાં છન્દની કવિતાઓને એક કોરે મૂકીને રત્નાવલીની સાથે આશા કરીને નિરાશ થાયછે, અને નિરાશ થઇને આશા *કરેછે. કારણ, ભાષા ચરણદાસી છે, અને ભાવ જ કાવ્યનો પ્રાણ છે. જેમ વસ્ત્રાલંકારની તુલનામાં રૂપ છે, તેમ શબ્દની તુલનામાં ભાવ અથવા શબ્દની તુલનામાં ભાવમય કવિ છે.

ટૂંકામાં નાના કવિઓની જે કંઇ દોલત છે તે શબ્દમાંજ સમાયલી હોય છે, તેના કરતાં ગાઢતર કવિના શબ્દ થોડા હોય છે અને રસ ગાંભીર્ય વધારે હોય છે.

---

* જેમ વાંચનાર રામાયણ વાંચતી વેળાએ સીતાનાં સુખ અનુભવે છે; અને સીતાનાં દુ:ખથી દુખી થાયછે, તેમ તેઓ રત્નાવલી નાટક વાંચતી વેળાએ પણ જ્યાં રત્નાવળી આશા રાખીને પછવાડે નિરાશમાં દુખી છે, જ્યાં નિરાશાનું દુઃખ અનુભવેછે, અને જ્યાં રત્નાવળી પૂર્વે નિરાશ થઈને જોગજોગે પછવાડેથી આશાથી ખુશી થાય છે તેજ ઠેકાણે ફરી આશાન્વિત થાયછે એટલે તેઓ પોતે ભૂલીને એકીવારે રત્નાવળીનાં સુખ દુઃખ અને હર્ષાદમાં જ નિમગ્ન રહેછે.

કવિના પ્રકાર.

આજ કાલના યુરોપ અને અમેરિકાના વાર્તિક લખનારાઓ કવિને ઘણું કરીને ત્રણ પ્રકારના ગણે છે. આ ત્રણ પક્તિના દરેકના ઉદ્દેશ જૂદા જૂદા હોયછે. કવિ ખરી રીતે કંઇ નવું કરી શકતા નથી, કેવળ અસીમા વગરના જગતમાં સુન્દર, ભયાનક, કોમળ, કઠણ, નાના મોટા વગેરે દેખાવો છે, તેને પોતાની ઇચ્છાથી ફેરફાર કરીને નવા ભાવથી ગોઠવે છે. લેવું અને સામેલ કરવાની હોશિયારી તેઓની વસ્તુઓ કુદરતના વિશાળ અને અક્ષય ભંડારમાં છે. ઘણા વર્ષ ઉપર હોમર અને વાલ્મીકિયે જે વસ્તુઓથી પોતપોતાનું ચિત્ર ચિતાર્યુંછે, ફક્ત આ લેવામાં તથા ગોઠવવાના ભિન્નપણથી તેઓના ગુણમાં ફરક પડે છે. અને તેઓને જૂદી જૂદી પંક્તિમાં વહેંચવામાં આવેછે.

કેટલાક ચિત્રકારો કુદરતનું બરોબર અનુકરણ કરેછે. ચાહે તો તે બહારની દુનિયા હોય કે અન્તરની દુનિયા હોય, તેઓ જે તરફ જે કંઇ જુએ છે, તે તરફની તેઓ બરાબર છાયા ઉત્પન્ન કરી શકેછે. સુન્દર, ખરાબ, દોષ, ગુણ સર્વ તેઓની આગળ એક સરખા આદરને પામેછે. ગગન ચુમ્બતા મહા મેરૂ અને અનન્ત વ્યાપી સમુદ્ર એઓના ચિત્રમાં જેવું સ્થાન મેળવેછે, તેવા સૂક્ષ્મ દુર્વાઓ અને બારીક ઝરાઓ પણ સ્થાન મેળવે છે. અંગ્રેજી સાહિત્યમાં કાઉપર અને ક્રયાબ છે, અને આપણી ગુજરાતી ભાષામાં નૃસિંહરાવ આ પંક્તિની અંદર છે. પરન્તુ જે કવિતામાં બરાબર ઉદ્ભાવની શક્તિનો છેડો હોતો નથી, જેમાં કલ્પનાની જરૂર નથી, તે કવિતાના બનાવનાર કવિઓને મધ્યમ પંક્તિમાં મૂકાયછે.

વળી કેટલાંક કુદરતી એવી દૃષ્ટિ લઇને જન્મેલા હોય છે કે, તેઓની આંખ ઉપર સુન્દરતાનો જેટલો જોઇએ તેટલો આદર હોતો નથી. તેઓ કેવળ ખરાબ વીણી લે છે. તેઓ કુદરતનો ઉજળો ભાગ છોડી દઇને કેવળ અંધકારમય પ્રદેશમાં ફરવાને વધારે આતુરતા દેખાડે છે. જો એક ઝાડને ચિતરવું હોય, તો જ્યાં સુધી તે નવાં પાંદડાં ફૂલથી સુશોભિત કરીને બીજા સાધારણને પ્રીતિ ઉત્પન્ન કરે, ત્યાં સુધી તેઓની આંખ ખેંચાઇ શકતી ન-

થી પરન્તુ જ્યારે વનની આગથી સુક્કું અને કદરૂપું થાયછે, ત્યારે તેઓ તેને ચિતરવા બેસેછે. નવયૌવનથી ખીલતી સ્ત્રીના સુન્દર વદનમંડળ ઉપર તેઓની આસ્થા હોતી નથી પરન્તુ જ્યારે તે વૃદ્ધાવસ્થાથી જીર્ણ થઇને ખરાબ આકાર ધારણ કરેછે, ત્યારે તેઓની આદરની સામગ્રી થાયછે–ત્યારે તેઓ એકાગ્ર ચિત્તથી જોવામાં પ્રવૃત્ત થાયછે. રૂપવાનનું રૂપ, વીરનું વીરત્વ, ધાર્મિકનો ધર્મ આ સર્વે તેઓના ચિત્રની સામગ્રી હોતી નથી, તેઓ કેવળ ભાગી શકેછે, પણ બનાવી શકતા નથી. બહારની દુનિયામાં જે કંઇ પ્રકૃતિથી બહાર છે, મનુષ્ય હૃદયમાં જે કંઈ ધિક્કારવા લાયકછે, જનમંડળમાં જે કંઈ ત્યાગ કરવા લાયક છે, તે તેઓ કેવળ દેખાડે છે. હાસ્ય અને બીભત્સ રસ એઓના ચરિત્રનો મૂળ પાયો હોયછે. તેઓ વખતો વખત મનુષ્ય જાતિનું બહુ ભલું કરેછે. માણસ અથવા સંપ્રદાય વિશેષના કોઇ ખરાબ આચરણ જોયાથી તેઓ એવી રીતે તીવ્ર કટાક્ષ મારે છે કે, અપરાધી આખી ઉમ્મર પર્યન્ત તેનો કટાક્ષ ભૂલતો નથી. તેથી ઘણોજ શરમાઇને અને બેઆબરૂ થઇને સુધારવાની કોશેશ કરેછે. ઇંગ્લંડમાં પોપ, અને સ્વિફ્‌ટ, ફ્રાન્સમાં વાલટર, સર વાનટિસ આ પંક્તિનાં ઉદાહરણ છે. ગુજરાતીમાં એવા લખનાર દુર્લભ છે. આ પંક્તિના કવિઓમાં ખરેખરી કલ્પના તથા ઉદ્‌ભાવિની શક્તિની વિશેષ ઓળખાણ મળતી નથી; તેથી તેઓ પણ સર્વથી શ્રેષ્ઠ આસનના અધીકારી થઈ શકતા નથી.

સર્વથી ચઢતી પંકતીના કવિયો કેવળ સ્વભાવનું બરોબર અનુકરણ કરીને ચૂપ બેસતા નથી. તેઓ પોતાની કલ્પનાના બળથી નવું જગત્ બનાવી શકે છે. જે દરરોજ આપણે જોઇએ છીએ, જે આપણી ચારે બાજુએ ફેલાયલું હોય છે, તે દેખાડવાનો તેઓ યત્ન કરતા નથી, તેઓ ચિત્ર કાઢે છે, તેઓના જેવું પ્રતિરૂપ જગત્‌માં આવતું નથી. કલ્પનાના માર્ગમાં પણ તેનો ઉદય થતો નથી. ખરેખર જગત્‌માં જે સઘળા દેખાવ નજરે પડે છે, તેમાં કોઇ પણ દોષ વિનાના નથી. સર્વમાં દોષ ગુણ એકઠાં રહે છે. ખીલેલાં કમળમાં કીડા રહેલા હોય છે; ઘણા યત્નથી બનાવેલા મનોહર ફૂલના બગીચામાં પણ સાપ છુપાયલો રહે છે, અસંખ્ય હીરાથી

જડેલા શારદીય નભોમંડલમાંથી પણ કોઈ વેળાએ અકસ્માત બીપણ વજ્ર પડે છે; દેવતુલ્ય ધર્મપરાયણ મહાનુભાવને પણ કોઈ કોઇ વખતે પાપને લીધે ચિત્તનું વૈકલ્ય ઉત્પન્ન થાય છે. તેથી ખરેખર જગત્ જોવાથી મનુષ્યનો અન્તરાત્મા સંપૂર્ણ પરિતૃપ્ત થઇ શકતો નથી. કેઈ જગાએ નિષ્કલંક સૌન્દર્ય જોવા પામીશું ? કેઇ જગાએ પાપના દુરન્ત સંઘર્ષણ વગરનો પવિત્રતાનો પૂર્ણવિકાશ જોવાને સમર્થ થઇશું? આ વિચારમાં તત્પર થાય છે. જેઓ આ ખોટ દૂર કરી શકે છે, જેઓ દેશકાલની અલંઘ્યસીમા અને દુનિયાના નિયમની તાબેદારી સહેલાઇથી ઓળંગી શકે છે, જેઓ સ્વર્ગ મર્ત્ય પાતાલને બારીકીથી જોઇને ત્યાંના તમામ સારાંશ એકઠાં કરીને તેના કરતાં વધારે ઉજ્વલ નવું જગત્ ઉત્પન્ન કરી શકે છે, તેઓ જ ખરેખરા મહાકવિના શબ્દના લાયક અને સર્વથી ઉચ્ચ આસન ઉપર બેસવાને યોગ્ય છે. આવા અલૌકિક શક્તિનાં ઉદાહરણ જગતમાં ઘણાંજ થોડાં જોવામાં આવે છે. શેક્સપિયર અને કાલિદાસે જેટલું તે ઉચ્ચ આસન મેળવ્યું હતું, તેટલું બીજા કોઇએ મેળવ્યું નથી. શેક્સપિયરનું હેમલેટ તથા લિયર, કાલિદાસનું અભિજ્ઞાન શાકુન્તલ માનવ કલ્પનાની આખરની સીમા છે. ગેટેની ફૂસ્ટના શિવાય બીજો એનો બરાબરીઓ સાહિત્ય સંસારમાં કોઇ નથી.

કવિ બે જાતના છે એક શ્રેણીનો કવિ કાવ્ય રચના કરવાની વેળાએ શબ્દો લોકોના કાનમાં કેવા લાગશે, કિયો શબ્દ વાપર્યાથી લોકને હૃદયગ્રાહી થશે, એનો વિચાર કરીને દરેક પદ રચે છે, તેના કાવ્ય રચનાની વખતે મનુષ્યને કદી પણ ભૂલી શકતા નથી. બીજો એક જાતનો કવિ એ છે કે, કાવ્ય રચનાની વખતે મનુષ્યના ઉપર જોતો નથી, તેઓ દરેક પદ ગોઠવવાની વખતે પોતાના હૃદયમાંના ભાવસાગરની તરફ દૃષ્ટિ કરે છે અર્થાત્ કેવી રીતે શબ્દના પ્રયોગ કર્યાથી અંતરનો ભાવ ઉછળે તેનો આભાસ દેખાડવામાં આવે, અંતરમાં જે છબિ જુએ છે તે બહાર પ્રકાશ કરવામાં આવે તેનો વિચાર કરે છે. એઓજ ખરા કવિ છે.

સત્ય યુગથી આજ સુધી ચીરકાળ મનુષ્યો કવિયોની પૂજા તથા તેઓના વાક્યામૃત પાન કરી પોતાને કૃતાર્થ સમજે છે. જે સંપ્રદાયનું

આટલું માન છે, આટલી મર્યાદા છે, તે સંપ્રદાયમાં સામેલ થવાની કોની ઇચ્છા ન થાય ? એ વાસ્તેજ સર્વદા આપણે અસંખ્ય માણસને કવિતા લખતા જોઇએ છીએ. ગામડાના મહેતાજીઓ, નિશાળના વિદ્યાર્થીઓ, ટ્રેનીંગ કૉલેજના વિદ્યાર્થીઓ તથા સ્ત્રીઓ જે તે બધા કવિતા લખે છે પણ જે કવિતા લખે છે શું કવિ છે ? કવિતા લખ્યાથીજ જો કવિ થવામાં આવત, તો પીંજરામાંના પોપટના જેવા કવિઓ બજારમાં ઘણાજ સુલભ થઇ પડત. ખરા કવિ કાલિનુરથી પણ દુર્લભ છે. પ્રતિભા નહિ હોવાથી કવિ થવાતું નથી.

પ્રતિભા અસાધારણ માનસિક ધર્મ છે. જેઓમાં પ્રતિભા હોયછે, તેઓની રુચિ સર્વદા એક વિષયની હોય છે. તે એક માત્ર વિષયની આલોચનામાંજ સુખ અનુભવે છે. બીજા વિષયમાં ચિત્ત લગાડવાને તેને કલેશ જણાય છે. તેથી તે આખી ઉમ્મર સુધી પ્રિય એક વિષયનો વિચાર કરવામાં જીવન ગાળે છે. કાયા મનથી નિરંતર જે વિષયનું અનુશીલન કરવામાં આવે છે, તે વિષયમાં ખચીત ફતેહમંદ તથા દક્ષતા મેળવવામાં આવે છે. પ્રતિભાવાળો માણસ પોતાના ઇષ્ટ વિષયપર વગર હરકતે જેવી રીતે નિરંતર ધ્યાન આપે છે, તેવી રીતે સાધારણ માણસ વારંવાર યત્ન કર્યા છતાં પણ તે કદાપિ કરી શકતો નથી. કોઇ એક વિષયમાં મન લગાડવાના બળથી અભિનિવેશથીજ કાર્યકારિતા ઉત્પન્ન થાય છે—વિરૂદ્ધ ધર્મવાળા પદાર્થના સંયોગથીજ સામર્થ્યની ઉત્પત્તિ થાય છે—પાણી અને આગથી વરાળની ઉત્પત્તિ થાય છે, તે વરાળ આપણા કોઇ સાધક ઘણા ખરા યંત્રનું મૂખ્ય બળ છે. અને વિવેચના તથા વિભાવના—પ્રસૂત સામર્થ્યજ કવિની ચમત્કારિણી કવિત્વની શક્તિ છે. પ્રતિભા ન હોય, તો શક્તિ કદાપિ ઉત્પન્ન થતી નથી. યત્ન કર્યા છતાં લોકો કષ્ટકવિ થઇ શકે છે, પણ પ્રતિભા ન હોવાથી કોઇ શ્રેષ્ટ કવિ થઇ શકતો નથી.

કેટલાકો કહે છે કે કેવળ કલ્પનાજ કવિત્વનું મૂળ છે—જેની વિભાવના જેટલી તેજસ્વિની હોય છે, તે તેટલું કવિત્વ મેળવી શકે છે. જો કેવળ કલ્પનાજ કવિત્વને ઉત્પન્ન કરત, તેમ જો થાત, તો બાળક અને ઘેલાઓ સર્વે કરતાં ઉત્તમ કાવ્ય લખી શકત, કેમકે બાળક તથા ઉન્મત્તની કલ્પના

સર્વે કરતાં તેજસ્વી છે એ બધે પ્રખ્યાત છે. બાળકની કલ્પના અંધારામાં જનાવર દેખાડે છે, વેલમાં ઘરના બારોટિયા તથા ઝાડમાં કેશ ફેલાવે છે, ઘેલાની કલ્પના કેવળ મોટી બીપિકા ઉત્પન્ન કરે છે, પણ કવિની કલ્પના અમે જે ચાહીએ છીએ, જે ઇચ્છીએ છીએ, તેજ અમારી સામે આણીને ધરે છે, કવિની કલ્પના મર્ત્ય-હૃદયમાં સ્વર્ગનું સુખ આણી આપે છે. કવિ અમૃતની સૃષ્ટિ કરે છે. તેની કલ્પના વિવેકને આશ્રિત છે તેથીજ આવા અસાધારણ ક્ષમતાશીલ થાય છે.

કવિ અને કવિતા.

કવિતા એ શું છે? ઘણાકો ધારે છે કે છંદ બંધવાળી રચના માત્ર કવિતા છે. આ છંદ રૂપી કળામાં બંધ થયેલા કાયદાના પ્રમાણે તે સંકીર્ણ કુવાના અંધકારમાં સર્વદા નિમગ્ન રહે છે. અનંત ગગન વિહારી મુક્તપક્ષ, મુક્તકંઠ પ્રાણવિહંગના અનન્ત ધારાવાહી સંગીતસુધારસ સ્વરૂપ કવિતા કોઈ કુવાની વસ્તુ નથી, પૃથ્વીની સીમાબદ્ધ મહાસાગરમાં પણ તે પકડાતી નથી. કવિતા સંપૂર્ણ સ્વતંત્ર અને મુક્તાવસ્થાવાળી, અનંત પ્રસાહિત હૃદયના અનંત ભાવોચ્છ્વાસનો અનર્ગલ પ્રવાહ માત્ર છે. એ વાક્યના અતીત છે, વિચારના અતીત છે. ઘણાકો આવું સાંભળીને હસશે. શું વાક્ય જે કવિતાનો પ્રકાશક છે, વિચાર જે કવિતાના હાડકાં છે, તે વાક્ય અને વિચાર અતીત છે?—વાક્ય શું કવિતાનો પ્રકાશક છે? વાક્ય ઘણી વખતે કવિતા જ્યોતિને મેઘાચ્છન્ન કરે છે, અને સર્વદાજ કવિતાનો પ્રતિરોધક છે. વાક્ય જડને માટે છે, સીમાબદ્ધ જડ જગતનો પ્રકાશ છે. અન્તર્જગતની સીમાશૂન્ય વસ્તુ કવિતાને તે શી રીતે પ્રકાશ કરે? એક તાંબાનો તાર જ્યાં સુધી વિજળીથી જૂદો હોય છે, ત્યાં સુધી સ્પર્શ કર્યાથી કંઇ વિશેષ શક્તિનો આભાસ મળતો નથી, પણ તેમાં વિજળી સંચાલિત થયાથી અદ્દભુત શક્તિ પ્રકાશ થાય છે. જરા હાથનો સ્પર્શ કર્યાથી આખું શરીર કંપિત થાય છે અને આખા શરીરમાં એક રીતનો આલોડન દી-

હામાં આવે છે. તેમ જડતામય વાક્યમાં પણ કોઈ વિશેષ શક્તિ નથી. પણ જ્યારે તેમાં કવિ હૃદયમાંથી નીકળતી વિજળીનો પ્રવાહ સંચારિત થાય છે, ત્યારે તેની શક્તિ અસીમ થાય છે, ત્યારેજ તે અત્યદ્ભુત થાય છે. ત્યારે તે સંજીવની મંત્રરૂપ મૃત શબદેહમાં જ્વલંત ચેતનાનો સંચાર કરે છે, મૃત પ્રાણમાં જ્વલંત અગ્નિ પ્રવાહ રેડે છે. કોઇ વખતે તે મધુર જ્યોત્સનાપૂર્ણ શરતયામિનીના નિસ્તબ્ધ ખોળામાં, મધુમય સ્વપ્નુ લાવે છે, સુખ–સુધા જડિત વાંસડીનો સંગીત શ્રવણ કરાવે છે, કોઈ વખતે શોક તથા વિષાદનો અનંત સાગર રચના કરીને માનવના પ્રાણને તેમાં ડુબાવે છે. પણ વિજળી પ્રવિષ્ટ તાર જેમ અનન્ત આકાશવ્યાપી વિશ્વના મજ્જાગત, તે અનંત વિજળી મહાસમુદ્રના સામાન્ય ઇશારત જ્ઞાપનના વિના એક કણ પણ પ્રકાશ કરવામાં અસમર્થ છે, કવિના વાક્ય પણ કવિતા સંબંધમાં તેના કરતાં વધારે કામની વસ્તુ નથી. કવિત્વપૂર્ણ વાક્ય કવિતાની ઇશારતના શિવાય અમને બીજુ કંઇ આપી શકતા નથી. જેમ પ્રભાતનો અસ્ફુટ પ્રકાશ આપણને દરરોજ મધ્યાહ્ને સૂર્યના અનન્ત ગગન વ્યાપી જ્યોતિરાશિના સમાચાર ઘોષણા કરે છે, કવિવાક્ય પણ કવિ હૃદયના તે અનંત ઉચ્છ્વસિત ભાવોના સમાચાર માત્ર જણાવે છે. ઉલટી જગતની ભાષા અસંપૂર્ણ અને સીમાબદ્ધ તરીકે આ આભાસને પણ સારી રીતે ખીલવવા દેતી નથી. વાસ્તે કહ્યું હતું કે ભાષા અથવા વાક્ય સર્વદા કવિતાના પ્રતિરોધક છે, વળી કવિના ભાવો દ્રૈગલિત હૃદય જ્યારે ભાષા રચના કરતી નથી, પૃથ્વીનાં કોશ, પૃથ્વીનાં વ્યાકરણ અને અલંકાર શાસ્ત્ર ઉઘાડીને મુખના રચિત વાક્યથી કવિતા લખવા બેશે છે, ત્યારે શું થાય છે ? એકવાર કહ્યું છે–વળી કહીએ છીએ કે, તે વેળાએ ગંભીર ઘનઘટામાં નિર્મળ કવિતા જ્યોતિ ચાલી જાય છે. એ વાસ્તે એક માણસે ઘણા કવિતાના ગ્રંથો લખ્યાં છતાં પણ કવિ થતો નથી. બીજા માણસો બે ચાર કવિતા લખીનેજ કવિ થાય છે. તેથી કવિતાના રાજ્યમાં વાક્યનો આદર નથી, વાક્યનો જીવનનો આદર છે. જીવન્ત વાક્ય પણ કવિતાના પ્રકાશક નથી, કેવળ માત્ર આભાસ આપે છે. કવિતાની જ્યોતિર્મયી છાયા લઇને એનો જન્મ છે.

ખરી કવિતા વાક્યના પ્રમાણે વિચારને પણ અતિક્રમણ કરે છે, આવું પહેલા કહી ગયા છીએ. જેના વિચાર કરવાથી ચાલિત ન થતાં હૃદય વિચારથી પરિચાલિત છે, તે શ્રેષ્ટ કવિ છે. તેની કવિતા વાંચીને જણાવે છે કે, મગજ પરિચાલના કરીને બહુ કષ્ટથી તે કવિત્વ રાજની અવતારણાને માટે યત્ન કરવા જતાં તેમા સંપૂર્ણ નિષ્ફળ થયા છે. ઉદાર કવિતા અમૃત ફલના પ્રમાણે હૃદય તણાવીને વહે છે, વિચાર તેનો તરંગ તથા લહરસ્વરૂપ છે. આ જગાએ કવિના હૃદયથી વિચાર ચાલે છે. કવિનું હૃદય નિર્મળ દર્પણ અથવા વિમળ સુધારસ પૂર્ણ સુગભીર સ્વચ્છ સરોવર છે. વિશ્વ કવિની કવિતા લહરી પ્રકૃતિની છાયા જ્યારે તેમાં પડીને પ્રતિફલિત થાય છે, ત્યારે અદ્ભુત દૈવશક્તિ પ્રભાવથી ત્યાંથી મહાસમુદ્ર ગર્જી ઉઠે છે, એના દરેક ઉચ્છ્વાસમાં વિચાર અને ઉંડાં જ્ઞાનના તરંગ વહેતા દોડે છે. એ વાસ્તે કવિતા આંધળી થવા છતાં પણ જગતની આંખ, પોતે અંધકાર થઇને પણ વિશ્વને મધ્યાહ્ન પ્રકાશથી પ્રકાશમાન કરે છે. જ્યાં વિચાર પરિચાલક છે, ત્યાંજ વાક્ય મુખના અને જીવન વિનાના છે. એ વાસ્તે દાર્શનિક જગતમાં ઘણાકો નીરસ રૂક્ષ વાક્ય વાપરીને વિષયને પથ્થરના જેવો કઠણ તથા દુષ્પાઠ્ય કરી મૂકે છે. વિચાર વીર જાન સ્ટુઅર્ટ મિલ પોતાના હૃદયની યાતનાની શુષ્કતા દૂર કરવાની આશાથી કવિતામય ગ્રંથ વાંચતો હતો. વસ્તુતઃ શુષ્ક તર્ક અને વિચારની ગરમ હવાથી હૃદય મરૂના જેવું ભયંકર થઇ પડે છે. આ ભીષણ હૃદયનાં વાક્ય પણ તેથી દુષ્પાઠ્ય અને નીરસ મુખાગ્રજાત વાક્ય થાય છે. એ વાસ્તે શાબ્દિક કવિ અને કષ્ટ કવિ એકજ છે. હવે આ બે જાતના દોષવાળા કવિને કષ્ટ કવિ આ નામથી લખીશું.

કષ્ટ કવિનો મોટામાં મોટો અને પહેલાં દોષ એ છે કે, તે બીજાને પગલે ચાલનારો હોયછે. બીજાના વિચારનું અનુકરણ કરવું એજ તેના પ્રાણનું ધન હોયછે. વિચાર માત્રનો પાયો પહેલાના વિચારોનું ફલ વિચાર જે કવિની મુડી છે તે, આ જગતમાં તેના એક અથવા બહુ સંખ્યાવાળા ધનવાન પણ રહે છે. એ વાસ્તે જોઇએ છીએ કે કષ્ટ કવિઓમાં કોઈ કાલિદાસ-

ના, ભવભૂતિના, કોઈ શેક્સપિયરના, કોઇ મિલ્ટનના, કોઇ બીજા કવિના ભક્ત હોય છે. તેઓની પ્રત્યેક વાતમાં, પ્રત્યેક શ્વાસોશ્વાસમાં તે બધા મહાજનોની વાત, વિચાર, હાવભાવ પ્રકાશ થાયછે. મતલબ કે આ કવિતા કરનારાઓમાંથી ઓછામાં ઓછા એક બે જણા પોતે ધનવાન નહિ હોવાથી પગલે પગલે તેઓનો કારભાર બંધ થવાની સંભવના થાય છે. ખરો કવિ કોઇનો પણ પદચિહ્નિત માર્ગથી ચાલતો નથી. પ્રકૃતિના જરૂર થનારા નિયમથી અજાણતાં સેંકડો માણસો યત્ન સંચિત ધન તેઓના મૂળ ધનમાં મિશ્રિત થઈ શકે છે, પણ તે સંપૂર્ણ રીતે માને છે કે, તે ધન પોતાનું છે. તે બીજાની પાસેથી ઉધાર લેવા અથવા ભિક્ષા કરતાં જાણતો નથી. આ જગતમાં ગુરુ અથવા શિષ્ય થઇ શકાય છે, એ વાત પણ તે સમજતો નથી. તે બાળક અથવા ઉન્મત્તના જેવો પોતે હસે છે, પોતે રૂવે છે, પોતાના ભાવથી મશગુલ હોય છે. કાનનમાંના ફૂલના પ્રમાણે પોતાને માટે ફૂટે છે, પોતાના સૌરભથી પોતે મત્ત થાય છે, પોતાના રૂપમાં પોતે મોહિત થાય છે. તેના પ્રાણમાં જ્યારે ભરતી આવે છે, ભાવનું તુફાન ઉચ્છવસિત થાય છે, ત્યારેજ તેમ થઈ જાય છે. જ્યારે બે કાંઠા છલાકાઈ ઉઠે છે, ત્યારેજ કવિતા સ્રોત રેડે છે. તે તરંગમાં જગત્ તણાઇ જાય છે, યુગયુગાન્તનો અંત આવે છે, પ્રલય મહાપ્રલય ચાલ્યો જાય છે. તથાપિ તે તરંગ પાછો જતો નથી. એ વાસ્તેજ વાલ્મીકિ અને હોમર, કાલિદાસ અને શેક્સપિયરની કીર્તિ જગતમાં અક્ષય કીર્તિ નામથી વિખ્યાત છે. ખરી રીતે જોતાં ખરી કવિતા કોઇને આધારે નથી, ખરી કવિતા સંપૂર્ણ નિર્મુક્ત અને સ્વતંત્ર છે; એ વાસ્તે જે જાતિ આધીન છે, જે જાતિનું હૃદય પારકાના બીબામાં રેડાયલું છે, જે જાતિ અનુકરણ પ્રિય છે, તે જાતિમાં ખરો કવિ જન્મતો નથી.

શાબ્દિક કવિ સુંદર સુંદર શબ્દથી કુસુમ હાર ગૂંથે છે. કોઇ વખત જ્યોત્સ્નામાં તરતા તરતા ચંદ્રના કિરણ ભાંગીને ખાય છે, કોઈ વખતે સાંઝના આકાશમાં સિંદુરમાં મેઘપર ચઢીને દોડતો ફરે છે, સ્વપ્નામાં વાંસળીનું ગાયન સાંભળે છે વળી પરીની સાથે સૂતાં સૂતાં રમે છે. શરદનો ચંદ્રમા, વસંતના

ફૂલ, પાપિયા, કોકિલ, મલય વાયુ, વર્ષાનો નવો મેઘ, વિજળી અને ઇંદ્ર-ધનુ તેના કવિતાના ઉપાદાન છે. તેના નાચતાં છંદનો તરંગ તાલે તાલે ઉઠે છે, તાલે તાલે પડે છે, પણ માણુસના પ્રાણના ઉપરથી પદ્મપત્રના પાણીના પ્રમાણે ધીરે ધીરે ખશી જાય છે. આવી કવિતા મનુષ્ય મનમાં કોઇ સ્થાયી ભાવનો ઉદ્રેક કરી શકતો નથી. શ્રીહર્ષનું નૈષધચરિત્ર, જયદેવનું ગીતગોવિંદ આ જાતની કવિતાનાં પુસ્તકો છે. નાના નાના નરમ નરમ મીઠા મીઠા શબ્દ નાના પ્રકારના સુલલિત છંદમાં બાંધીને જુઇ તથા મોગ-રાના ફૂલની માળા ગૂંથ્યાથી જો કવિ થવાતું હોત, તો શેક્સપિયરના કરતાં ઘણાક ક્ષુદ્ર અંગ્રેજ કવિનું અને કાલિદાસના કરતાં ઘણાક ગુજરાતી કવિના યશ આ જગતમાં જય લાભ કરી શકત, પણ હૃદયની ભાષા પોતાની મેળે સહજ અને સાધારણના બોધ્યગમ્ય થાય છે. ખરો કવિ ભાષાની તપાસ કરતો નથી, પણ ભાષા પોતાની મેળે તેની કવિતાનું અનુસરણ કરે છે. સૌન્દર્ય, વૈચગ્ય, રસ અને છંદ ખરા કવિતાના સંસ્પર્શથી જીવન પ્રાપ્ત થાય છે, પણ એ બધા તેની જીવનની શક્તિના મૂળ હોતા નથી, જે જીવની શ-ક્તિનો પ્રાણ છે, કવિ હૃદય જે જ્વલંત ભાવોચ્છ્વાસમાં અનુપ્રાણિત છે, તે સ્વર્ગીય સુધા સ્વરૂપ મહાપદાર્થ છે. નિર્મળ અરુણ જ્યોતિ સ્પર્શથી પ્રભાતિક કાનનમાં મુકુલો જેમ ખીલે છે, તેમ આ વિજળીના કિરણ સંયોગથી ભાષા, છંદ, સૌન્દર્ય, રસ, વૈચિત્ર્ય ખીલે છે અને જે વાંચે છે અથવા સાંભળે છે, તેના પણ પ્રાણમાં તે ખીલે છે. ખરૂં કવિત્વ કોઇને તાબે હોતું નથી.

મન કોઇ એક વિશેષ ભાવને તાબે થયાથી એ વ્યક્ત કરવા જતાં કવિત્વ પ્રકાશ થાય છે. નીલ મેઘ, સુગભીર સમુદ્ર, ઉચ્ચા પહાડના શિ-ખર, તુષારમાળા, વિચિત્ર વન છે, પવિત્ર ચરિત્ર મહાત્માઓના હૃદય વિમો-હક ગુણ ગરિમા એમાંના દરેક વિષય મનમાં આવ્યાથી એક એક અપૂર્વ ભાવનો ઉદ્રેક કરે છે અને એ ભાવથી અતુલ આનંદ અનુભવ થાય છે. જ્યારે માણુસ પોતાના હૃદયના ભાવને ચિરસ્થાયી કરવા માટે ભાષાનો આશ્રય લે છે, ત્યારેજ કવિતાની પહેલી સૃષ્ટિ થાય છે, વિશેષ વિશેષ ભાવથી જે અપૂર્વ આનંદ પોતે અનુભવ્યો છે, બીજા પણ તેનો

રસાસ્વાદ કરે, એવી જ્યારે તેને હૃદયમાં ઇચ્છા બળવતી થાય છે; ત્યારે તે હૃદયના ઉછળતા ભાવ સ્વભાવતઃ પોતાના ઉપયોગી એવી ભાષા અવલંબન કરીને પ્રકાશ પામે છે કે, જે બીજાના હૃદયમાં સહેલાઇથી તે ભાવ ઉત્પન્ન થતાં પાછા જતા નથી. આ ઉદ્યમ તથા અભિલાષામાંજ વાગ્મિતાની પહેલાં ઉત્પત્તિ થઇ છે.

જે બહાર તથા અંતરના વિષયે આપણા હૃદયમાં અપૂર્વ ભાવનો ઉદ્રેગ કર્યો તે અજ્ઞાતસારે ચિત્રકરની ચાતુર્ય અવલંબીને હું તેને યથાયથ હૃદયથી ભાષામાં ચિત્રિત કરવામાં પ્રવૃત થયો. ચિત્રકર પોતાના ચિત્રમાં હૃદયમાંના સૌન્દર્ય તેવી રીતે જીવંત ભાવથી ચિત્રિત કરી શકતો નથી, જેમ ભાષાથી એ ચિત્રિત થાય છે. ચિત્રકરથી કવિનું એમાંજ મહત્વ છે. આ યથાયર્થ ચિત્રને આલંકારિકો સ્વભાવોક્તિ અલંકાર નામ આપે છે. એક જણાની મુખશ્રી જોઇને ઘણોજ વિમુગ્ધ થયો, હું તે ગાઢ વિમુગ્ધતા પ્રકાશ કરવામાં શું કહીશ ! બીજો કોઇ એક પદાર્થ જે મારી પાસે તેના જેવો મનોહર દેખાય છે, સ્વભાવતઃ હું તેની જોડે એની તુલના કરૈશું. અહા ! આ મુખ નિર્મળ ચંદ્રના જેવું છે, જ્યારે મોંથી આ વચન નીકળ્યું, ત્યારે ઉપમાની સૃષ્ટિ થઈ. ઉપમિત મુખના સૌન્દર્યથી મારૂં મન જેટલું વિમુગ્ધ થાય છે, હું તેને તેટલો આ હૃદયના વિષયની જોડે અભેદ કરી મુકુશું. એવું મુખ ચંદ્ર જોઇને મારા ચિત્તમાં અનુપમ આનંદ ઉછળે છે. આહા આ નિષ્કલંક ચંદ્ર મારા હૃદયમાં આનંદ વધારે છે. અહા ! મુખ નથી, એ તો નિષ્કલંક ચંદ્ર છે. આવા રૂપક અતિશયોક્તિ અપહ્નુતિ તરીકે પ્રખ્યાત છે. પણ ભાવનું વધારેપણું થયાથી આવા પદ ગોઠવવા એ અત્યુક્તિ નથી, અતિ સ્વભાવિક છે. ખરી રીતે જોતાં અલંકાર પણ એવા સ્વભાવતઃ ભાવનું વધારેપણું ઉત્પન્ન થઇને પછવાડેથી અલંકારની પંક્તિમાં સામેલ થઇ ગયા છે, એ અનાયાસે દેખાડી શકાય છે.

અલંકારિકો જેને ગુણ કહે છે, તે પણ સ્વાભાવાનુસારી છે. પ્રેમ અથવા શોકાદિથી ચિત્ત આર્દ્ર થાય છે અને તે વેળાએ સ્વભાવતઃ એવા બોલ આવે છે જેમ મધુર છે. એનેજ માધુર્ય ગુણ કહે છે. આવી રીતે ક્રોધ

ઉત્સાહ વગેરેથી મન ઘણુંજ ઉત્તેજિત થાય છે અને તે વેળાએ જે શબ્દ વાપરવામાં આવે છે, એ ઉત્કટ થઇ જાય છે. અલંકારિકો એને ઓજ્ગુણ કરે છે. અન્તરનો ભાવ જેટલો ઉજ્વલ હોય છે, તેટલો તેનો પ્રકાશ પણ ઉજ્વલ થાય છે અને સાંભળનારની પાસે તે અતિ સહજથી પ્રતીત થાય છે. આલંકારીકો એનેજ પ્રસાદ ગુણ કરે છે. વસ્તુતઃ વ્યાકરણ અને તર્કશાસ્ત્ર શાસ્ત્ર રૂપ આવવાની પહેલાં ભાષા અને યુક્તિ પ્રણાલી જેમ આએ આવે છે, તેમ અલંકાર શાસ્ત્રની ઉત્પત્તિ થવાની પહેલાં જે સ્વભાવત; ગુ-ણાલંકારાદિનો આરંભ થયો છે એ સ્વતઃ સિદ્ધ વાત છે.

બહારની પ્રકૃતિનું સૌન્દર્ય પહેલાં આપણા હૃદયમાં કવિત્વ શક્તિનો ઉદ્રેગ કરે છે. એ વાસ્તે આપણે મનુષ્યની પહેલી અવસ્થામાં જે બધી કવિતા જોઇએ છીએ, તે ઘણી ખરી પ્રકૃતિની શોભા લઇને વર્ણિત છે. પ્રદોષ, પ્રત્યુષ, ગિરિ, કાનન, ઝરા, ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર વગેરે પ્રકૃતિની અવ-સ્થામાં કોના હૃદયને વિસ્મયરસથી પ્લાવિત કરે ? સામાજિક ઉન્નતિની સાથે હૃદયની ઉન્નતિ થાય છે, અને તે વેળાએ પ્રેમ, વિસ્મય, ભય, ઉત્સાહ, શોક, ક્રોધ, જુગુપ્તપ્સા, હાસ્ય વગેરે હૃદયના ભાવ બહારની પ્રકૃતિના કરતાં ઘણા ચમત્કારજનક તરીકે જણાય છે. એ વખતે બહારની પ્રકૃતિ પૂર્વવત્ પ્રધાન રહેતા આ બધા હૃદયના ભાવ ઉદ્દીપક તરીકે પરિગૃહીત થાય છે. એ વખતે ખરા કાવ્યની રચનાનો આરંભ થાય છે.

કવિતાનો ઝરો ક્યાં છે ? કૈલાસમાં કે સિંધમાં, હિમાલયમાં ગંગાનો જન્મ છે, કવિતાનો જન્મ ક્યાં છે ? કવિતાનો જન્મ શબ્દ તથા ભાવમાં છે.

પક્ષી સુંદર ગાયન ગાય છે. તે ગાયન શું કવિતા છે ? તેમાં શબ્દ છે, ભાવ નથી. પક્ષીનો મોહન સ્વર આપણા ભાવની સાથે મેળવ્યાથી મુગ્ધ થઇએ છીએ. એ તો તેમ કરી શકતાં નથી, કાગડા અથવા કોકિલ તેના પાસે એક સરખા છે. પક્ષીનો ભાવ નથી, તે કહ્યું નહિ. પક્ષીમાં દયા, માયા, સ્નેહ મમતા, ભય. પ્રેમ છે.

પાણીમાં કે કમળમાં, આકાશ કે હવામાં ભાવ કયાં છે? તે ચંદ્રમાના પ્રકાશમાં, ઝાડની છાયામાં, પાંતરાંમાં, પક્ષીના ગાયનમાં, વેલમાં ભાવ કયાં છે ?

ભાવ તો ગાંડાના મનમાં છે, નહિતો કોણ ચંદનમાં ઝેર, આગમાં બરફ, જીવનમાં મરણ કલ્પેછે? તેની ઉપાધિ વાસના ધારે છે. તેથી નિર્વાણ સંભવે છે? અવિદ્યાના ગર્ભમાં ઉપાધિ વાસનાને ઉત્પાદન કરે છે. જ્યાં અવિદ્યાનો વિનાશ થાય છે, ત્યાં ઉપાધિ નિઃસંતાન છે.

ત્યારે શું બધા કવિયોછે? ભાવિક બધા છે ખરા, પણ કવિ સર્વે નથી. અંગ પ્રત્યંગ વિહીન છે, અણુસાર કીટાનુ સૂર્યના કિરણમાં રમે છે, આંખ કાન હીન લતિકા પ્રકાશની તરફ હાથ લંબાવે છે, રૂપ ભૂલાવવાને માટે, પતંગ વિભિન્ન વેશ ધારણ કરેછે. જેનું જીવન છે, તે ભાવિક છે; પરંતુ ભાવુક થઇને કવિ થતો નથી. કવિ જુએછે અને દેખાડે છે, સમજેછે અને સમજાવે છે, વિચાર કરેછે અને વિચાર કરાવે છે. જેને દેખાડવા ઇછેછે, તે કદાપી તે જોતો નથી, પોતાની દૃષ્ટિહીનતામાં છે, તે દોષ કવિનો નથી. તેને પોતાને જોવા તથા જોવાડવાનું સામર્થ્ય છે. ભાષા તેની વીણા છે, ભાષામાં તેની કારીગરી આંકીને તે મુગ્ધ કરી શકેછે ભાવુકનો ભાવ પ્રકાશ કરવાની શક્તિ રહેવાથી તે કવિ થાયછે.

ભાવ અને ભાષા એઓના બેઉમાં પરિવર્તન સાપેક્ષ છે. કેવળ જે અવસ્થાના પરિવર્તનમાં તેનું પરિવર્તન થાય છે તે નથી. સમયના પરિવર્તનમાં એઓનું રૂપાંતર થાય છે. એઓ પણ સજીવ છે, જન્મ જરા મૃત્યુના તાબે છે. કવિને એ ફેરફારના ઉપર લક્ષ રાખવું પડે છે, નહિ તો પ્રભાતમાં પુરવી ગાઇને તેને લજ્જા મેલવી પડે છે.

આગળ કહી ગયા છીએ કે બધા ભાવીક છે, ત્યારે શું અનુભાવકતા શક્તિ તથા પ્રકાશ ક્ષમતા રહ્યાથી કવિ થઇ શકાય છે. કવિનો મનોહર ભાવ છે, ઉત્સવનો મત છે. કદી પર્વત, કદી પલ્લવ ભેદ કરે છે. સ્વભાવ કવિનું પ્રકૃષ્ટ લક્ષણ દૂરદર્શિતા છે. એને ઉદ્ભાવના કહી શકાય છે. જે મુનિને ધ્યાન ધારણથી સંગ્રહ કરવું પડે છે, જે આપણી ઘણી કેળવણીનું ફળ છે, જે દર્શન વિજ્ઞાન મંથન કરીને હું મેળવી શકતો નથી, અશિક્ષિત ગ્રામ્ય કવિને તે કરતલસ્થ આમલકવત્ છે.

કવિ અને ચિત્રકાર.

સુખ મેળવવું એજ મનુષ્ય જીવનનો સર્વથી મોટો ઉદ્દેશ છે. જેમ તરસ્યો મૃગ મરૂ ભૂમિમાં મરીચિકાથી ઠગાઇને વ્યાકુલ હૃદયથી ચો તરફ પાણીની શોધ કરતો ફરેછે, તેમ આ સંસાર મરૂભૂમિમાં પણ આશા મરીચિકાથી ઠગાઇને વ્યાકુલ હૃદયથી મનુષ્ય સર્વદા સુખની શોધ કરતો ફરેછે. પરન્તુ તે સુખ ક્યાં છે ? માથા ઉપરનું આશમાની નિસ્તબ્ધ આકાશે ગર્જીને પ્રતિધ્વનિ કર્યો કે સુખ ક્યાં છે ? આના સિવાય બીજો કંઇ ઉત્તર મળ્યો નહિ. અડધી રાતે એક ધનવાન પોતાની સુંદર હવેલીમાં પલંગ ઉપર તરફડીયાં મારેછે તેની પાસે અસંખ્ય દાસ દાસીઓ સેવામાં લાગેલાં છે. તો પણ ઉંઘ આવતી નથી. તે નિરાશ થઇને ખેદથી તથા દુઃખથી કરૂણ સ્વરથી કહેવા લાગ્યો, "હાય, આટલું બધું ધન અને ઐશ્વર્ય હોવા છતાં મારા મનમાં કેમ સુખ નથી ?" બીજી તરફ તે વેળાએ તેનાથી થોડે છેટે એક નાના ઝુંપડામાં ગરીબ ખેડુત ભીની ભોંય ઉપર બેસીને પોતાની અડધી ઊંઘેલી સ્ત્રીને સંબોધીને કહે છે, "ખાતું અથવા ન ખાવું, મારા મનમાં સુખ છે." "મારા મનમાં સુખ નથી" અથવા "હું સુખી છું." આવાં વાક્ય આપણે દરરોજ સાંભળીએ છીએ. એના ઉપરથી શું જણાતું નથી કે દરેક માણસનું સુખ તેના પોતાના મનમાં રહેલું છે ? જો કે મનની જોડે સુખનો આવો ગાઢો સંબંધ છે, તો જ્યાં આપણું મન મુક્ત અને સ્વતંત્ર રાખી શકીએ તે આપણું સુખનું સ્થાન થાય છે. પરન્તુ તે સુખનું સ્થાન ક્યાં છે ? આ પૃથ્વીમાં એવી જગા ક્યાં છે કે જેથી, આપણું મન ખેંચાઇને તેની જોડે મળીને તન્મય થઇ જાય; આપણે દુનિયાના તમામ કષ્ટ વિસરી જઇએ ? અમે તેના જવાબમાં કહીશું કે, તે જગા ફક્ત સૌન્દર્ય રાજ્યમાં છે.

પણ ઇશ્વરના સરજેલા અનન્ત સૌન્દર્ય રાજ્યમાં સઘળા મનુષ્યો કેમ સુખી થતા નથી ? તેનું કારણ એ છે કે સર્વને તે સૌન્દર્યનું દર્શન થતું નથી.

નને માટે આપણને દર્શકની જરૂર છે. સૌન્દર્યનું દર્શન જેના ભાગ્યમાં થયું છે, તેઓને દર્શક કરવા જોઇએ. આ સંસારમાં તેઓની બે જાત છે. એક કવિ અને બીજી ચિત્રકારની. એઓમાં ભેદ શેનો છે? અને દરેકની આગળ આપણે કેટલા કર્જદાર છીએ, તે સ્પષ્ટ દેખાડવા માટે અહિં તેનું વર્ણન કરીએ છીએ.

પહેલાં જાણવું જોઇએ કે આપણે સાધારણ આંખથી કોઇ વસ્તુને જેવી રીતે જોઇએ છીએ, તેવી રીતે કવિઓ જોતા નથી. સવારના પહોરમાં આપણે તળાવમાં કમળો એક એકના પછી બંધ થતાં જોઇએ છીએ, કિનારા ઉપરનાં ઝાડ ઉપર નાના પ્રકારના પક્ષીઓને, નાના પ્રકારના સ્વરથી ગડબડ મચાવતાં જોઇએ છીએ, પાંતરા ઉપરથી ઓસનાં ટીપાં ટપકે છે, તે આપણે જોઇએ છીએ. પરન્તુ તે ઠેકાણે તે વેળાએ એક કવિ જુદાઇને જુએ છે,—

निशातुषारैनयन म्बुकल्पैः पत्रान्तपर्यांगलदश्रुबिंदुः ।
उपारुरोहवनदन्नपतंगःकुमुद्वतीतीरतरुर्दिनांदौ ॥

આના ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે કવિની આંખ સાધારણ આંખ કરતાં એક જાતની નવી સામગ્રીથી બનેલી છે. પરન્તુ એક ચિતારાની આંખ બીજા વિષયમાં તે અસાધારણ શક્તિ ધરાવતો હોય તે સાધારણ આંખથી જૂદી હોતી નથી. કવિની પેઠે તે મીંચાયલા કમળમાં વિરહનું દુઃખ જોતો નથી. પાતરાંને આંખ સમજીને ઓસના ટીપાંને આંસુ ધારવામાં પણ તેની શક્તિ હોતી નથી.

કવિ સર્વે શિક્ષણનો ગુરૂ છે, કવિ જનમંડળનો સર્વથી મોટામાં મોટો સુધારો કરનારો છે. ધર્મોપદેશક આપને તીવ્રસ્વરથી ઉપદેશ આપે છે કે "પાપ કર્મ કરશો ના" કવિ તે માર્ગને પકડીને શિક્ષણ આપતો નથી, તે કોઇને પાપ કર્મ કરવાને કહેતો નથી. અથવા કોઇને પણ તે કર્મ કરવાને રોકતો નથી, પરન્તુ કૌશળથી એક પાપનું મોટું ચિત્ર આણીને સર્વની સામે ખડું કરે છે. તે ચિત્ર જે જુએ છે તે પાપનું ઝેરી ફળનું પરિણામ

જોઇને ભયથી ત્રાસ પામીને જલદીથી નાશી જાય છે. આ પાપી પૃથ્વીમાં ધર્મોપદેશકના શિક્ષણથી કેટલા માણસોએ પાપ કર્મ છોડયાં છે ? પરન્તુ કવિનો કેવો સુંદર ઉપદેશ છે ! કેવી કૌશળમયી શિક્ષા છે ! એમાં ધર્મોપદેશકની તીવ્રતા નથી–કઠોરતા નથી, મોહ પમાડે, પ્રતિદાયક, વગર હરકતે મળે, તોપણ ઉપદેશના કરતાં વધારે ફલદાયક થાય છે. ચિત્રકારની આગળથી પણ આપણે ઘણું શિક્ષણ મેળવીએ છીએ. સરોજિની નાટક નામના બંગાળીના નાટકના છેલ્લા અંકનું એક ચિત્ર કલકત્તાની આર્ટસ્કુલમાં નીકળ્યું છે, તેના ઉપરથી યુરોપમાં તૈયાર થઇને મુંબઇના બજારમાં વેચાય છે. તે ચિત્રમાં ચંદનની સજેલી ચિતા બળે છે, જુલ્મી અલાઉદીન સતીત્વ નાશ કરવામાં તૈયાર થયલો જોઇને મદદ વગરની ક્ષત્રિયકુલ બાળા સરોજિની બળતી ચિતામાં કુદે છે, અને ચિતાની ગગન સ્પર્શી શિખા જાણે તેને તરત સ્વર્ગમાં લઇ જવાને તૈયાર થઈ હોય એ પ્રમાણે દેખાય છે. એ ઘણુંજ સુન્દર ચિત્ર છે. રૂવાટાં ઉભા થાય એવું ચિત્ર જોવાથી ઘોર નારકી પણ સતીત્વના સ્વર્ગીય મહિમામાં સ્તબ્ધ થયા સિવાય રહી શકશે નહિ. તે ઘણું મનોહર છે તેનું કારણ શું ? જેમ કવિ બહારની આકૃતિ અને અન્તરની મનોવૃત્તિ એક સરખી રીતે ચિતારવામાં શક્તિમાન હોય છે, તેમ ચિત્રકાર નિપુણ હોતો નથી. મહાકવિ શેક્સપિયરે ડનકયાનની હત્યાની વેળાએ મ્યાકબેથનું પાપી ચિત્ર દેખાડયું છે, તે એક સુનિપુણ ચિત્રકાર સેંકડો પીંછી રગડયાથી પણ તેની તે વેળાની મનોવૃત્તિયો તેટલી સુન્દર ચિતારવામાં સમર્થ થશે નહિ.

એક ચિત્ર પાડવું હોય, તો કવિ અને ચિત્રકારને પહેલા તે ચિત્ર એવી રીતે મનમાં ઉતારવું પડેછે કે તે જાણે ખરેખરૂં હોયને, પરન્તુ બેઉ ચિત્રમાં ફેર શો છે? મહાકવિ કાલિદાસે ઇન્દ્રની સાથે રઘુના યુદ્ધની વેળાએ રઘુને કેવો સુન્દર રૂપથી ચિતાર્યો છે—

ससरामकल्लामघघन्नमुन्मुच्च:करिष्यमाण:शशासरासरनमग-तिष्ठरामीढविशेषशोविनावपुन्नकर्षणाच्चिर्डाम्वतेश्वर:

ડાબો પગ આકુંચિત અને જમણો પગ આગળ કરીને ચિત્રપટમાં ચિતારવું પડે, તો તેને કેટલો યત્ન કેટલા પરિશ્રમ અને ઉપકરણ તૈયાર કરવા પડે. પણ કવિની કેવી આશ્ચર્યકારક શક્તિછે? તેણે એ ત્રણ લીટીમાં પૂરૂં કર્યુંછે. ઇટાલીના ચિત્રકાર રાફેલ જગતમાં પ્રખ્યાત આદમ અને ઇવનું ચિત્ર ચિતરીને પૃથ્વીમાં અદ્વિતીય ચિત્રકાર તરીકે પ્રખ્યાત થયો છે. કવિવર મલ્ટને પોતાના પેરેડાઇસ લાસ્ટમાં તે ચિત્ર કેટલું સહેલાઇથી કેટલા થોડા કાળમાં ચિતાર્યું છે! પરન્તુ ચિત્રકારના ચિત્રની પેઠે કવિનું ચિત્ર આપણે સાધારણ આંખથી જોઇ શકતા નથી, તે આપણે માનસચક્ષે જોતા પામીએ છીએ. વાસ્તેજ કવિનું ચિત્ર ચિત્રકારના ચિત્રની પેઠે જેટલું જોઇએ તેટલું પહેલાં ઉજ્વલ જણાતું નથી. ચિત્રકારનું ચિત્ર આપણી સામે હોવાથી જ આપણે જોઈ શકીએ છીએ, પરન્તુ કવિનું ચિત્ર આપણને વિચાર કરીને જાણવું પડેછે.

અમે પહેલાં સૌન્દર્યના વિષય ઉપર લખ્યું હતું કે સૌન્દર્યના બે પ્રકાર છે. વસ્તુને અંગે રહેલું અને અવસ્થાને અંગે રહેલું. વસ્તુના અંગે રહેલા સૌન્દર્યમાં વસ્તુની આકૃતિ અને રંગ વગેરે રહેલા હોય છે. વસ્તુગત સૌન્દર્ય આર્ટ ગ્યાલેરી અથવા તેના જેવી કોઇ ચિત્રશાળામાં ચિત્રો આંકેલાં જોયાથી જેટલી કવિના ચિત્રથી થઈ શકતી નથી. નાટકશાળામાં નાટક જોવા ગયાથી કેટલાક એવા પડદા જોઇને આપણને ભૂલાવો ખવાડે છે કે, જાણે ખરેખર આ સર્વ વસ્તુઓ આપણે આપણી સામે જોતા હોઇએ તે પ્રમાણે ભાસેછે.

ચિત્રકાર જેટલું પોતાના ચિત્રમાં સૃષ્ટિનું અનુકરણ કરવામાં સમર્થ થાય છે. તેટલું તેનું ચિત્ર ઉત્તમ થાય છે. અનુકરણ જ ચિત્રકારનો સર્વથી મોટો મદદગાર હોય છે. તે પોતાની મેળે કંઈ પણ ઉત્પન્ન કરી શકતો નથી, તેથી તેના દરેક ચિત્રને એક એક આદર્શ જરૂરનો હોય છે કવિ ઘણી વખતે સૃષ્ટિનું અનુકરણ કરે છે ખરો, પરન્તુ તે અનુકરણ કરવાનો ઉદ્દેશ હોતો નથી. સરખાપણાનું સૌન્દર્ય સૃષ્ટિને માટે છે. કવિ કેવળ અનુકરણ કરીને જ ચૂપ બેસતો નથી; તે પોતાની કલ્પના શક્તિથી સૃષ્ટિની

વસ્તુઓ લઇને નવી સૃષ્ટિ ઉપજાવે છે. તેથી અમે કાવ્યોને અનુકરણ સંજ્ઞા આપી શકતા નથી. જેમ સૃષ્ટિ એક જાતની સૃષ્ટિ છે, તેમ કાવ્ય બીજી જાતની સૃષ્ટિ છે. જે કવિના કાવ્યમાં કંઇ પણ નવું નથી, કેવળ અનુકરણ માત્ર છે તેને અમે ખરો કવિ ગણી શકતા નથી. હાલ ગુજરાતમાં ઘણા નવા કવિ નવું સૌન્દર્ય કંઇ પણ દેખાડી શકતા નથી, તેઓ જ્યારે પ્રભાત અથવા સંધ્યાનું વર્ણન કરવા બેશે છે ત્યારે કુમુદિની અને કમલિનીના વિરહથી રોઇને વ્યાકુલ થાય છે. આવી રીતે તેઓએ વિરહિની કુમુદિની અને કમલિનીને દુઃખિ કરી મૂકે છે. અમે આવું વર્ણન સેંકડો વાર વાચ્યું છે, એમાં કાંઇ નવું નથી; તેથી અમે આવા લખનારાએને કવિ કહી શકતા નથી. આપણા દેશમાં ખરાબ નાટક લખનારાઓ પોતાના નાટકમાં પ્રાણનાથ, પ્રિયા, હાય હાય ઇત્યાદિ લખીને અમને કંટાળો આપે છે. અમે સોગન ખાઇને કહી શકીએ છીએ કે, એ સર્વે વર્ણનમાં કંઇ પણ નવું હોતું નથી. એઓના ખેદ અને દુઃખનાં વાક્યો સાંભળીને તથા વાંચીને અમને હસવું આવે છે. પરન્તુ ચિત્રકારનું ચિત્ર જો સારૂં નહિ હોય અને તેમાં નૂતનત્વ નહિ હોય, તો પણ અમે તેનું ચિત્ર જોઇને મોહિત થઇએ છીએ. તેનું કારણ એ છે કે તે ચિત્રમાં સરખાપણાનું સૌન્દર્ય હોય છે,

અવસ્થાને અંગે રહેલાં સૌન્દર્યમાં કવિની કલ્પનાનું સૌન્દર્ય જ શ્રેષ્ઠ છે. પૃથ્વીમાં જે સૌન્દર્ય આપણે ઘણું કરીને જોતા નથી, પરન્તુ જેટલા સંભવે છે તે જોવાની ઇચ્છા કવિ પણ જોઇને મોહિત થાય છે. કવિ પોતાની કલ્પનાના પ્રભાવથી આપણને તે સૌન્દર્ય દેખાડે છે. વાલ્મીકિની સીતા, પુરાણનો હરિશ્ચન્દ્ર, શેક્સપિયરની ડેસડિમોના અને લિયર, આ સર્વ સૌન્દર્યની સૃષ્ટિ છે. સીતાની અને ડેસડિમોનાની પ્રીતિ એટલી તો પવિત્ર હતી કે દુરાવસ્થા, દુઃખ, વિરહ, લાલચ, અપવાદ અને પ્રાણનાશમાં પણ તે અચલ રહી હતી, કોઇપણ રીતે ફરક પડ્યો નહોતો. આપણે પ્રેમનું સુન્દર ચિત્ર જોવા ઇચ્છીએ છીએ અને જોયાથી મુગ્ધ થઇએ છીએ અને તેથી આપણું હૃદય આહ્લાદથી નાચે છે. પરન્તુ સીતા અને ડેસડિમોનાની પેઠે સુન્દર પુષ્પો કવિના કાવ્યના બાગના સિવાય પૃથ્વીમાં આપણે

ધણા જોતા નથી. હરિશ્ચન્દ્ર અને લિયર પારકાની ઇચ્છા પૂર્ણ કરવા માટે સર્વ ત્યાગી થયા. આ ચિત્ર પણ અતિ સુન્દર છે; પરન્તુ પૃથ્વીમાં આવા ચિત્રના માણસો કેટલાં જોવામાં આવેછે ? કવિ આવાં ચિત્ર ચિતરીને જનમંડળને નવી નીતિનું શિક્ષણ આપે છે. ચિત્રકાર પોતાના ચિત્રો પડદા ઉપર ચિતરે છે, પરન્તુ તેને કાંઇ કવિના ચિત્રનો આદર્શ કરીને કરવું પડેછે, નહિતો તેના ચિત્રનું સૌન્દર્ય કોઈ અનુભવી શકતું નથી. તેનામાં કલ્પનાની શક્તિ હોતી નથી, તેથી તે અનુકરણ સિવાય કોઇ ચિત્ર ચિતરી શકતો નથી.

કવિ વળી પોતાની કલ્પના પ્રભાવથી અસંભવિત સૌન્દર્યની પણ ઉત્પત્તિ કરી શકે છે. તે સૌન્દર્ય આપણે કવિની કલ્પના સિવાય બીજે કંઈ પણ જોતા નથી. વ્યાસ અને વાલ્મીકિના દેવતા, અપ્સરા, ગંધર્વ વગેરે; હોમરના ઝાસ્પિસ અને શેક્સપિયરના એરિલ અસંભવિત સૌન્દર્યનાં દૃષ્ટાંત છે. તે સર્વ સૌન્દર્ય સૃષ્ટિની બહાર હોવા છતાં પણ કવિ પોતાની કલ્પનાના પ્રભાવથી આપણને દેખાડે છે. એઓની એવી તો મોહિની શક્તિ હોય છે કે, સહેલાઇથી આપણું મન ખેંચે છે. આપણે થોડો વખત આ લોક છોડીને અસંભવિત સૌન્દર્યવાળા ન જોયલા એક નવા લોકમાં ફરીને વિસ્મિત થઇએ છીએ. સૃષ્ટિની વસ્તુથી રચિત હોવા છતાં પણ એને સ્વતંત્ર સૃષ્ટિ તરીકે માનવી પડે છે.

જે કવિના કાવ્યમાં આવું સૌન્દર્ય હોતું નથી, તેને અમે શ્રેષ્ઠ કવિ ગણી શકતા નથી. કવિવર મિલ્ટને પોતાના પ્રખ્યાત પારેડાઇસ લાસ્ટ કાવ્યમાં આવું અસંભવ સૌન્દર્ય ભરપૂર કરી મૂક્યું છે. તેથી તે આજ હોમર અને વરજીલની જોડે એક આસન ઉપર બેઠો છે. આ સૌન્દર્ય છે તેથીજ હોમરનું ઇલિડ, મિલ્ટનનું પારેડાઇસ લૉસ્ટ, વ્યાસનું મહાભારત અને વાલ્મીકિનું રામાયણ આજે મહાકાવ્ય તરીકે માન પામેછે. આપણે જ્યારે દેવતા, અસુર અને રાક્ષસોના અમાનુષિક શક્તિના વિષય વાંચીએ છીએ, ત્યારે આપણે આખે શરીરે રૂવાટાં ઉભાં થાયછે, આપણે આશ્ચર્યથી સ્તંભિત થઈ જઇએ છીએ. પરન્તુ એક ચિત્રકારને આવું અસંભવિત સૌન્દર્ય દેખાડવું હોય, તો તેને કોઈ કવિની મદદ લેવી પડેછે, નહિ તો તેનું સૌન્દ-

યં કોઇ જાણી શકતું નથી,

આ પૃથ્વી પાપ અને પુણ્યની આવાસ ભૂમિ છે. દરેક દેશમાં, દરેક નગરમાં, દરેક ગામમાં અને દરેક ઘરમાં પાપ તથા પુણ્ય એકત્ર વિરાજે છે પુષ્કળ કવિઓ એવા હોય છે કે, તેઓ કોઇ વેળાએ પુણ્યની શાન્ત મૂર્ત્તિ દેખાડેછે, પરન્તુ જે કવિ પાપ અને પુણ્ય એક રંગભૂમિપર આણીને પુણ્યની ઉત્કૃષ્ટતા દેખાડી શકેછે, તેજ ખરા કવિના નામને યોગ્ય થાયછે. પાપ અને પુણ્યની શાંન્તિ, ઉજ્વલ પવિત્ર મૂર્ત્તિ સારી પેઠે જોઇ શકીએ છીએ. જે કવિ પોતાના કાવ્યમાં આ બન્ને ચિત્ર ચિતરેછે, તેજ પાપ પુણ્યથી કેટલું હલકુછે તે દેખાડવાનું કૌશળ જાણેછે. કવિએ ધર્મપુત્ર યુધિષ્ઠિરની આગળ પાપમતિ દુર્યોધનને લાવીને કેવા સુકૌશળથી યુધિષ્ટિરનું ચરિત્ર વધારે ઉજ્વલ રંગથી ચિતરેલું છે. પ્રશાન્ત મૂર્તિ રામચંદ્રના ચિત્રની આગળ ઘોર નારકી રાવણનું ચિત્ર આંકીને કેવા સુન્દરરૂપથી પહેલા ચિત્રની ચઢિયાતી દેખાડીછે, ખ્રીસ્ટ પરાયણ ધાર્મિક એન્ટોનિયોના ચિત્રથી કેટલું નીચે રહેલું છે તે આપણે સહેલાઇથી જાણી શકીએ છીએ. કવિ આપણને આ સર્વ ચિત્રોથી દેખાડે છે કે ધર્મનો સર્વત્ર જય થાયછે, આ ઉત્કૃષ્ટ નીતિ શીખવે છે, એનાથી આપણી સર્વ મનોવૃત્તિની ચાલના થઈ શકેછે, આ સર્વ વર્ણન વાંચતાં કોઇ વેળાએ ક્રોધથી આપણું સર્વ શરીર થરથર ધ્રુજે છે, કોઇ વેળાએ આપણે સહાનુભૂતિથી પીગળી જઇએ છીએ, વળી કોઈ વેળાએ કવિના આશ્ચર્યકારક કૌશલ્યથી આનન્દ પામીએ છીએ. અને તેથી હૃદય નાચે છે તથા મનમાં કવિને હજારો ધન્યવાદ આપીએ છીએ.

ચિત્રકાર પણ ચિત્ર પાડીને આપણને રડાવી તથા હસાવી શકે છે, તેની આગળથી પણ આપણે ઘણીક નીતિ શીખીએ છીએ. તે જો સુનિપુણ હોય, તો તેના ચિત્રથી આપણી સઘળી મનોવૃતિયોની ચાલના થઇ શકે છે. હવે જોવું જોઇએ કે જનમંડળ કોની આગળ વધારે કર્જદાર છે. રાફેલ જેવો ચિતારો જો પૃથ્વીમાં નહિ જન્મ્યો હોત, તો જનમંડળને શી હાનિ થાત તે અમે જાણી શકતા નથી, પરન્તુ વાલ્મીકિ, વ્યાસ, હોમર, વર્જલ, શેકસપિયર, કાલિદાસના જેવા કવિયો જન્મ્યા નહિ હોત તો જનમંડળ

અજ્ઞાનાંધકારથી ઘેરાત તે અમે સ્પષ્ટ કબૂલ કરીએ છીએ, ઇંગ્લંડના જેવા ઉત્કૃષ્ટ ચિત્રકારની જન્મભુમિ નહિ હોવા છતાં શેક્સપિયર, મિલ્ટન વગેરે પ્રખ્યાત કવિની જન્મભૂમિ છે તેથી આ જગતમાં અતુલનીય છે. ઇટાલિમાં અને પૃથ્વીના સર્વ સ્થાનમાં રાફેલના કરતાં વર્જિલાનો આદર વધારે છે.

ચિત્રકારનું ચિત્ર જગતમાં અતુલનીય હોય, તોપણ તે ચિરસ્થાયી રહેતું નથી. ચિત્ર કીડા ખાય છે, રંગ ઉડી જાય છે, તે સમયને અધીન છે. થોડા કાળ પછી તેનું ચિહ્ન પણ રહેતું નથી. ચિત્રકારના યશની સુગંધ સેંકડો વર્ષ સુધી રહી શકે છે, પરન્તુ તેનો ચિત્રરૂપ કીર્ત્તિસ્તંભ કેટલા વર્ષો રહે છે? કવિનું હમેશાંને માટે હૃદયના પોપડામાં ચિત્રેલું રહે છે. હમણા છાપખાનાની મદદથી કાવ્યરૂપ અનન્ત કાલ સુધી રહે છે. કાલ ગમે એટલો પરિશ્રમ કરે, તોપણ તેની કોઇ રીતની હાનિ કરી શકશે નહિ.

સાહિત્યની ઉન્નતિ નહિ થયાથી જાતીય ઉન્નતિ થઇ શકતી નથી. જે જાતિ જેટલી સાહિત્યની ઉન્નતિ કરશે તે જાતિ પૃથ્વીમાં તેટલી સન્માનનીત થશે. ઇંગ્લંડનો સાહિત્ય ભંડાર તેની ઉન્નતિનો સર્વથી મોટો મદદગાર છે. ગુજરાતી સાહિત્યના ભંડાર નાના પ્રકારના રત્નથી જડેલા ઉજ્વલ નથી. હૃદયમાંજ વિલીન થઇ ગઇ હશે, જગત્ તેનું કંઇ પણ જાણવા પામ્યું નથી. કુદરતની લીલા ભૂમિ ભરતખંડ છે તેથી આજ અસંખ્ય કવિની જન્મ ભૂમિ થઇ રહેલી છે. આજ સુધી પૃથ્વીમાં બીજા દેશમાં જેટલા કવિઓ ઉત્પન્ન થયા છે તેના કરતાં ભારતના કવિઓ કોઇપણ ભાગમાં ઓછા નથી.

પ્રકૃતિની શોભા કવિના આદરનું ધન છે. તે પ્રાકૃતિક સૌન્દર્ય જોવાથી મોહિત થાય છે, અને તેનું ચિત્ર અંકિત કરીને જગતને પણ મોહિત કરે છે. કુદરતી સૌન્દર્યમય દેશજ તેઓની જન્મભૂમિ છે. બરફથી ઢંકાયલા લ્યાપલાંડ દેશમાં તથા આફ્રિકાના રેતીના મેદાનમાં કેટલા કવિઓ જન્મ્યા છે? ખરૂં છે કે, ત્યાં કેટલાક કવિ પ્રકૃતિના માણસો જન્મ્યા હશે, પરન્તુ ત્યાં કુદરતનું સૌન્દર્ય નહિ હોવાને લીધે કોણ તેઓની તે પ્રતિભાને ઉત્તેજિત કરી શકે? તેઓની કવિત્વ શક્તિ તેઓના હૃદયમાંજ વિલીન થઇ ગઇ હશે,

જગત્ તેનું કંઈ પણ જાણવા પામ્યું નથી. કુદરતની લીલા ભૂમિ ભરતખંડ છે તેથી આજ અસંખ્ય કવિની જન્મ ભૂમિ થઇ રહેલી છે. આજ સુધી પૃથ્વીમાં બીજા દેશમાં જેટલા કવિઓ ઉત્પન્ન થયા છે તેના કરતાં ભારતના કવિઓ કોઇપણ ભાગમાં ઓછા નથી.

આ જગાએ કવિના વિષય જે કંઇ લખવામાં આવ્યું છે તેવુંજ ચિત્રકારના વિષયમાં છે. તેઓ પણ કવિની પેઠે કુદરતને ચહાવાવાળા છે. પરન્તુ જે ભારતવર્ષ વાલ્મીકિ, વેદવ્યાસ, કાલિદાસ, ભવભૂતિ, માઘ, ભારવી, શ્રીહર્ષ વગેરે અસંખ્ય કવિનું જન્મસ્થાન છે તે ભારતવર્ષમાં તેવો સુનિપુણ ચિત્રકાર એક પણ જન્મ્યો નથી એનું કારણ શું છે? આ કૂટ પ્રશ્નનો ઉત્તર અમને કોણ આપશે? અમારી ક્ષુદ્ર બુદ્ધિથી જેટલું સમજાય છે તેના ઉપરથી જણાય છે કે, ભારતવર્ષીઓના હૃદયની ગંભીરતા અને ભાવિકતાજ તેનું મોટામાં મોટું કારણ હોવું જોઇએ. ભરતખંડના જેવી ગંભીર વિચારવાન જાતિ પૃથ્વીના કોઇપણ ભાગમાં ઘણીજ થોડી જોવામાં આવે છે.

ચિત્ર પાડનારના કરતાં કવિનું હૃદય કંઇક ઊંડું હોવું જોઇએ, કલ્પનાની સૃષ્ટિ નાના હૃદયમાં ધારણ કરી શકાતી નથી. ચિત્રકારના કરતાં કવિની ભાવુકતા વધારે હોવી જોઇએ, જેમ ચિત્રકાર રંગની મદદ મેળવે છે, તેમ કવિ કોઇની પણ મદદ મેળવતો નથી. ભારતવર્ષે ઘણા કાલથી જેવી સાહિત્યની ઉન્નતિ કરી છે તેવી ચિત્રના જેવી બીજી કારીગરીના કામમાં જેટલી જોઇએ તેટલી ઉન્નતિ કરી નથી પરન્તુ ભરતખંડમાં એક પણ ચિત્રકાર જન્મ્યો નથી એ અમે કદિપણ માનીશું નહિ. ભાસ્કરાચાર્ય એક કુશલ ચિત્રકાર હતો. સીતા, રત્નાવલી, માલતી વગેરે સ્ત્રીઓ પણ ઘણીજ ઉત્તમ ચિત્રો પાડી શકતી હતી. પુસ્તક હસ્તલિખિત હોવા છતાં પણ સંભાળથી રાખ્યાથી વધારે દિવસ સુધી રહી શકે છે; પરન્તુ ચિત્ર બહાર રાખવું પડે છે, તેથી કેટલાક દિવસમાં તે ખરાબ થવાનો સંભવ છે. એક પુસ્તક જીર્ણ થયાથી તે જોઇને બીજું લખાઈ શકાય છે, પરન્તુ એક ચિત્ર જીર્ણ થવાથી તે જોઇને તેના જેવું બીજું એક ચિત્ર પાડવું એ કંઈ સહેલું કામ નથી

એટલા માટે એ પણ અસંભવિત નથી કે, પુરાકાલે ચિત્રની સાથે ચિત્રકારનું નામ સુદ્ધાં પણ લોપ થયું છે.

આગળ સૌન્દર્ય વિષે લખી ગયા છીએ કે, તે ગમે તો ગદ્યમાં હો કે પદ્યમાં હો, એકત્ર સમાવેશિત થયાથી અમે તેને કાવ્ય કહીને માનીશું. પુષ્કળ માણસોનો વિશ્વાસ છે કે, કાવ્ય ગદ્યમાં રચાઈ શકાતું નથી. એ વિશ્વાસ ભૂલ ભરેલો છે. કાવ્ય સૌન્દર્યનો ભંડાર છે. તેની જોડે છંદનો તથા યતિનો કંઇ સંબંધ નથી. જો કોઇ સૌન્દર્યમય ગ્રંથ વાંચીને આપણે મોહિત થઇએ, તો તે ગદ્યમાં લખેલા હોય તો પણ તે કાવ્ય છે, અને સૌન્દર્ય વિનાનો અસાર ગ્રંથ પદ્યમાં લખેલો હોય, તોપણ તે કાવ્ય નામને યોગ્ય થઈ શકતો નથી. કાદંબરી ગદ્યમાં લખેલી છે, તે છતાં તે કાવ્ય તરીકે આદર પામેલી છે. આજ કાલ ગુજરાતી કવિયો ઘણાક પદ્ય લખીને ગ્રન્થ પ્રગટ કરે છે, તેઓમાંથી કેટલા કાવ્ય નામને લાયક છે તે કહેવાઇ શકાતુ નથી. અમે ટૂંકામાં ખરો કવિ કોને કહેવો જોઇએ તે એક રીતે દેખાડયું છે; ચિત્રકારના સંબંધમાં પણ એ કહેવું ઘણુંજ થશે કે, ચિત્રકાર જેટલું કુદરતનું યથાર્થ અનુકરણ કરવામાં સમર્થ થાય છે તેટલું તેનું ચિત્ર ઉત્કૃષ્ટ થશે અને તેટલો તે એક હોંશિયાર ચિત્રકાર તરીકે પ્રખ્યાત થશે.

આગળ લખી ગયા છીએ કે એક જનમંડળને સુધારનારો છે. કવિ અને ચિત્રકારમાં તફાવત શો છે? અમે કવિને ઉચ્ચાસન ઉપર બેસાડવાને અભિલાષી છીએ. કારણ જનમંડળને સુધારનારાની યુક્તિ અખંડનીય હોવા છતાં તે સાધારણ લોકો જાણી શકતા નથી. વખતો વખતે સાધારણ લોકોના વિરાગને પાત્ર થઇ પડે છે. પરન્તુ કવિ તેવી યુક્તિથી જનમંડળને સુધારવાનો યત્ન કરતો નથી, તેનો સુધારો ઘણોજ હૃદયને પસંદ પડતો, પ્રીતિવાળો અને મર્મસ્પર્શી થાય છે.

કવિ અને સાધના.

કાલિદાસ, ભવભુતિ, શેક્સપિયર, મિલ્ટન, હોમર અને વાલ્મિકી કવિ શામાટે છે? અને તમે, અમે, રામ શ્યામ કવિ શામાટે નથી? પૃથ્વીના કરોડો માણસોમાં આંગળીના ટેરવામાં ગણાવવા લાયક કેટલાક માણસોજ કવિ આ દેવદુર્લભ સ્વર્ગીય નામથી ભૂષિત શામાટે થયા? અને બધું જનમંડળ તે અમૃતથી વંચિત થવાનું કારણ શું છે? હૃદય લઇને જેઓ રહે છે—કવિનું એક ચિત્ત જેઓની આંખમાં એકવાર માત્ર પ્રતિફલિત થયું છે. તેઓ આ સવાલનો ફેંસલો કરવાને લાયક છે. કવિ અને કવિતાના વિષયમાં કવિતા કોને કહે છે કવિ કોણ છે. તે સમજાવવાનો કંઇક યત્ન કર્યો છે. પણ કવિતા સાધનને આધારે છે કે, નહિ તે વિશે કંઇ કહેવામાં આવ્યું નથી. તેથી કવિ ક્રિયા ગુણથી કવિ છે, અને જનમંડળ, શામાટે આ સમુચ્ચ આખ્યા મેળવવાને અનધિકારી છે, તેનું કારણ દેખાડવામાં આવ્યું નથી તેથી અહિં તેનું કંઇક વર્ણન કરવું યોગ્ય લાગે છે.

કવિત્વ એ હૃદય માત્રનોજ ગુણ વિશેષ છે. જે ઠેકાણે સુનિર્મળ તળાવમાં પાણી છે. ત્યાંજ શીતળતા છે. જ્યાં ખીલેલા ગુલાબ સ્તવક ઊષાના પ્રકાશમાં, શિશિરબિંદુ શોભિત થઇને વાયુથી હાલે છે, ત્યાંજ સુગંધ છે, ત્યાંજ સૌન્દર્ય છે. જ્યાં હૃદયકમળ વિકાસિત છે, ત્યાંજ કવિત્વ—મકરંદ ગંધથી ચારે બાજુએ આમોદિત છે. તેથી એ વાતથી સિદ્ધ થાય છે. કે, મનુષ્ય માત્રજ કવિ છે. પશુ, પક્ષી, કીટ, પતંગ, લતા, ગુલ્મ, તરૂઓમાં હૃદય છે કે નહિ? તેઓ પણ કવિ છે કે નહિ? આ વાતનો આપણાને વિચાર કરવાનો નથી, વળી તે વિશે કંઈ પણ કહી શકતા નથી. કેવળ કહી શકીએ છીએ કે, તેઓ કવિ નહિ થયા છતાં પણ વિશ્વકવિના એક એક સુંદર કવિતા છંદની જીવન લહરી છે; આ ક્ષરોછ્વસિત સ્વર્ગમંદાકિની સન્નિભ છાયા યથાંકિત મધુર શરત કૃષ્ણા યામિની વિશાલ પ્રસારિત નીલ નભોપટમાં પેલાં જે તારાઓ હસેછે—તેઓની સંખ્યા અગણ્ય અનન્ત છે! પેલા જે વાયુ તાડિત મેઘમાલા તરતા રહેછે? પેલી જે નિ-

શાની અનંત નિસ્તબ્ધતા ભેદીને, તેઓનુંજ નીરવ ગંભીરથી ઘોષિત ક-રેછે, સુગાયક કવિ તેમાં પોતાનો અવાજ મેળવીને ગાયછે. પેલો ઉદયા-સ્ત નિયતિ બંધનમાં રહેછે, મનોહર છબી રવિ શશી જોઇને ઉન્મત્ત કવિ-નો પ્રાણ ગાયછે.

વસ્તુત આ વિશ્વ બ્રહ્માંડ એક કવિતા તરંગ છે–તે આદિ કવિ મહાકવિનું કવિતા પુસ્તક છે. તમે અમે તે કવિત્વની એક એક લહેરો છે. પણ આ વાત અહિં પડતી મૂકો–કહેતા હતા કે, મનુષ્ય માત્રજ કવિ છે. જે સૌન્દર્ય સમજે છે–ઉપરના આકાશની નાના પ્રકારની છબિ, પ્રકૃતિના વિવિધ દેખાવ જોઇને જેની આંખ સ્થિર થાય છે, હૃદય ઉદ્વેગિ થાય છે, પ્રા-ણ વિચાર સાગરમાં તરે છે, તે કવિ છે. માણસને જેટલી હીનાવસ્થાથી ક-લ્પના કરી શકો તો કરો, જોશો, ત્યાં પણ માણસ આ ગુણથી વંચિત નથી. અઢારમી શદીમાં આભરણના ગાઢા જંગલમાંથી જે જંગલી માણસને પકડીને યૂરોપ–ગૌરવ પારિસમાં આણ્યા હતા, પરીક્ષાની જોવામાં આવ્યું છે–બગી-ચામાં ચંદ્ર કિરણોદ્‌ભાસિત સ્વચ્છ તળાવમાં અપૂર્વ લહેરીભંગી જોઇને તેઓ-ની મુખછબિમાં વિચારની ગંભીર છાયા પડતી હતી. બાળરવિના લાલ કિરણ જાગ, જ્યારે બરફથી ઢંકાયલાં પત્રાવળીમાં પડીને મુક્તા–શોભિત સુવર્ણ પલ્લવ શોભા પ્રકાશ કરતા હતા, આનંદની સ્વર્ગીય જ્યોતિ તે હતભાગ્ય બંદીવાનના ફીકા મહેરાને તે વેળાએ વિષાદ અંધારામાં ડુબાવી રાખતો નહોતો. જાણતા નથી કે, આ જગતમાં એવા હતભાગ્ય છે કે નહિ–જ્યારે નિશાના ગાઢ અંધકારવાળો ભયભીતિ પ્રકટન મહા નિસ્તબ્ધતા ભેદીને દૂરની વાંશળીનો બેહાગ રાગ સ્વપ્નવત્ કર્ણમાં હજારો ધારાથી સુધા ધારા રેડતા હતા–જ્યારે તે અમૃતનું ઝેર ચોપડીને ચિર જીર્ણ ભગ્ન હૃદયના છિન્ન તાર ખંડોને એક એકના પછી જગાવી મૂક્યા હતા–તે વેળાએ પણ જેઓનો પ્રાણ જાગીને મૃતવત્ અચેતન હતા. જાણતા નથી–એવા લૂટારા છે કે નહિ–ઘણા દિવસના પછી પ્રણયિણીનું પવિત્ર જ્યોતિવાળું મુખ, આત્મજ બાળકની સુકોમળ કાંતિ, સ્મૃતિના ઉપર પગ મૂક્યા પછી પણ જેની સ્મૃતિ આગ્નેય ઉત્તાપથી ગલિત ધાતુ સ્રોતના પ્રમાણે વેગથી નહિ જતાં રહી

શકે. લૂટારા નેપોલિયનનું સખ્ત હૃદય રમણીના પ્રેમની પાસે પરાજય માન્યું હતું. બાળકને ફૂલ મળ્યાથી હાથ લંબાવીને પકડે છે, દીવો જોયાથી તેઓની તરફ દોડે છે, એ આકર્ષણ કોનું છે, શું સૌન્દર્યનું છે ? સૌન્દર્ય બોધના સિવાય સૌન્દર્ય મૃત છે. એ આકર્ષણ સૌન્દર્યબોધ ઉદ્બોધિત સૌન્દર્યનું છે. એટલા માટે બાળક પણ કવિ છે. કારણ કે, બાળકમાં પણ સૌન્દર્યબોધ છે. અતિ જંગલી પુરુષ સ્ત્રીઓ પણ જગતના સૌન્દર્ય પત્ર પુષ્પનો આદર કરતા જાણે છે. જુમિય-સરળ જ્યારે પ્રભાતના કિરણ તરંગમાં પોતાનું શરીર ઢાંકીને ખીલતાં ફૂલ, નવ કિશલય પડિત કળિકાગુચ્છ, કોમળ લતાગ્ર ચિરીને વનદેવી સજે છે, પાસે ઉભેલો પ્રાણપતિ જ્યારે તે અપૂર્વ શોભા માધુરી જોઇને ભાવથી ગદગદ થાય છે, ત્યારે કોણ કહેશે કે—આ પ્રાકૃતિક દંપતિ સૌન્દર્યના ભાવગ્રાહી નથી—એઓના હૃદયમાં કવિત્વનો ઉચ્છ્વાસ નથી ? મેઘ સુસ્વર સાંભળીને, લીલાં અને પાંગળાં સુદૃશ્ય જોઇને ભાવથી મગ્ન થાય છે, આ કોણ જાણતા નથી ? કુશળ હૃદય માત્રજ કવિત્વની ખાણ છે, આ વિષયમાં ઘણી વાત નહિ કહ્યાથી તે ચાલે એમ છે. ત્યારે જોઇએ છીએ કે દરેક માણસજ કંઇને કંઇ કવિ છે. પણ થોડા થોડા કવિ છે તેથી સંપૂર્ણ કવિ થતા નથી. આથી કેવળ એજ પ્રમાણિત થયું છે કે, મનુષ્ય માત્રના અંતરમાં કવિત્વનો અંકુર રહેલો છે અને કોઇને કોઇ ભાવથી તે અદ્યાપિ કથચિંત ઉન્મેષ પણ થાય છે. અને જરા ખીલવો એ અતિ સ્વાભાવિક છે. જગતની ભાષાનો ઇતિહાસ આ વિષયનું મોટું પ્રમાણ છે. માણસની પહેલી ભાષા—પહેલી હૃદયની ભાષા—ગાથામય અને અસ્ફુટ કવિત્વવાળી ભાષા છે. વેદ તથા જંદ અવસ્થા વગેરે પ્રાચીન ગ્રંથ અને લોકમાં ચાલતા ગાથાદિ પ્રમાણ સ્થાનીય થઇને એ વાત જગતની સામે ઘોષણા કરે છે. જો કે કાચું માંસ ખાનારા નગ્ન શરીરના જંગલીઓ મહાનપુરૂષના ઉદ્દેશથી જે મંત્રાદિ પાઠ કરે છે, તે બધાં એવા છે. પણ જન સાધારણની કવિત્વનું પર્યાવસાન આ ઠેકાણેજ છે. અથવા ગાથા તથા વેદ, વેદાંત, પુરાણ લખે છે. સંપ્રદાય વિશેષનું આદરનું ધન છે. ગમે તેટલો મનુષ્ય માત્રજ થોડા થોડા કવિ

છે, એ વિશેમાં ભૂલ નથી. મનુષ્ય હૃદય માત્રમાંજ કવિત્વનો અંકુર રહેલો છે, એ બોલવું સંપૂર્ણ રીતે બરાબર છે. વૃક્ષ માત્રમાંજ પુષ્પાંકુર રહેલા છે. ઘણું કરીને બધા ઝાડને કોઇને કોઈ જાતના ફૂલ ફૂટે છે. તથાપિ બધા ઝાડજ પુષ્પ વૃક્ષ તરીકે બગીચામાં કેમ ગ્રહીત થતા નથી ? સઘળા ઝાડમાં ગુલાબ, જુઇ, મોગરો, ચંબલીનો આટલો આદર શા માટે છે, એ એઓએજ તેમના ઝાડનું નામ શા માટે મેળવ્યું હશે? વળી મોટામોટા તાલ, તમાલ, વડ, પીપળો જંગલમાં બેસીને રાત દિવસ શા માટે રડતા હશે ? મોગરો ગુલાબ એ વાસ્તે ફૂલના ઝાડ થયા છે કે ફૂલ તેઓના જીવનું લક્ષ છે,–ફૂલનો પૂર્ણ વિકાશ પૂર્ણ સૌન્દર્ય અહિંજ છે આ મોગરો, ગુલાબ, જુઇ, ચંબેલી જે માટે ફૂલના ઝાડ તરીકે પૃથ્વીના બગીચામાં ગૃહીત થયા છે, જગતના પ્રસિદ્ધ કવિયોએ પણ તે માટેજ કવિ તરીકે જનમંડળમાં ઉચ્ચું આસન મેળવ્યું છે. જેઓના જીવનનું મોટામાં મોટું લક્ષ, પ્રધાન કાર્ય કવિત્વ છે–કોકિલ પાપિયા બીમરાજના જેવા ગાયન ગાઇને જગતને મતાવવામાંજ જેઓનું આવવું છે, ગાતાં ગાતાંજ કવિ કીટસના પ્રમાણે જેઓનો અન્તર્દ્ધાન છે, તેઓનું હૃદય કવિત્વ–કુસુમના પૂર્ણ સૌન્દર્યના રંગ ક્ષેત્ર છે–તેઓજ કેવળ કવિના પૂજનીય નામથી આ જગતમાં પૂજવા યોગ્ય છે. તેથીજ કાલિદાસ, ભવભૂતિ શેક્સપિયર અને મિલ્ટન, વાલ્મિકી અને હોમર કવિ છે, અને તમે અમે કવિ નથી.

આ પૃથ્વીમાં મોગરા, ગુલાબાદિના સિવાય જબા, ટગર કિંશુકાદિના જેવા ઘણા કવિ છે. તેઓની વાત હમણા પડતી મૂકો. હવે કેવળ એક વાત કહેવાની છે. દરેક માણવાના પ્રાણમાં કવિત્વનો જે સ્વાભાવિક અંકુર છે, કોઇ ઉપાયથી શિશિર કિરણ વર્ષણ કરીને તે ખીલવી શકાય છે કે નહિ ? એ થવું મુસ્કેલ છે. ઘણી મહેનત કર્યાથી તે કંઇ ખીલતી નથી, એમ નથી. કવિ એ મહેનત કરવી સારી નથી. એ કર્યાથી કષ્ટ કવિની સૃષ્ટિ, શાબ્દિક કવિ છે. ઘણાક માણસો એ નહિ સમજ્યાથી પોતે મત્ત થાય છે અને બીજાને મત્તાવે છે. બળ પૂર્વક કવિ થવા જતાં પોતાની તનદરોસ્તી તથા ધનક્ષય અને વાંચનાને વાંચવાની રુચિનો નાશ કરે

છે. એના દૃષ્ટાંત હાલમાં પ્રખ્યાત ગુજરાતના કવિયો છે. કવિ દસ બાર લીટીનો મેળ કરીને બધા કવિના સાજ પહેરવાના યત્નમાં છે. એઓનું પરિમાણ ઘોર અંધકારમાં ઢંકાયલું છે, આ શું વળી કહેવું પડશે ? જીવનનો લક્ષ નક્કી કરીને ધીરભાવથી તે માર્ગમાં ચાલાયાથી સહજ સરળતા મેળવી શકાયછે. પ્રકૃતિના અવશ્યભાવી નિયમાનુસારે માનવ માત્રજ જીવન પ્રવાહ વિપન્ન પથગામી છે, આ વિભિન્નતામાંજ જનમંડલનું અસ્તિત્વ અને વૈચિત્ર્યથી થાયછે, ઉત્પત્તિ ક્રમોન્નતિનો સ્રોત વહેછે. ખરા સામ્યવાદી આ વૈષમ્ય રક્ષા કરવામાં શ્લાઘા સમજે છે અને પ્રકૃત ઉન્નતવાદી એને ઉન્નતિનું પગથિયું ધારે છે. આ જગતમાં તૃણ અને ગ્રહ નક્ષત્રની એક સરખી જરૂર છે. જે પોતાના ખરા રસ્તા ઉપર ચાલે છે, તેનાથી જીવનનું મહાવ્રત ઉદ્દયાપિત થાય છે. જગત અને ઇશ્વરની આંખે ફળ એક સરખું છે. એ વાસ્તે જેનો પ્રાણ કવિતાના ભાવથી પૂર્ણ છે તે ગદ્યમાં અથવા પદ્યમાં અર્થાત્ હૃદયના ઉપયોગી ભાષામાં કવિતા લખો, વેપાર ધંધો, દર્શન, વિજ્ઞાનને દૂર ફેંકો, જેઓની આંખ આ ઐન્દ્રજાલિક પવિત્ર દૃષ્ટિ શક્તિ વિહીન છે, તેને કવિતા લખવી એ વિડંબના છે, કવિત્વ સાધનને અવલંબીને નથી, એટલું તો ખરૂં છે. જેના હૃદયમાં આ અશાસારિક વિશેષ શક્તિ છે, સાધનથી તેની કવિત્વ વધારે પરિષ્કૃત, વધારે ઉજ્વલ, વધારે મધુર થાય છે. અસાધનથી હીનપ્રભા થાય છે.

કવિ અને કાવ્ય.

मत्ते रसवं विदुरैर्वाहिते क नाम
प्रंथेऽस्ति दोषविरहः सूचिरन्तनेऽपि
जोठेरं वहसन्ती कइवअणं बुरुहवद्धविणिवेसा
दावोद भुअणमंडल मण्णं विअ जस्सइ सा वाणी

એક ગ્રંથકારે ઉપલા શ્લોકમાં કવિ વાક્યની પ્રશંસા કરીને કહે છે કે, કવિ વદન રૂપ પદ્મથી કૃતાસ્થાન જે વાણી (વાક્ય) સ્થવિરને (વૃદ્ધ બ્રહ્માને) ઉપહાસ કરીને જેણે જગન્મંડળને (બ્રહ્મનિર્મિત જગતને) બીજી રીતે દેખાડે છે, તે વાણી સર્વ શ્રેષ્ઠ છે (તેને હું નમસ્કારકરૂંછું).

ભુવનમંડળને બીજી રીતે દેખાડે છે આ વાક્યથી એ સૂચિત થાય છે કે કવિની એવી એક શકિત છે કે જેના યોગે તે આ દોષાક્રાંત અને અસંપૂર્ણ જગતને નિર્દોષ તથા સંપૂર્ણ તરીકે જણાવી શકે છે. અર્થાત્ તે એક ઐન્દ્રજાલિકના જેવા છે. જેમ ઐન્દ્રજાલક પોતાના મંત્રાદિબલથી અવાસ્તવપદાર્થમાં વાસ્તવ બુદ્ધિ ઉત્પાદન કરી શકે છે તેમ કવિ પણ પોતાની શકિતના બળથી અસુંદરને સુંદર, સદોષને નિર્દોષ, દુઃખ મોહાદિમયને સુખમય તરીકે સિદ્ધ કરે છે. કવિની શક્તિ અથવા પ્રતિભાને નમસ્કાર નહિ કરતાં વાક્યને નમસ્કાર કરીને શ્લોક કર્તા શકિત પ્રતિભાદિના કરતાં, તદૂજક તરીકે શબ્દનેજ પ્રધાનતઃ કાવ્યમાં ઉપયોગ માન્યો છે. * અર્થાત્ શબ્દ રચના વૈચિત્ર્ય નહિ થવાથી રસભાવાદિ સારી રીતે વ્યક્ત ન થતાં શક્તિ પ્રતિભાવાન્ માણસ પણ શબ્દ ગૂથવામાં કુશળ નહિ થવાથી સારો કવિ થઇ શકતો નથી એજ શ્લોક કર્તાની મતલબ છે. અમે આ વખતે ઉપર લખેલા શ્લોકાર્ધની પરિક્ષા કરવામાં પ્રવૃત્ત થઇએ છીએ અર્થાત્ ઉપલા શ્લોકમાં જે જે વાતનું વર્ણન કર્યું છે તે સર્વ ખરૂં છે કે નહિ તેનીજ તપાસમાં પ્રવૃત થઇએ છીએ.

---

* रमणीय तार्थ प्रतिपादकशब्दः काव्य इति रसगंगा धरं ।

૧લો. કવિ આ જગત્મંડલને બીજી રીતે દેખાડે છે આનો વિચાર કરવો જોઇએ વાંચનાર, આપણે કવિ ભવભૂતિની સાથે જે ઠેકાણે ભગવાન રામચંદ્ર શૂદ્રતપસ્વિનું માથું વાઢવા માટે જવાની તયારી કરે છે, ત્યાં જઇએ. આપ કદાચ કહેશો કે, ત્યાં જવાની જરૂર નથી, એક નિરપરાધી માણુસ બીજા એક ધર્મદાર પરિત્યાગિકથી હત થાય એ દ્દષ્ટ જોવાની વસ્તુ શી છે? એ ઠેકાણે જવાથી નિશ્ચય મનમાં ક્રોધ, ધિક્કાર કરૂણા વગેરે ભાવનો ઉદય થવાનો સંભવ છે. એટલા માટે નહિ જવું એજ સારૂ છે. એ વાત ખરી છે, પણ આગળ કહી ગયા છીએ કે કવિ એક ઐન્દ્રજાલિક એટલે જાદુગર છે તેમ આઠેકાણે કદાચ તે પોતાની મોહિની શક્તિના દ્વારા એક અતિ મનોહર દ્દશ્ય દેખાડી શકે, વળી ભવભૂતિની કીર્તિ પણ મોટી છે, ચાલો, એકવાર જઇએ.

આ પેલો રામભદ્ર પ્રવેશ કરેછે.–

ततः प्रविशति सदयो धत खंगो रामचद्रः–પેલું તે શું કરે છે વાંચનાર ધ્યાન લગાડો.

रे हस्त दक्षिण ! मृतस्य शिशो र्द्विजस्य, जीवातवेविसृज शूद्रमुनौ कृपाणम् ।

रामस्य गात्रमसि दुर्वहगर्भखिन्न सीताविवासनपटोः करुणा कुतस्ते ?

હે જમણા હાથ ! તમે મૃત બ્રાહ્મણના પુત્રના જીવનને માટે શૂદ્રમુનિના ઉપર તરવાર ચલાવ. તમે દુર્વહગર્ભખિન્ન સીતાના વિવાસતથી કુશળ રામનું અંગ છે, તારી કરૂણા ક્યાં હોય ?

હવે શ્લોકનો ગૂઢાર્થના ઉપર વિચાર કરીએ.

રામભદ્રનું એક વિશેષણ છે " સદ્યોધત ખડ્ગઃ " અર્થાત્ સદયભાવથી ઉત્ક્ષિપ્ત ખડ્ગ છે. સદય આ વિશેષણથી હન્યમાન સૂદ્રતપસ્વિતા ઉપર દયા પ્રકાશ થાય છે અને બીજી રીતે અતિ ક્રૂરકર્માનુષ્ઠાનની વખતે પણ દયાદિ સહજ સદ્દગુણ મહાત્મા માણસોને ત્યાગતા નથી એ પણ સૂચિત થાય છે. આ ભાવ ભવભૂતિએ બીજા શ્લોકમાં સ્પષ્ટ લખ્યો છે.

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि कोहि विज्ञातुमर्हति ।

રામચંદ્રે લોકાપવાદના ભયથી સીતાને ત્યાગી હતી ખરી. પણ તેણે વળી અશ્વમેધ યજ્ઞ કરવાની વખતે સ્વર્ણમયી સીતાની પ્રતિમૂર્ત્તિ લઇને સસ્ત્રીક ધર્માચરણ વિષયમાં શાસ્ત્રવાક્યની રક્ષા કરી હતી. આ ઠેકાણે ભવભૂતિએ કહ્યું હતું કે, લોકાત્તર અર્થાત્ અલૌકિક માણસોના ચરિત્ર વજ્રથી પણ કઠણ તે છતાં પુષ્પથી પણ મૃદુ છે.

'**सदयो धृतखड्ग**' આ વિશેષણનો આજ તાત્પર્ય છે.

"હે જમણા હાથ" અચેતન હાથને ચેતનના પ્રમાણે સંબોધન શામાટે કર્યો ? ત્યારે શું કામ આટલું ગેરવાજબી હતું કે અચેતનો પણ તેમાં પોતાની અનુમતિ આપતા નથી ! તેઓ શું કરવામાં સ્વીકાર કરતા નથી ?

રામચંદ્ર શૂદ્રતપશ્વિના વધને તે ભાવથી જોતા હતા, વાસ્તે હાથને આ કઠોર કામમાં પ્રવૃત્ત કરવા માટે કહેછે, "**मृतस्य शिशोर्द्धि जस्य जीवातवे विसृज सूद्रमुनौ कृपाणे**" અર્થાત્ હાથ તમે એ કરો. એ અન્યાય કર્મ હોવા છતાં પણ. એનાથી મૃત બ્રાહ્મણનો પુત્ર જીવતો થશે તે પણ મોટો લાભ છે એટલા માટે તેમાં પ્રવૃત્ત થાઓ; જ્યારે માણસ કોઇ ગેરવાજબી કામ કરવામાં પ્રવૃત્ત થાયછે, ત્યારે તે નાના પ્રકારની કાલ્પનિક યુક્તિથી એ કામને વાજબી સિદ્ધ કરવાની કોશેશ કરેછે. એ એક મનુષ્ય હૃદનું ખરૂં તત્વ છે. આ તત્વ "**मृतस्य शिशोर्द्धि जस्य**" ઇત્યાદિથી શું પરિસ્ફુટ થતું નથી ? જ્યારે બ્રાહ્મણના પુત્રના જીવનને માટે હું આ કામમાં પ્રવૃત થાઉં છું, ત્યારે એ કરવુંજ જોઇએ ! આ યુક્તિથી પણ મનનો સંતોષ થયો નહિ ત્યારે રામચંદ્રે ધાર્યું કે, જે સારૂ છે એ કર્મ કરવામાં મને આટલો વિચાર શા માટે થાય છે? મેં તો નિરપરાધા ગર્ભભારખિન્ના સીતાને દેશ નીકાળમાં એના કરતાં ઘણું. કઠોર કામ કર્યું. છે. ત્યારે તો ઘાતકીપણાની હદ દેખાડી છે—ત્યારે હમણાં આ શૂદ્ર તપશ્વીના વધમાં આટલી દયા શા માટે થાય છે?" અને કહ્યું "જમણા હાથનું

તો દુર્બલ ગર્ભખિન્ન સીતાના દેશનીકાળમાં કુશળ રામચંદ્રનું અંગ છે. તને વળી દયા ક્યાં હોય કે તું આ શૂદ્ર તપસ્વિના વધમાં ચારે બાજુએ વિચાર કરે છે?" વિચાર કરીને જુઓ, છેલ્લા બે ચરણ મર્મભેદી ક્લેશ કૃત કર્મ દ્વેષ તથા સ્વાત્માવ માનનાનો ભાવ પ્રકાશ કરેછે અને સદયોધત ખડ્ગ આ વિશેષ પણ બધા શ્લોક નાયકની કેટલી મહાનુભવતા તથા કર્ત્તવ્ય મુખપ્રેક્ષિતાની ઓળખાણ આપે છે. હવે કહો જોઇએ, હમણાં નાયકને ચાહો છો કે નહિ? આવા નાયકના દુઃખથી રોવાય છે કે નહિ? આવા નાયકના પરિતાપથી અંતઃકરણ વિષાદસાગરમાં નિમગ્ન થાય છે કે નહિ? જો એમ થાય, તો એ નાયકના નિર્માતા કવિને શું ઐંદ્રજાલિક કહીશું નહિ?

ઘણાકોએ દીર્ઘ પ્રવાસમાં ગયલા પતિના ઉપર નજર રાખેલી પતિપ્રાણા સ્ત્રીની સાકાંક્ષા દૃષ્ટિ જોઇ છે, પણ કેટલાકો એ દૃષ્ટિને ભવભૂતિના પ્રમાણે વર્ણન કરવામાં સમર્થ થયા છે? ઉત્તર રામચરિત નાટકમાં દીર્ઘ કાલના પછી દંડકારણ્યમાં શૂદ્રક વધાર્થ આવેલા રામચંદ્રને જોઇને સીતા તેને સસ્નેહ, સદય, સાકાંક્ષા અને સતૃષ્ણ ભાવથી જુએ છે. કવિ તમસાના મુખથી ઉપર લખેલા ભાવથી તે અવલોકનનું વર્ણન કરે છે.

विलुलितमति पूरै र्बाष्पमानन्द शोक
प्रभवमवसृजन्ती तृष्णयोत्तानदीर्घा
स्नपयति हृदयेशं स्नेह निष्यन्दिनीते
धवल बहुल मुग्धा दुग्धकुल्येव दृष्टिः

પ્રબળ વેગથી યુગપત આનંદ તથા શોકોદ્ભવ બાષ્પમોક્ષકારિ તૃષ્ણા પ્રયુક્ત દીર્ઘ વિસ્ફારિત, સ્નેહક્ષરશીલ, સફેદ તથા અત્યંત મુગ્ધ તમારી દૃષ્ટિ (નેત્ર) દુધની નદીના પ્રમાણે પ્રાણેશ્વરને સ્નપિત કરે છે.

આ ઠેકાણે મહાકવિ ભવભૂતિએ સ્નપતિ, સ્નેહ નિષ્યંદિની અને દુગ્ધકલ્યેવ શબ્દ પ્રયોગ કરીને કેવી અસાધારણ કવિત્વ શકિતની ઓળખાણ આપીછે. વાંચનાર એક વાર વિચાર કરીને જુઓ જોઇએ, દૃષ્ટિ પ્રાણેશ્વરને સ્નાન કરાવે છે, આ કેટલાક શબ્દથી કેટલો ગૂઢ ભાવ રહેલો છે.

હવે સ્મરણ કરો, આ વિષયના મથાલા ઉપર જે પ્રાકૃત શ્લોક આપ- લામાં આવ્યો છે એમાં "**दावेदि भुअणमंडलं अण्णंविअ**" અર્થાત્ "**दर्शयति भुवन मंडलं अन्यदिव**" આ છે. અર્થાત્ જે ભુવન મંડ- લ બીજી રીતે કરીને જે દેખાડે છે, આ તેનો અર્થજ એ છે કે, જે કવિ જ- ગત પ્રાકૃતિક જગતથી ભિન્ન તરીકે પ્રતીયમાન હોવા છતાં પણ વાસ્તવિક જુદુ નથી. ટૂંકામાં કવિ પોતાની અસાધારણ પ્રતિભાના બળથી બહારનું તથા અન્તર્જગતના પદાર્થગત આને નિપુણબુદ્ધિગ્રાહ્ય ગૂઢ શાશ્વત સંબંધ શોધેછે અને એ સંબંધના બળથી સુપરિજ્ઞાત પદાર્થને કવિ અપરિજ્ઞા તવત્, અસુંદરને સુંદરવત્ તથા અસંપૂર્ણને સંપૂર્ણવત્ દેખાડી શકેછે. કવિ- નું હૃદય સ્નેહમય છે. આપણે સ્નેહ, મમતા બધું પ્રાય ચેતનમાં બધાયલું છે. ચેતનમાં પણ વળી સર્વ સચેતમાં નથી. જેઓ આપણ સ્વવીત, સ્વશ્રે- ણી તથા આત્મીયછે તેઓને આપણે ચાહીએ છીએ પણ કવિ આખા જગતને ચાહેછે. તેના સંબંધમાં બધા પદાર્થ સજીવ છે, બધા પદાર્થો સુંદ- ર તથા બધા પદાર્થો ચહાવા લાયક છે. વૃક્ષલતા ગુલ્માદિ પણ તેના મિત્ર, * સખા પથ્થર, વજ્રાદિની સાથે પણ તેઓનો ચાહ છે. તેઓ પણ તેના દુઃ- ખથી રૂવેછે, તે એક માણસ હત થયાથી જેવા દુઃખિત થાયછે, તેમ વ્યા- ધના પરશુથી છિન્ન વૃક્ષશાખા જોઇને તેવા પરિતાપવાળા થાય છે.

એક દહાડો રાવણ સીતાની કૃપા મેળવવા માટે અશોક કાનનમાં આ- વીને તેને જેવી અવસ્થામાં જોઇ હતી તેનું વર્ણન રામાયણમાં આવું લખ્યું છેઃ-

दशग्रीवस्तु वैदेही रक्षितां राक्षिसी गणैः ।
ददर्श दीनां दुःखार्त्तां नावत् सन्नामिवार्णवे ।
पलति तातित बहुनिर्झर कन्दराणि.
गोराबरी परिसहस्य गिरेस्तयाने ॥
अपिग्रावा रोदित्यपि दलति वज्रस्य हृदयं

*** यत्र द्रुमा अपि मृगा अबंधवोमे**

ઉતર રામચરિત.

यानि प्रिया सहचरश्चिरमध्यवात्सम् ॥
असंवृती यामासीनां धरण्यां संशितव्रताम् ।
छिन्नां प्रपतितां भूमौ शाखा मिव वनस्पतेः ॥

દશગ્રીવ રાવણ, રાક્ષસીઓથી ઘેરાયલી વિદેહનંદની સીતાને અર્ણવમાં અવસન્ન વહાણના પ્રમાણે દીન તથા દુઃખાર્ત્ત જોઇ. તે વ્રત નિયમ ચારિણી તથા આસ્તરણરહિત જમીન ઉપર બેઠી છે, તેને જોયાથી જણાય છે કે, જાણે વનસ્પતિની શાખા છિન્ન થઇને જમીનમાં પડેલી છે. આ બે શ્લોકમાં બે ઉપમા છે. એક "**नावंसन्नामिवार्णवे**" તથા બીજી **छिन्नां प्रपत्तितां भूमो शाखामिव वनस्पते**" વાંચનાર એક વિશાળ સમુદ્રમાં અડધું ડુબેલ અથવા લગભગ ડુબેલું એક વહાણનું ચિહ્ન યાદ હશે. એકવાર તરંગ માળાકુલ દુસ્તર સાગરના પટમાં નિર્મિજ્જન્ત અસહાય, વિદીર્ણસંધિ, ભગ્નકુપદંડ, સલિલ સ્રોતમાં વ્યાયચ્છમાન વહાણની દુર્દશા યાદ કરો. યાદ કર્યાથી સમજાશે કે, એ વહાણની દુઃખ દીનતા તથા અસહાયતાની પ્રતિમૂતિ તરીકે જણાશે કે નહિ અને શત્રુના કેદખાનામાં કેદણ રાક્ષસીકુલથી ઘેરાયલી દુઃખ તથા અનાહારથી દુર્બલ થયલી જાનકીની આ વહાણની સાથની ઉપમ્ય થઇ શકે છે કે નહિ. બીજી ઉપમા સમજવી હોય, તો પહેલા ઝાડ છેદન કરવાની આગમજ જ્યારે ડાળથી ઝાડ ભરપુર હતું તે વેળાની અવસ્થાનું સ્મરણ કરવું જોઇએ, પછી જ્યારે તે ડાળવાળું ઝાડ કઠિયારે કુહાડીથી છેદીને એકીવારે વનસ્પતિ સંસર્ગચ્યુત કરીને જમીન ઉપર સુતુ ત્યારની અવસ્થાની સાથે પૂર્વ અવસ્થાની તુલના કરવી જોઇએ, આમ કર્યાથી અનાસ્તરણા જમીનપર બેઠેલી, સંશિતવ્રત ધારણ કરેલી ક્ષત્રપ્રકાંડ રામની સ્ત્રી સીતાની જોડે એનું સરખાપણું જણાશેજ—નહિ તો નહિ. હવે વાંચનાર જુઓ, જે બનાવો નિત્ય બને છે અને જેમાં સ્થુલદર્શીઓ કંઈ પણ સુંદર અથવા અલૌકિક જોઇ શકતા નથી, દિવ્ય ચક્ષુ કવિ તે જમાએથી ઘણું જુએ છે—ઘણા ભાવ શોધે છે. લગભગ

નિત્ય હજારો વહાણુ સમદ્રગ્રસ્થ થાય છે, સેંકડો ઝાડની શાખા તુફાનથી તથા કુહાડીથી જમીનદોસ્ત થાય છે, પણ કવિ સિવાય કિયો માણુસ વહાણુ તથા ડાળને માટે દુઃખ પ્રકાશ કરે છે અથવા તેઓને માટે વિચાર કરે છે ? આપણે બધા જાણીએ છીએ કે, કવિ અચેતન વૃક્ષ લતાદિને સંબોધન કરે છે. પણુ તેઓ શામાટે આમ કરે છે, તેની તપાસ કેટલા માણુસોએ કરી છે ?

જડ જગતમાંથી બે પદાર્થ લઇએ! જેમ અંધકાર તથા ભેદ. પહેલા શબ્દ પ્રકાશ નામના પદાર્થની ખોટ છે અને બીજો પરમાણુ વિશ્લેષક ક્રિયા વિશેષના વાચક છે. અર્થ પર્યાલોચના કર્યાથી સમજાય છે કે, એઓમાં કંઈ સંબંધ રહી શકતો નથી. કારણ કે ભાવ પદાર્થ પરમાણુવાદીનિષ્ઠ ક્રિયા, અંધકાર રૂપ અભાવ પદાર્થમાં રહી શકતી નથી. હવે જોઇએ, કવિ આ બે પદાર્થમાં કંઇ સંબંધ કર્યો છે કે નહિ. મહાકવિ કાલિદાસના મેઘદૂત ઉઘાડીને જોયાથી તેમાં નીચે લખેલું વાક્ય મળે છે " **संद्धा लोके नरपतिपथे सूचि भेद्यस्तमाभिः** " સૂચિભેદ્ય અંકરારથી બંધ થયલો પ્રકાશ રાજમાર્ગથી અર્થાત્ જે અંધકાર સોઇથી ભેદાઇ શકાય છે તેવો અંધકારથી બંધ થયલા રાજમાર્ગમાં છે. " એટલા માટે જણાયું કે, કવિના જગતમાં સોઈ બધા અંધકાર તે ભેદ તથા અંધકાર વળી જડના પ્રમાણે પદાર્થાન્તરને બંધ કરે છે. કેવળ આપણાજ દેશના મહાકવિએ આવો સંબધ કલ્પ્યો છે એમ નથી. ઘણું કરીને બધા દેશના મહાકવિયોએ આવું કર્યું છે. મહાકવિ મિલ્ટનના પારાડાઇસ લાસ્ટ નામના કાવ્યમાં "Through palha. ble darkness made his uncouth way" આ લીટીમાં જોવામાં આવે છે. તેનો અર્થ એ છે કે અંધકારને સ્પર્શ કરી શકાય છે તેમ અંધકારમાંથી ... ... તો થયું, જેને સ્પર્શ કરી શકાય છે તેને જ ભેદ પણુ કરાય છે. અમે સિદ્ધ કરીશું કે, આ હમણાં અંધકાર વાસ્તવ તરીકે જણાય છે, પણુ સંબંધ મહાકવિયોના વિચાર સમુદ્રમાંથી ઉત્પન્ન થયલા રત્નો છે; તેઓની સ્વાભાવિક પ્રતિભાશક્તિનું ચરમ ફળ છે, એ જડ જગતના પદાર્થગત ગૂઢ સંબંધના પરિચાયક છે. બંધ થયેલો પ્રકા-

શ ઇત્યાદિ ઉપર લખેલા વાકયથી અંધકારનું ઘનત્વ વર્ણના કરવું એ કવિની મતલબ છે. પણ તે ઘન, સાન્દ્ર, નિવિડ વગેરે સાધારણ વિશેષણને છોડીને સૂચિભેદ્ય આ વિશેષણ લીધું. આમ કરવામાં એક ગૂઢ તાત્પર્ય છે. કવિ જાણે છે કે, પ્રકાશ અતિ દુરવરોધ વસ્તુ છે. જેવો તેવો અવરોધક પ્રકાશ રોકી શકતો નથી. એ અતિ સૂક્ષ્મ આકારમાં પણ પ્રવેશ કરી શકેછે, તેમ એ સંપૂર્ણ રૂપે રોકવામાં રોધક પદાર્થના પરમાણુ સ્વલ્પાકાશ તથા દૃઢ સન્નિવિષ્ટ થવા જોઇએ. સૂચિભેદ આ વિશેષણથી એ બે ધર્મનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કારણ કે, બધા પદાર્થનું અવયવઘટક પરમાણુઓ શિથિલ અથવા દૂરવિક્ષિત છે, એઓના ભેદને માટે સૂચ્યાદિ સુક્ષ્માગ્ર પદાર્થની જરૂર પડતી નથી. સોઇના કરતાં પણ ઘણા મોટા પદાર્થની તેનો ભેદ સંભવ છે. આના ઉપરથી જોવામાં આવે છે કે, જેમાં સાધારણ માણુસો ઘન, નિવિડ, સાંદ્ર વગેરે શબ્દથી સંતુષ્ટ થાયછે, કવિ તે જગાએ પોતાની પ્રતિભાથી વસ્તુતત્વનો મર્મ સ્પર્શ કરે છે અને બહારના તથા અન્તર્જગતના પદાર્થોમાં અતિ નિપુણ બુદ્ધિ ગ્રાહ્ય શાશ્વત સંબંધો શોધેછે. આ વિષયનું બીજું ઉદાહરણ કવિ શ્રીહર્ષે નૈષધ કાવ્યમાં દેખાડયું છે તે આ છે,—

देव्याः श्रुतो नेति नभार्द्धनाम्नि
गृहीत एव त्रयथा निर्पीता ।
अपांगु लीरंगु लिभि स्पृशन्ती
दूरं शिरः सा नमयांचकार ॥

"દેવી સરસ્વતીના કાનમાં ન આ નળ નામનો અડધા અક્ષર ગ્રહીત થતાજ દમયંતી લજ્જાથી નિપીડિત થઇને અર્થાત્ ઘણી શરમાઇને આંગળીઓથી આંગળીઓને સ્પર્શ કરીને તેણે પોતાનું મસ્તક નીચું કર્યું." આ શ્લોકના **त्रयथा निर्पीता** આ પ્રયોગના વિચારમાં અમે પ્રવૃત્ત થઇએ છીએ. શબ્દાર્થ પર્યાલોચનાથી એવું જણાય છે કે, દમયંતી લજ્જાથી નિઃશેષરૂપથી પીત થઇ હતી. વાત ઉત્તમ રીતે સમજાઇ નહિ. કવિનો અભિપ્રાય એ છે કે દમયંતી પોતાના સ્વામીના નામનો અડધો 'ન' આ શબ્દ ઉચ્ચારણ

કરતાં ઘણી શરમાઈ ગઇ. પણ કવિએ આ અભિપ્રાય પ્રકાશક શબ્દાંતર (યુક્તિ, વિશેષ, સતાથ, વશીકૃત) ત્યાગીને નિપીત આ શબ્દ પ્રયોગ કર્યો છે. આ કરવાનો એક ગૂઢ ઉદ્દેશ છે. આપણા માનસિક ભાવ (feelings) સ્વસત્તાદ્વારા ભાવાન્તર અને જ્ઞાનાન્તર વિરોધી છે, અર્થાત્ જે વખતે આપણા મનમાં કોઇ ભાવનો ઉદય થાય છે, ત્યારે જ્યાં સુધી આ ભાવ જેટલો પ્રબળ રહે છે, ત્યાં સુધી મન ભાવાન્તર તથા જ્ઞાનાન્તરનો વિકાશ પણ તેટલો બંધ થાય છે. પછી ભાવ સંપૂર્ણ રીતે ચિત્તભૂમિને અધિકાર કર્યાથી જ્ઞાનાંતર ભાવાંતર પણ એકીવારે તિરોહિત થાય છે. ત્યારે વેદ્ય (thing known) વેદક (the knower) વેદના (the act of knowing આ ત્રણમાં પહેલા બે સંપૂર્ણ રૂપે લુપ્ત થાય છે. આ અવસ્થાજ ભાવોદયની છેલ્લી અવસ્થા છે. દમયંતીના ઉપલા શ્લોકમાં તેજ થયું છે. લજ્જા જ્યારે કેવળ તેનું જ્ઞાનાન્તર તથા ભાવાન્તરને શાંત રહી નહિ શકી. તેની સત્તા પણ ગ્રાસ થઇ છે, ત્યારે દમયંતીના સંબંધમાં તે પોતે અથવા જગત્ બ્રહ્માંડ કંઇજ નથી. હવે સહૃદય વાંચનારે વિચાર કરીને જોવું જોઇએ. ત્રપયા નિપીતા ત્રપા દયમંતીને નિઃશેષ રૂપથી પાન કરી છે, દમયંતીનો આત્મા એકીવારે ત્રપામાં લય થયો છે આ વિશેષણમાં આ સંપૂર્ણ રીતે વ્યક્તિ થઇ છે કે નહિ—ત્યારે જુઓ કવિના એક એક શબ્દમાં કેટલું ગૂઢતત્વ રહેલું છે—કેટલા વિચાર તથા પ્રતિભા બળથી કવિએ આ બધા તત્વ શોધી કાઢ્યા છે.

આગળ કહેવામાં આવ્યું છે કે કવિયો પોતાની પ્રતિભા બળથી બાહ્ય આન્તર પદાર્થોમાં સૂક્ષ્મ તથા નિપુણ બુદ્ધિ ગ્રાહ્ય શાશ્વત સંબંધ શોધી કાઢે છે. આ શોધવાને માટે બાહ્ય અને અન્ત જગતની નિપુણતર પર્યવેક્ષણ શક્તિ જોઇએ. તેમ કવિને પણ વૈજ્ઞાનિક તથા તથા દાર્શનિકના પ્રમાણે પદાર્થ તત્વની ગંભીર શોધમાં લાગી રહેવું પડે છે. દાર્શનિક અથવા વિજ્ઞાનિકો જેમ પોતાના પુસ્તકમાં પોતાની શોધનું ફળ લખી રાખે છે, તેમ કવિ પણ પોતાની સ્મૃતિપટમાં પર્યવેક્ષણલબ્ધ ફળ લખી રાખે છે. પણ દાર્શનિક અથવા વૈજ્ઞાનિકના કરતાં તે એ કામમાં એટલો કુશલ

હોય છે કે મનુષ્ય હૃદયના ભાવ પ્રવાહની બારીક લહેર પણ તેના સર્વ સંગ્રાહક સ્મૃતિ પુસ્તકને છોડી શકતી નથી. આ પર્યવેક્ષણ શક્તિ બળથી કવિયો ભિન્ન ભિન્ન પદાર્થગત સાધાર્મ્ય શોધી કાઢે છે અને તે શોધેલાના ફળ સ્વરૂપ ઉપમાદિ અલંકારથી પોત પોતાના કાવ્યભૂષિત કરેછે. આ પર્યવેક્ષણ શક્તિના ઉત્કર્ષથીજ મહાકવિ કાલિદાસની ઉપમાઓ આવી હૃદય ગ્રાહિણી થઇ છે. ઉદાહરણને માટે અમે આ જગાએ કંઇક આપીએ છીએ.

શકુન્તલા નાટકમાં દુષ્યંત શકુન્તલાને ઉપલક્ષીને કરે છે–"**इदंचमे मनसि वर्त्तते—**

अनाघ्रातं पुष्पं किसलयमलूनं कररुहैरनाविद्धं रत्नं मधु नव मनास्वादितरसं अखंडं पुण्यानां फमिव चलात द्रुपमनघः नजाने भोक्तारं कमिह समुपस्थास्यति विधिः

એ મારા મનમાં આવે છે–જાણતો નથી વિધિએ અનાઘ્રાન પુષ્પ કરરૂહ (નખ)થી અલૂન (અચ્છિન્ન) કિસલય (નવ પલ્લવ) (વજ્રાદિ દ્વારા) અનાવિદ્ધરત્ન નવું તથા અના સ્વાદિતરસ મધ તથા પુણ્યના અખંડ ફળના પ્રમાણે સર્વદા દોષ સ્પર્શ શૂન્ય (અનઘ) આ રૂપને તે કોના ભાગ્યમાં બનાવ્યું. વાંચનાર જુઓ આ ઠેકાણે નવા તો કેવા ગુણપનાથી વીણી લીધા છે અને તેને લગતી દોષ શંકા કેવી રીતે નિરાકૃત થઈ છે. કવિની મતલબ એ છે કે, રૂપ સર્વ રીતે દોષ સ્પર્શ શૂન્ય છે તેથી તેણે તેમાં ઉપમાન આપવાના કેટલાક ઉત્કૃષ્ટતમ વસ્તુનો નિવેશ કર્યો છે અને કદાચ તેમાં પણ કોઇ દોષની આશંકા કરે એવું ધારીને કેટલાક વિશેષણથી તે આશંકાનું મુખ એકીવાર બંધ કર્યું છે. કેવળ પુષ્પ નથી અનાઘ્રાણ પુષ્પ, કારણ પુષ્પ જો આઘ્રાન થયું તો તેનું અનઘ્રત્વ ક્યાં રહ્યુ! કેવળ કિસલય નથી, કારણ એ પણ નખથી છિન્ન થવાથી વિવર્ણ તથા મલિન થાયછે તેથી તેને નિર્વિશેષણ કહ્યાથી ચાલશે નહિ, એ પણ કરરૂહથી અલૂરન થવું જોઇએ એટલુંજ નહિ. પુણ્યનું ફળ બોલ્યાથી ચાલશે નહિ, એ અખંડ થવું જોઇએ, કારણ કેવલ પુણ્યના ફળમાં પણ ખંડિતત્વ અથવા અસંપૂર્ણતા દોષ આવી શ-

છે તેથી તે અનન્ય શકુન્તલાના રૂપનું ઉપમાન રૂપ નિવિષ્ટ થઇ શકશે નહિ. ઉપલો શ્લોક વાંચવાથી જણાય છે કે, કવિએ કલ્પનાબળથી જગતની બધી ઉત્કૃષ્ટ વસ્તુ એક એક વીણીને પોતાના માનસ ચક્ષુની સામે સ્થાપીને દોષ ગુણ વિચારક પૂર્વક તેઓને પરિત્યાગના પછી ઉપલા કેટલાક ગ્રહણ કર્યા છે. જે કવિ આવી ઉપમા સંઘટન કરી શકે છે તેની પર્યવેક્ષણ શકિત કેટલી દુરવ્યાપિની છે ? રઘુવંશ કાવ્યમાં એક શ્લોકમાં પુત્ર અજ પિતા રઘુના સર્વરીતે અનુરૂપ થઇ પડયો હતો, આ વાત કહેવા માટે કવિએ લખ્યું છે—

न कारणात् स्यात् विभिदेकुमारः
प्रवार्त्ति तो दीप इव प्रदीपात्;

અર્થાત એક દીવાથી સળગાવેલા બીજા દીવાના પ્રમાણે કુમાર અજ પોતાનું કારણ રઘુથી કંઇ પણ વિભિન્ન થયો નહિ. આવી ઉપમાં શું ઔપમ્યનું છેલ્લું ઉત્કર્ષ નથી ? આવી ઉપમા સંઘટનકારી કવિની સાધર્મ્યપર્યવેક્ષણ શક્તિ શું સર્વાતિશયિની નથી. ? આસર્મ્ય પર્યવેક્ષણ શક્તિ વળી કલ્પના શકિતને તાબે છે, કારણ ભિન્ન ભિન્ન વસ્તુગત સાધર્મ્ય નક્કી કરવામાં તેઓના ધર્મગત તુલના કરી જોઇએ, તે તુલના વળી તે તે ધર્મના યુગપત માનસ ઉપસ્થિતિ નહિ રહેવાથી થઇ શકતી નથી. તે માનસ ઉપસ્થિતિ (mental hresence) વળી કલ્પના શક્તિ માટે છે, તેથી પરસ્પર સંબંધમાં કલ્પના શક્તિને પર્યવેક્ષણ શક્તિની જનિકા કહેવી જોઇએ. આ વાસ્તે જે બધા મહાકવિયો છે તે સારી રીતે પર્યવેક્ષણકારી તરીકે પ્રખ્યાત છે, તેઓજ વળી કલ્પના બળથી અસીમ બલીયાન તરીકે કીર્તિત છે. આ શક્તિજ મહાકવિયોના સન્મોહન હથિયાર સ્વરૂપ છે. આ શક્તિજ તેઓની ઐન્દ્રજાલિક દંડ * આ શક્તિના બળથીજ તેઓ અવાસ્તવ માનસિક પ-

* As imagination bodies forth
The forms of things unkousoun the poet's psn
Turns them to shapes and gives to airg no thing
A local halition and a name.

દાર્થમાં વાસ્તવત્વ બુદ્ધિ ઉત્પાદન તથા જડ જગતના પરિચ્છેદ (finiteness) તથા અપૂર્ણતા અતિક્રમ કરે છે. મહાકવિ શેક્સપિયરનું મિડ સ્મર નાઇટઝ ડ્રિમ તથા મહાકવિ કાલિદાસનું મેઘદૂત આ શક્તિનું ચરમ ઉત્કર્ષ ફળ છે. એ વાસ્તેજ પ્રસિદ્ધ આલંકારિક મમ્મટ કાવ્ય પ્રકાશના આરંભમાં લખે છે.—

नियति कृत नियम रहितांहला दैकमयी मनन्यपरतंत्रांन वरसरुचिरां निर्मितिमाद धती भारती कवेर्जयति ॥

ઇશ્વરની સૃષ્ટિ નિયતિ શક્તિથી નિયતરૂપ છે. અર્થાત્ એ કેટલીક અપરિર્તનીય નિયમના આધીન તથા પરમાણ્વાદિ ઉપાદાન કારણને તાએ છે. એ દુઃખ શોક મહાદિમય છે, એમાં છ માત્ર રસ (કટુ તિક્ત કષાયાદિ) છે, તે રસમાં બધા વળી સુસ્વાદુ નથી. પણ કવિ કૃત સૃષ્ટિ અનિયત રૂપ છે કોઇ કારણ વિશેષને તાબે નથી. દુઃખ શોકાદિ સ્પર્શ શૂન્ય છે, કેવળ માત્ર આનંદમયી તથા નવરસવાળા (શૃંગાર કરૂણ ઇત્યાદિ) છે તેથી એ ઇશ્વિર કૃત કરતાં ઉત્કૃષ્ટ છે.

હવે અમે આ અલૌકિક કવિ સૃષ્ટિની જરૂરતના વિચારમાં પ્રવૃત થઇએ છીએ. દાર્શનિકો કહે છે—"**प्रयोज तमनु द्दिश्य न मन्दोऽपि प्रवर्त्तते**" અર્થાત્ મન્દ (મૂઢ) માણસ પ્રયોજનતા સિવાય કોઇ કાર્યમાં પ્રવૃત્ત થતા નથી. પ્રાણીભેદથી આ પ્રયોજન ભિન્ન થવા છતાં પણ એ સાધારણ રીતે સુખ અથવા દુઃખાભાવથી અનતિરિક્ત છે. હમણાં દુઃખાભાવને ત્યાગી સુખને પ્રવૃતિના ઉપર કારણ તરીકે ગણવામાં આવે છે. પ્રવૃત્તિ શબ્દ આ ઠેકાણે નિયાયિકોના અભિપ્રેત અર્થમાં વ્યવહૃત ન થતાં કેવળ યત્નના અર્થમાં વપરાયો છે. એટલા માટે નક્કી થયું કે, સચેતન માત્ર સુખ મેળવવા માટેજ પ્રવૃત છે, અને સુખ વિરોધિતાવાળા દુઃખ બધાને ગમતા નથી. પરંતુ તે સર્વ જન પ્રર્થિત સુખ અતિ દુર્લભ છે અને બીજા બધા પાર્થિવ પદાર્થના પ્રમાણે પરિચ્છેદ, અસંપૂર્ણતા અવિશુદ્ધિ ઇત્યાદિ દોષવાળા છે. તેમાં કંઇ સંદેહ નથી. મહા કવિ કાલિદાસે કર્ણિકાના પુષ્પવર્ણનમાં ખેદ બતાવીને કહ્યું છે;—

वर्णप्रकर्षे सति कर्णिकारं दुनोतिनिर्गं धत्तयास्म चेतः।
प्रायेण सामग्र्यविधौ गुणानां पराङ्मुखी विश्वसृजः प्रवृत्तिः

અર્થાત્ કર્ણિકારનાં પુષ્પ (વર્ણગત ઉત્કર્ષ) સૌન્દર્ય હોવા છતાં વાસ ન હોવાથી (જોનારના) અન્તઃકરણમાં ક્લેશ આપતા હતા; વિધાતાની પ્રવૃતિ ઘણું કરીને ગુણનું સામગ્ર્યવિધિમાં (એકત્રથી બધા ગુણ સન્નિવેશથી પરાંમુખી) છે અર્થાત્ વિધાતાએ ઘણું કરીને કોઈ વસ્તુને સર્વગુણવાન્ કરીને સૃષ્ટિ કરી નથી. કેવળ કાલિદાસજ નહિ કવિ માત્રજ સચેતા માત્રજ જડજગતની આ અસંપૂર્ણતા તથા દુઃખ બાહુલ્યથી દુઃખિત છે. અને આપણે બધા નિત્ય આ અસંપૂર્ણતા તથા ઘણું દુઃખ દૂર કરવાને યત્નવાન છીએ, વિજ્ઞાનશાસ્ત્ર તથા સુંદર શિલ્પે (fine arts) આ યત્નનું ફળ છે. વૈજ્ઞાનિક, ચાર્વાક વિશેષ છે. તેના મનમાં પાર્થિવ સુખ, દુઃખ સંભિન્ન હોવા છતાં એ સુખ છે, એ જેટલું મળી શકે તેટલું સારૂં છે, તેથી શા ઉપાયથી આ સુખ થોડી મહેનતમાં દુઃખથી વધારે મળે તેનો ઉપાય શોધવામાં નિરંતર મશગુલ છે. સુંદર શિલ્પશ્રેષ્ટ કવિ પણ સુખેચ્છક છે પણ તે વૈજ્ઞાનિકના જેવા પાર્થિવ (વિષય સંસર્ગજન્ય) સુખને માટે જેટલા જોઇએ તેટલા પક્ષપાતી નથી, પાર્થિવ પદાર્થની અસંપૂર્ણતા, પાર્થિવ સુખની અનુપસ્થિતતા સર્વદા તેના હૃદયને જાગ્રત રાખે છે. તે પાર્થિવ ઉપાદાનથી અપાર્થિવ જગત રચીને અપાર્થિવ, અલૌકિક વિમળ સુખનું અવતારણ કરે છે. તે વૈજ્ઞાનિકોના પ્રમાણે વાસ્તવ જગત્ અસંપૂર્ણ કરીને નિરાંતે બેસતાં નથી; પણ એ કેવી રીતે સંપૂર્ણ થઈ શકે તેનું પ્રદર્શન કરે છે. તે બે જાતના ચિત્ર આંકે છે એકજાતનું વાસ્તવ જગતનું બીજું એક જાતનું અવાસ્તવ કાલ્પનિક જગતનું. ઘણીક વખતે વાસ્તવ તથા અવાસ્તવ એકી ચિત્રિત કરીને એકને અવભાસક કરે છે, જેમ કે,—

पुष्पं प्रवालोपहितं यदि स्यात् मुक्ता फलं वा स्फुटविद्रुमस्थम्
ततोऽनु कुर्यात् विशदस्य तस्या स्ताम्रौष्ठ पर्यस्तरुचः स्मितस्य॥

અર્થાત પુષ્પ જો બાલ પલ્લવના ઉપર રાખવામાં આવે, મોતી જો નિર્મલ વિદ્રુમના ઉપર અધિષ્ઠિત થાય, તો પાર્વતીનો તાંબાના રંગ હોઠ

ઉપર પ્રસૃત વિસ્તારિત હસવાની તુલના થઇ શકે. આ જગાએ પુષ્પ પ્રવાળ, સ્ફટિક હાસ્ય ઇત્યાદિ બધું વાસ્તવ છે, પણ તેઓનો એક એક વચ્ચેના સંબંધ અવાસ્તવ છે. કેવળ વાસ્તવ ચિત્ર કવિયોના ગ્રંથમાં ઘણું મળે છે. કેવળ અવાસ્તવ જેમ કાલિદાસનું યક્ષપુરવર્ણન તથા શેક્સપિયરનું Mid-sumer Night's Dream સચેતા માત્ર જે અભાવ અનુભવ કરે છે અથવા જે અભાવપૂરણને માટે યત્નવાન છે, કવિ પણ તે અભાવપૂરણ કરવામાં પ્રવૃત થાય છે. જેઓને માટે વૈજ્ઞાનિક પ્રાકૃતિક શક્તિનો અનુભવ કરે છે, દાર્શનિક મુક્ત માર્ગ દેખાડે છે, ધર્મ શાસ્ત્રકારો સ્વર્ગાપૂર્વાદિક કલ્પના કરે છે, તેને માટે કવિની અમૃતમયી કલમ શબ્દ રચના કરે છે. પ્રતિભા કલ્પના શક્તિ લોકાચાર પરિજ્ઞાન ઇત્યાદિ જે કંઇ કવિયોના અસાધારણ ગુણ તરીકે કીર્તિત છે તે બધું શબ્દ રચનાના દ્વારથી કાવ્યગત સુંદરત્વનું આધારત્વ થાય છે. શબ્દો માણસ હૃદયના રસભાવાદિના વ્યંજક તથા મનુષ્ય હૃદયમાં પ્રસુપ્ત સંસ્કાર ભાવવાળા તત્તત રસ ભાવાદિના ઉદ્બોધક છે. આ બધા સંસ્કારભાવવાળા રસભાવાદિને નિશબ્દ વીણાદિના તંત્રીગત ઝંકાર શક્તિની સાથે તુલના કરી શકાય છે અને જેમ આંગળીના મારથી એ શક્તિનો વિકાશ થાય છે તથા તંત્રથી શ્રુતિમધુર શબ્દ ઉત્પન્ન થાય છે, તેમ કવિ વાક્ય હૃદયમાં સુતેલા રસભાવાદિને ઉદ્બાધિત કરે છે. ઉદ્બોધિત રસભાવાદિનો આસ્વાદન, કાવ્યાસ્વાદન છે. ઉદ્બોધકના તારતમ્યમાં આસ્વાદનનો પણ ફરક અને તેની સાથે કાવ્યનું ઉતમપણું તથા અધમપણું જોવામાં આવે છે. કવિયોની ભાષા સંપૂર્ણ જુદી અને બાળકોની ભાષાના જેવી છે. રામાયણમાં શીતઋતુના વર્ણનમાં લખ્યું છે,

नियान्ध दर्श श्चद्रमा नप्राकाशते અર્થાત્ નિશ્વાસ વાયુથી સ્પર્શ અંધીભૂત (લુપ્ત બિમ્બ ગ્રહણ શક્તિ) આદર્શના પ્રમાણે ચંદ્રમા પ્રકાશિત થતો નથી. અર્થાત્ જેમ કોઇ દર્પણના ઉપર શ્વાસ છોડયાથી એના ઉપર એક જાતનો સફેદ રંગનું પડ બાઝે છે. તેમાંથી આ દર્શબિંબ દેખાતું નથી, તેમ શીતકાલે ચંદ્રબિંબ વરાળથી ઘેરાયલું જણાયાથી સારી રીતે તે દેખાતું નથી. આ ઠેકાણે જો વૈજ્ઞાનિકને વિજ્ઞાનને માટે કવિનો આ

અભિપ્રાય પ્રકાશ કરવો પડત, તો તે નિશ્ચય આ ઠેકાણે બીજો શબ્દ વાપરાત. પણ સાધારણ માણસ કદાચ આ જગાએ અધ અથવા તેના જેવા બીજા શબ્દ વાપરત. આવી રીતે હજારો ઠેકાણે સાધારણ માણસ તથા કવિની ભાષાગત ઐક્ય તથા ભાષાની વૈજ્ઞાનિક અથવા દાર્શનિકની ભાષાનું જૂદાપણું જોવામાં આવે છે. એનું કારણ શું છે? પહેલા જણાવી ગયા છીએ કે વૈજ્ઞાનિક જડ જગતનું વાસ્તવ (real) સંબંધ નિર્ણય કરવામાં મંડેલું છે, તેથી કોઈ ઠેકાણે તેનો એકનો સંબંધ બીજાના ઉપર આરોપ કર્યાથી ચાલશે નહિ. પણ કવિનું વાસ્તવ અવાસ્તવ બે લઇને વાત હોય છે, ઉલટું ઘણી જગાએ અવાસ્તવનો તેનો સંબંધ વાસ્તવ સ્થાનપર છે. તેથી સંબંધ વિપર્યને તે ઘણો ભય કરતો નથી, વિશેષ કરીને આવા વિપર્યથી કોઇ અલૌકિક સત્ય અવિષ્કૃત અથવા કોઇ અનદ્ભુદ્ધ રસભાવાદિનો ઉલ્લેલ થાય છે. લોક વ્યવહારસ્થલમાં વૈજ્ઞાનિક સૂક્ષ્મતા જરૂર પડતી નથી તેથી જે કોઈ પણ રીતે હો એ ધર્મનું શરખાપણું હોવાથીજ પરંપરાવભાસકરૂપથી એક બીજામાં આરોપ ચાલી શકે છે.

કવિનો મોટામાં મોટો ગુણ સૃષ્ટિ બનાવવાની શક્તિ છે. જે કવિ સૃષ્ટિ બનાવી શકતો નથી, તેના લખાણમાં બીજા પુષ્કળ ગુણ હોય તોપણ તેની વિશેષ પ્રશંસા થતી નથી. કાલિદાસનું ઋતુસંહાર અને ટામસનના તે વિષેના કાવ્યમાં ઉત્તમ રીતે બહારની પ્રકૃતિનું વર્ણન છે, બંને ગ્રંથો અથથી ઇતિસુધી સુમધુર પ્રસાદ ગુણવાળા છે, અને સ્વભાવાનુકારી છે, તથાપિ એ બે કાવ્ય પ્રધાન કાવ્ય તરીકે ગણાતાં નથી, કેમકે એ બેઉમાં સૃષ્ટિચાતુર્ય કંઈજ નથી.

સૃષ્ટિ બનાવવાની શક્તિ એકલી પ્રંશસાને પાત્ર પણ નથી. ઘણાક અંગ્રેજી આખ્યાયિકાના લખનારાઓના લખાણમાં નવી સૃષ્ટિ બહુ હોય છે. તથાપિ એમના ગ્રંથોને કનિષ્ટ પંક્તિના ગ્રંથોમાં ગણવામાં આવે છે, કેમકે તે બધી સૃષ્ટ સ્વભાવાનુકારી અને સૌન્દર્યવાળી ન હોય, તો તેની પ્રશંસા થતી નથી.

સૌન્દર્ય અને સ્વભાવનુકારિતા આ બેમાંથી જો કોઈ કાવ્યમાં એક ગુણ હોય, તો કવિની સૃષ્ટિની કંઇક પ્રશંસા થાયછે ખરી, પણ બેઉ ગુણ ન હોય તો કવિને મોટા પદમાં અભિસિક્ત કરવામાં આવતો નથી આરેબીયન નાઇટસ નામનો જે પ્રખ્યાત ગ્રંથ આરબી ભાષામાં છે, તેનાં ગુજરાતીમાં કેટલાંક ભાષાન્તર થયાં છે. તેના અસલમાં સૃષ્ટિ મનોહારિત્વ અદ્ભુત છે. તેમાં કંઇપણ શક નથી પણ તેમાં સ્વભાનુકારિત ન હોવાથી " આરબી નાઇટ " પૃથ્વીનાં અત્યુત્કૃષ્ટ કાવ્ય ગ્રંથમાં ગણાતું નથી.

કેવળ સ્વભાવનુકારિણી સૃષ્ટિની પણ વિશેષ પ્રખ્યાતિ નથી. જેવું દુનિયાંમાં જોઇએ છીએ તેવીજ કવિતા લખાણમાં બરાબર પ્રતિકૃતિ જોયાથી કવિનાં ચિત્રનૈપુણ્યની પ્રશંસા થાયછે ખરી પણ તેમાં ફક્ત ચિત્રનૈપુણ્યથીજ પ્રશંસા થાયછે, સૃષ્ટિચાતુર્યની પ્રશંસા શી છે? વળી તેનાથી શો લાભ થાય છે? જે બાહર જોઈએ છીએ, તેજ ગ્રંથમાં જોઇએ છીએ, તેથી મને લાભ શો થયો ! ખરેખરી તસબીર જોવાથી અનંદ થાય છે ખરો, કેવળ સ્વભાવને લગતી ગુણવાળી સૃષ્ટિમાં તે આનંદ માત્ર ઉત્પન્ન કરેછે, પણ ગમત મળવા સિવાય બીજો લાભ જે કાવ્યમાં હોતો નથી, તે કાવ્ય સામાન્ય તરીકે ગણાવાં જોઇએ.

પુષ્કળ માણસો આ બોલવું આશ્ચર્યકારક સમજશે કે આપણા દેશ કે સુધારેલા દેશની જાતિમાં ઘણાક વાંચનારાનો આવો ખ્યાલ છે કે, ક્ષણિક ચિત્તરંજનતા સિવાય કાવ્યનો બીજો ઉદ્દેશ નથી. ખરી રીતે જોતાં ઘણાં ખરાં કાવ્યમાં (વિશેષ કરીને ગદ્ય કાવ્યમાં અથવા નવલ કથામાં) આ ચિત્તરંજન પ્રવૃત્તિજ દીઠામાં આવેછે એમાં ચિત્તરંજન કાવ્યના સિવાય લખનારની બીજી મતલબ હોતી નથી અને તેમાં ચિત્તરંજનોપયોગી લાભ સિવાય બીજું કંઇ હોતું પણ નથી. પરંતુ તે બધાને ઉત્કૃષ્ટ કાવ્ય તરીકે ગણાઇ શકાતાં નથી.

જો ચિતરંજન જ કાવ્યની મતલબ હોય તો બેનથામનાં તર્કમાં દોષ શો આવે ?* કાવ્યમાં પણ ચિત્તરંજન થાયછે, શેતરંજ રમવામાં પણ

* બેનથામ કહેછે કે આનંદ સરખો હોવાથી કાવ્યનો અને રમતનો એકજ ભાવ છે.

ચિત્તનું રંજન થાય છે. ઘણાઓને વાંચન કરતાં એક બાજી શેતરંજ રમવામાં વધારે આનંદ મળે છે: ત્યારે તેઓને માટે શું કાવ્ય કરતાં શેતરંજ ઉત્કૃષ્ટ વસ્તુ છે? અને સ્કોટ કાલિદાસાદિના કરતાં એક પાકો રમનારો એ શું મોટો માણસ છે? ઘણાકો વળી કહેશે કે, કાવ્યથી મળતો વિશુદ્ધ આનંદ છે—તે માટે કાવ્યનું અને કવિનું પ્રાધાન્ય છે. શેતરંજના આનંદ અવિશુદ્ધ શાનો છે?"

આવા તર્ક જો કંઇ અયથાર્થ નહિ હોય, તો ચિત્તરંજન સિવાય કાવ્યનો મુખ્ય ઉદ્દેશ બીજો કંઈ જરૂર હોવો જોઇ, તે શું છે?

ઘણાકો જવાબ આપશે કે નીતિનું શિક્ષણ આપવું એ છે. જો તે ખરૂં હોય તો હિતોપદેશ રઘુવંશથી ઉત્કૃષ્ટ કાવ્ય થવું જોઇએ કેમકે હિતોપદેશમાં રઘુવંશથી નીતિ ઘણી છે. એ હિસાબે ઇસપનીતિથી શકુન્તલા કાવ્યાંશમાં નિકૃષ્ટ થવી જાઇએ.

કોઇ પણ આ બોલવું કબૂલ કરશે નહિ, જો તે કબૂલ નહિ કરવામાં આવે, તો કાવ્યનો મુખ્ય ઉદ્દેશ શો છે? શામાટે શેતરંજ રમવી છોડી દઈને શકુન્તલા વાંચવું?

કાવ્યનો ઉદ્દેશ નીતિજ્ઞાન આપવાનું નથી—પણ નીતિજ્ઞાનનો જે ઉદ્દેશ છે. તે કાવ્યનો પણ ઉદ્દેશ છે. કાવ્યનો ગૌણ ઉદ્દેશ મનુષ્યનું ચિત્ત આકર્ષવું એ છે, તે ચિત્તશુદ્ધિજનન છે. કવિયો જગતના શિક્ષણ આપનારા છે—પણ નીતિનું શિક્ષણ આપતા નથી. તેઓ સૌન્દર્યના ચરમોત્કર્ષ સૃજનથી જગતની ચિત્તશુદ્ધિ કરાવેછે. આ સૌન્દર્યનું સૃષ્ટિ કાવ્યનો મુખ્ય ઉદ્દેશ છે. પહેલો એ ગૌણ ઉદ્દેશ છે. છેલ્લો મુખ્ય ઉદ્દેશ છે.

ઉપરનું કહેવું સ્પષ્ટ સમજાવવા માટે ઉદાહરણ આપવાની જરૂર જણાય છે. તેથી નીચે આપવામાં આવેછે.

ચોર ચોરી કરે છે, રાજાએ તેને કહ્યું કે, તું ચોરી કરીશ ના; તેમ કર્યાથી હું તને કેદખાનામાં મોકલીશ, માટે ડરથી જાહેર રીતે ચોરીથી બંધ પડ્યો, પણ તેની ચિત્તશુદ્ધિ થઇ નહિ. તે જ્યારે સમજશે કે, ચોરી કર્યાથી રાજા જાણી શકશે નહિ, ત્યારેજ તે ચોરી કરશે.

તેને ધર્મોપદેશકે કહ્યું "તું ચોરી કરતો ના—ચોરી કરવી એ ઇશ્વરના વિરૂદ્ધ છે." ચોર બોલ્યો, "તે હોય પણ ઇશ્વિરે જ્યારે મારા ખાવાનો કંઇ બંદોબસ્ત કર્યો નથી, ત્યારે હું ચોરી કરીનેજ ખાઇશ" ધર્મોપદેશકે કહ્યું, "તમે ચોરી કરશો તો નરકમાં જશો." ચોર બોલ્યો, "તેના વિશે પ્રમાણ ક્યાં છે ?"

નીતિવેત્તા કહેછે કે "તમે ચોરી કરશો ના કેમકે ચોરીથી બધા માણસનું અનિષ્ટ થાયછે, જેના યોગે બધાનું નુકસાન થાય, તે કોઇએ કરવું ન જોઇએ." ચોરે કહ્યું, "જો બધાં માણસો મારે માટે વિચાર કરત, તો હું બધાને માટે વિચાર કરત. પણ જ્યાં માણસો મને કંઇ આપતા નથી, ત્યારે તેઓની નુકસાની થાય તો છો થતી, પણ હું ચોરી કરીશ."

કવિયે ચોરને કંઇ કહ્યું નહિ, ચોરી કરવાની મનાઇ પણ કરી નહિ. પણ તેણે એક સર્વજન મનોહર પવિત્ર ચરિત્ર સૃજન કર્યું તેથી ચોરનું પણ મન મુગ્ધ થયું. મનુષ્યનો સ્વભાવ એવો છે કે જેમાં મુગ્ધ થાય છે. તે વારેવાર ચિત્તને આનંદ આપીને તેના વિષે વિચારમાં પ્રવૃત્ત કરે છે, તેમાં આકાંક્ષા ઉત્પન્ન થાયછે— કેમકે લાભ આકાંક્ષાનું નામજ અનુરાગ છે. આવી રીતે પવિત્રતાના ઉપર ચોરનો અનુરાગ ઉત્પન્ન થાયછે તેથી ચોરી વગેરે અપવિત્ર કામ ઉપર તે વીતરાગવાળો થાય છે.

સુવિવેચક વાંચનારાઓ ઉદ્દેશ અને સફલતા બેઉના ઉપર વિચાર કર્યાથી રાજા, રાજનીતિવેત્તા, વ્યવસ્થાપક, સમાજતત્વવેત્તા, ધર્મોપદેષ્ટા, નીતિવેત્તા, દાર્શનિક વૈજ્ઞાનિક આ બધા કરતાં કવિ શ્રેષ્ઠ છે. કવિત્વ પક્ષમાં માનસિક શક્તિની જરૂર છે, તેના ઉપર વિચાર કર્યાથી પણ કવિનું તેવું પ્રધાનપણું કબુલ કરાશે. કવિઓ જગતના શ્રેષ્ઠ શિક્ષણ આપનારા છે અને ભલુ કરનારા છે, અને સઘળા કરતાં વધારે માનસિક શક્તિવાળા છે.

શી રીતે કાવ્યકારો આ મહત્ કાર્ય સિદ્ધ કરે છે? જે બધાના ચિત્તને ખેંચે, તેની સૃષ્ટિના દ્રષ્ટા, બધાના ચિત્તને આકૃષ્ટ કરે એવું શું છે? સૌન્દર્ય, એટલા માટે સૌન્દર્યસૃષ્ટિજ કાવ્યનો મુખ્ય ઉદ્દેશ છે. સૌન્દર્ય અર્થમાં કેવળ બહારની પ્રકૃતિનું અથવા શારીરિક સૌન્દર્ય નથી. બધી જાતનાં

સૌન્દર્ય સમજવાં જોઇએ. જે સ્વભાવાનુકારી નથી, તેમાં વહેમી લોકોના સિવાય કોઇનું પણ મન મુગ્ધ થતું નથી, એ વાસ્તે સ્વભાવાનુકારિતા સૌન્દર્યનો એક ગુણ માત્ર છે—સ્વભાનુકારિતાના શિવાય સૌન્દર્ય ઉત્પન્ન થતું નથી, અને સ્વભાવાનુકારિતા અને સૌન્દર્યના બે જૂદા ગુણ તરીકે બતાવ્યા છે, તેનું કારણ એ છે કે સૌન્દર્યના ઘણા અર્થ જનમંડળમાં ચાલેછે.

વળી એક વાત સમજાવ્યાથી તે સારીરીતે સમજાશે. આ જગત્ સૌન્દર્યમય છે, તેની તસબીર માત્ર સૌન્દર્યમયજ થશે ત્યારે શામાટે અમે ઉપર લખી ગયા છીએ કે, જે પ્રકૃતિની પ્રતિકૃતિ એટલે છબિ આંકવાથી તે સૃષ્ટિમાં કવિનું જેટલું જોઇએ તેટલું ગૌરવ નથી? તેનું કારણ એ છે કે કેવળ પ્રતિકૃતિ—નકલ માની—તેમાં સૃષ્ટિ કહેવાય નહિ. જે ખરેખર પ્રતિકૃતિ માત્ર નથી—તેજ સૃષ્ટિ છે, જે સ્વભાવાનુકારી છતાં સ્વભાવાતિરિક્ત છે, તેજ કવિની પ્રશંસાને પાત્ર સૃષ્ટિ છે તેમાંજ ચિત્ત સારી રીતે ખેંચાય છે. જે ખરું છે, તેમાં જેટલું જોઇએ તેટલું ચિત્ત ખેંચાતું નથી, કેમકે તે અસંપૂર્ણ છે, દોષવાળી છે, જૂની છે અને ઘણી વેળાએ અસ્પષ્ટ છે. કવિની સૃષ્ટિ પોતાની ઇચ્છાને તાબે હોય છે—તેથી સંપૂર્ણ, દોષ વિનાની, નમ અને સ્પષ્ટ થઇ શકે છે.

આવી સૌન્દર્યની સૃષ્ટિ એ કવિનો સર્વથી મોટો ગુણ છે—તે સુંદર સ્વભાવાનુકારી, સ્વભાવાતિરિકત સૌન્દર્ય સૃષ્ટિ ગુણમાં ભરતખંડના કવિયોમાં વાલ્મીકિ અને મહાભારતકાર મોટા છે. એક એક કાવ્યમાં જેવી સૃષ્ટિ વૈચિત્ર્યપ્રાય : જગતમાં, દુર્લભ છે.

કવિની સૃષ્ટિ—ચરિત્ર, રૂપ, સ્થાન, અવસ્થા, કાર્યાદિમાં થાયછે. એમાંથી કોઇ એકની સૃષ્ટિ કરવાનો કવિનો ઉદ્દેશ રહેવો નહિ જોઇએ. બધાના સંયોગથી સૌન્દર્યની સૃષ્ટિ તેનો મુખ્ય ઉદ્દેશ હોવો જોઇએ, ચરિત્રરૂપ, સ્વસ્થા કાર્ય આ બધા સરખી રીતે ગોઠવ્યાથી જે સુંદરતા આવે તોજ કવિ સિદ્ધિને પામે છે.

સૃષ્ટિકૌશલ્ય કવિનો મોટામાં ગુણ છે. કવિનો બીજો એક વિશેષ ગુણ રસોદ્દભાવન છે, રસોદ્દભાવન કોને કહેવામાં આવે છે, અમે તે સમ-

જાણવાની ઇચ્છા કરીએ છીએ, પણ રસ શબ્દનો ઉપયોગ કર્યાથી—અમે તે રસ્તામાં કાંટા પાથર્યા છે. આપણા દેશના પ્રાચીન આલંકારિકોએ વાપરેલા શબ્દો અમે એકીવારે ત્યાગ્યા છે. વાપર્યાથી વિપદમાં પડવું પડેછે. અમે બનતી મહેનતે ત્યાગ્યા છે, પણ આ રસ શબ્દનો વ્યવહાર કરતાં વિપદ પડી મનુષ્યની ચિત્તવૃત્તિ અસંખ્ય છે. રાતિ શોક, સ્થાયિભાવ હર્ષ, અમર્ષ વગેરે વ્યભિચારી ભાવ છે. સ્નેહ, પ્રેમ, દયા એઓમાં કયાં પણ જગા નથી. તે નથી સ્થાયી કે વ્યભિચારી—પણ એક કાવ્યાનુપયોગી ખરાબ માનસિક વૃત્તિ આદિ રસના આકાર સ્વરૂપ સ્થાયી ભાવના પહેલાથી જગા મેળવી છે. સ્નેહ, પ્રેમ દયાદિ પરિતાપક રસ નથી; પણ શાંતિ એક છે તેથી આવા પ્રકારના પારિભાષિક શબ્દ લઇને ચર્ચા કરવાનું કામ થતું નથી. અમે કહેવા ઇચ્છિએ છીએ તે બીજી વાતથી સમજાવીશું—આલંકારિકોને પ્રમામ કરીએ છીએ.

મનુષ્યનાં કાર્યનું મૂળ તેઓની ચિત્તવૃત્તિ છે. બધી ચિત્તવૃત્તિ અવસ્થા પ્રમાણે ઘણી વેગવતી થાય છે. તે વેગને સમુચિત વર્ણનદ્વારા સૌ ન્હર્યનું સૃજન કરવું, એ કાવ્યનો ઉદ્દેશ છે. આપણા દેશના આલંકારિકો તે વેગવતી મનોવૃત્તિયોને સ્થાયીભાવ નામ આપીને આ શબ્દની આવી પરિભાષા કરી છે કે, ખરી વાત સમજવી એ ઘણી મુસ્કેલી પડે છે. અંગ્રેજી આલંકારિકો તેને (Passions)કહેછે. અમે તેના કાવ્યગત પ્રકૃતિને રસોદ્ભાવન કહીએ છીએ.

કાવ્ય રસની સામગ્રી મનુષ્યનું હૃદય છે જે મનુષ્ય હૃદયનો અંશ અથવા જે તેનો સંચાલક છે, તેના સિવાય બીજું કોઇ પણ કાવ્યોપયોગી નથી પણ કોઇ કોઇ વખતે મહાકવિયો જે અલૌકિક માણસો છે તેનું પણ વર્ણન કરવામાં પ્રવૃત્ત થાય છે. તેમાં ઘણું ખરું મનુષ્ય ચરિત્ર ચિત્ર કરવાની મતલબ માત્ર હોય છે. મહાભારત, ઇલિયડ વગેરે પ્રાચીન કાવ્યો આવી જાતનાં પાર્થિવ નાયક નાયિકાના ચિત્ર દેવચરિત્ર વર્ણનથી ભરપૂર છે. દેવચરિત્ર વર્ણન કરવામાં રસની હાનિ થવાનું એક મોટું કારણ એ હોય છે કે, જે મનુષ્ય ચરિત્રાનુકારી હોતા નથી, તેની જોડે મનુષ્ય લખનાર અશ-

વા મનુષ્ય વાંચનારની સહૃદયતા ઉત્પન્ન થઇ શકતી નથી. જો આપણે કો-ઈ ઠેકાણે વાંચીએ કે કોઇ નર્મદાના એક ઉંડા પાણીના ખબોચીઆમાં ડુ-બીને અજગર સર્પ પાણીમાં તેના ઉપર હુમલો કરે છે, તો આપણા મન-માં ભયનો સંચાર થશે; આપણે જાણીએ છીએ કે, આવી વિપદમાં પડ્યા-થી માણસનું મૃત્યુ થવાનો સંભવ છે; એટલામાટે તેના મૃત્યુની શંકા થ-વાથી આપણે ભયભીત તથા દુઃખિત થઇએ છીએ; કવિની મતલબ રસ ઉત્પન્ન કરવાની છે તેથી તેનો યત્ન સફળ થાય છે. પણ જો આપણે પહે-લેથી જાણીએ કે, ડુબી ગયલો માણસ ખરી રીતે માણસ નથી, દેવપ્રકૃતિ-નો છે, પાણી અથવા અજગરની શક્તિને તે તાબે નથી, ઇચ્છામય અને સર્વ શક્તિમાન છે, તે વેળાએ આપણને ભય અથવા આશ્ચર્યપણું રહેતું ન-થી, કેમકે આપણે પહેલેથી જાણીએ છીએ કે, પેલા અજય અવિનશ્વર પુ-રુષ હમણાંને હમણાં કાળને દમન કરીને પાણીમાંથી પાછો ઉઠશે.

આવી અવસ્થામાં પણ પ્રાચીન કવિયોએ દૈવ અથવા અતિમાનુષ ચરિત્રની સૃષ્ટિ કરીને લોકરંજનમાં સમર્થ થાય છે, તેનું એક વિશેષ કાર-ણ છે. તેઓએ દેવ ચરિત્રને મનુષ્ય ચરિત્રાનુકૃત કરીને વર્ણન કર્યું છે; તે-થી તે બધા કાવ્યની જોડે વાંચનાર અથવા સાંભળનારાની સહૃદયતાની ખો-ટ રહેતી નથી. મનુષ્યો રાગદ્વેષાદિને વશીભૂત છે, મનુષ્ય સુખનો અભિલાષી છે, દુઃખનો નથી. મનુષ્ય આશામાં લુબ્ધ છે, સૌન્દર્યમાં મુગ્ધ છે, અનુતા-પથી દગ્ધ છે, આ મનુષ્યની પ્રકૃતિ દેવતામાં પણ તેવીજ પ્રકૃતિ કવિએ મૂ-કેલી હોય છે. શ્રીકૃષ્ણ જગદીશ્વરનો આંશિક અથવા સંપૂર્ણ અવતારસ્વરૂપ કલ્પિને પણ મનુષ્યના જેવો માનવધર્માવલંબી કવિએ કર્યો છે. માનવ ચ-રિત્રમાંની એવી એક પણ ઉત્કૃષ્ટ મનોવૃત્તિ નથી કે, ભાગવતકારે શ્રીકૃષ્ણ ચરિત્રમાં અંકિત કરી ન હોય. આ માનુષિક ચરિત્રના ઉપર અતિમાનુષિક બળ અને બુદ્ધિના સંયોગથી ચિત્રનું કેવળ મનોહરિત્વ વધ્યું છે, કેમકે ક-વિએ માનુષિક બળ બુદ્ધિસૌન્દર્યનું ચરમોત્કર્ષ સૃજન કર્યું છે. કાવ્યમાં અતિ-પ્રકૃતિના સંસ્થાનની મતલબ અને લાભ આવો છે; અને તેનો નિયમ આ-વો છે કે, જે પ્રકૃત છે તે બધા નિયમને તાબે છે, કવિની સૃષ્ટિ અતિ પ્ર-

કૃતિમાન અને નિયમને તાબે હોવી જોઇએ.

સંસ્કૃતમાં કુમારસંભવ અને અંગ્રેજીમાં Paradise lost તેવાં કાવ્યો છે. મિલ્ટનનો નાયક દેવપ્રકૃતિવાળો ઇશ્વર વિદ્રોહી સેતાન છે અને તેના અનુચર વર્ગ છે. જગદીશ્વરની સાથે તેઓનો વિવાદ છે, જગદીશ્વર અને તેના અનુચરની સાથે તેઓની લઢાઈ છે. મિલ્ટને કોઇ પક્ષને સર્વ રીતે માનવ પ્રકૃતિવાળા કર્યા નથી. તેથી તે કાવ્યરસનો અત્યુત્કૃષ્ટ અવતારણા કરવામાં ફતેહમંદ થવા છતાં પણ લોક મનોરંજનમાં જેટલો જોઇએ તેટલો ફતેમંદ થયો નથી. Paradise lost અત્યુત્કૃષ્ટ મહાકાવ્ય હોવા છતાં ઘણું કરીને કોઈ તેને પહેલથી અન્ત સુધી વાંચતાં નથી. પહેલેથી છેલ્લે સુધી વાંચવું એ કષ્ટદાયક થઇ પડે છે. મિલ્ટનના જેવા પહેલી પંક્તિના કવિનું લખાણ નહિ હોત ને જો કોઈ મધ્યમ પંક્તિના બીજા કવિનું કાવ્ય હોત, તો કોઇ વાંચત કે નહિ તે શક ભરેલું છે. એનું કારણ એ છે કે, મનુષ્ય ચરિત્રના અનનુકારી દૈવ ચરિત્રમાં મનુષ્યની સહૃદયતા થતી નથી. આ કાવ્યમાં જ્યાં આદમને ઇવનો પ્રસંગ છે, ત્યાંજ વધારે સુખદાયક જણાય છે. પણ એઓ એ કાવ્યનાં ખરાં નાયક નાયિકા નથી. તેઓનું વર્ણન આનુષંગિક માત્ર છે. આદમ અને ઇવ ખરેખરાં મનુષ્ય પ્રકૃતિનાં છે; તેઓ પહેલાં માણસ છે, પાર્થિવ સુખ દુઃખને તાબે નથી, નિષ્પાપ છે; જે શિક્ષણના ગુણથી માણસ માણસને, તે શિક્ષણ મળતું નથી એટલા માટે આ કાવ્યમાં ખરેખરૂં મનુષ્ય ચરિત્ર વર્ણન કરવામાં આવ્યું નથી.

કુમારસંભવમાં એક પણ માણસ નથી. જે મોટો નાયક છે તે પોતે પરમેશ્વર છે. નાયિકા પરમેશ્વરી છે. તેના સિવાય પર્વત, પર્વત મહિષી, ઋષિ, બ્રહ્મા, ઇંદ્ર, કામ, રતિ ઈત્યાદિ દેવદેવી છે. ખરી રીતે જોતાં આ કાવ્યનો તાત્પર્ય અતિ ગૂઢ છે. સંસારમાં બે સંપ્રદાયનાં માણસો સર્વદા એક બીજાની જોડે લઢતાં જોવામાં આવે છે. એક ઇન્દ્રિય પરવશ; ઐહિક સુખમાત્રનો અભિલાષી, પારત્રિક વિચારમાં નિમગ્ન છે; બીજો વિષય રહિત, સંસારિક સુખમાત્રનો દ્વેષી, ઇશ્વિરની ચિંતામાં મગ્ન છે એક પ્રકારનાં માણસો કેવળ શારીરિક સુખને સાર સમજે છે, બીજાં એક જાતનાં માણસો શારીરિક

સુખને અનુચિત વિદ્વેષ કરે છે. ખરી રીતે જોતાં આ બે જાતનાં માણસો ભૂલાવામાં પડેલાં છે. જેઓ ઇશ્વરવાદી છે, ઇશ્વરે આપેલી ઇન્દ્રિયો અમંગળદાયક છે અથવા અલાભક છે એમ ધારવું એ તેઓનું અકર્તવ્ય છે. શારીરિક ભોગાતિશય એજ દૂષણીય છે; નહિ તો પરિમિત શારીરિક સુખ સંસારનો નિયમ છે, સંસારની રક્ષાનું કારણ છે, ઇશ્વરની આજ્ઞા છે અને ધર્મની પૂર્ણતા કરવામાં મદદ આપે છે. આ શારીરિક અને પારત્રિકને સંયોગ કરવો એજ કુમારસંભવ કાવ્યનો ઉદ્દેશ છે. પાર્થિવ પર્વતથી ઉત્પન્ન થયલી ઉમા શરીરરૂપી છે; તપ કરનાર મહાદેવ પારત્રિક શાંતિની પ્રતિમા છે. શાંતિ મેળવવાને માટે ઉમાએ પહેલાં મદનની મદદ લીધી હતી. પણ તેમાં તે નિષ્ફળ થઇ. ઇંદ્રિય સેવાથી શાંતિ મળતી નથી. આખરે પોતાનું ચિત્ત વિશુદ્ધ કરીને ઇન્દ્રિયાસક્તિ ચિત્તમાંથી દૂર કરીને જ્યારે શાંતિના ઉપર ધ્યાન લગાડ્યું, ત્યારેજ તેને મેળવવાને સમર્થ થઇ. સંસારિક સુખને માટે ચિત્તશુદ્ધિની જરુર છે; ચિત્તશુદ્ધિ થયાથી ઐહિક તથા પારત્રિક એકમેકનો વિરોધ થતો નથી; એકમેકને મદદ કરે છે.

આવી રીતે કવિએ મનોવૃત્તિ વગેરે લઇને નાયક નાયિકા બનાવીને લોકપ્રીત્યર્થ લૌકિક દેવતાઓના નામથી તે પરિચિત કરે છે.

Paradise Lost વાંચતાં શ્રમ જણાય છે; કુમારસંભવ અથથી ઇતિસુધી વારંવાર વાંચ્યા છતાં પણ પરિતૃપ્તિ ઉત્પન્ન થતી નથી. એનું કારણ એ છે કે કલિદાસે કેટલાંક દેવચરિત્ર મનુષ્ય ચરિત્રાનુકૃત કરીને આખરે માધુર્યવાળાં કર્યા છે. ઉમા પોતે પહેલેથી છેલ્લેસુધી માનષી છે, ક્યાંઇ પણ તેનું દેવત્વ દીઠામાં આવતું નથી. તેની મા મેના છે, તે પણ મનુષ્યની માના જેવી છે. ઉમાની મા અને શેમિયોના પિતાની એકજ પ્રકૃતિ બેઉની તુલના કર્યાથી જણાશે—હાડકાંમાં તેવો માનવ છે. મેના પાષાણુની રાણી છે. પણ કુલવતી માનનિયોના જેવી છે, તેનું હૃદય ફૂલના જેવું કોમળ છે.

સ્મૃતિ અને કવિતા.

વસ્તુના રાજ્યમાં કવિતાને રમવાનો ઘણું કરીને લાગ મળતો નથી, કોઈ પણ રીતનું નોતરૂં કબૂલ કરીને તે જલદીથી ચાલી જાય છે. પણ નોતરૂં રક્ષા કરવાને આવતાં તે એકીવારે ખાલી હાથથી પાછી જતી નથી, એક આબછાયા સ્મૃતિ લઇને ઘેર પાછી જાય છે. તે સ્મૃતિથી ખેંચી ખેંચીને કવિતા પોતાને ખીલવી મૂકે છે. વસ્તુની આબછાયામાંથી પ્રાણ કાઢવો એજ તેનું કામ છે. વૈજ્ઞાનિક પૃથક્કરણની સાથે તેનો કંઈ પાસેનો સંબંધ નથી. એ વાસ્તે કવિત્વ ભાવમાં છે. છંદમાં, શબ્દમાં, અનુપ્રાસમાં અને શ્લેષ પ્રયોગમાં કવિત્વ નથી. ભાવ પ્રકાશની સહાયતા કરે છે, તેથીજ તેઓની જે કંઈ મર્યાદા છે.

સ્મૃતિના મંદિરમાંજ કવિતાની પ્રતિષ્ઠા છે. પ્રમાણ તરીકે ઘણાક મોટા મોટા કવિઓના નામ અપાઇ શકાય, જેઓએ વસ્તુ જોઇને કવિતા લખી નથી, ઘણા કાળ પછી બાકી રહેલી સ્મૃતિ લઇનેજ કવિતા રચી છે. હિમાદ્રિના ઉચ્ચા શિખર જોઇને હૃદય ભાવથી અભિભૂત થઇ પડે છે, ત્યારે તે ભાવ શી રીતે પ્રકટ કરાય? કવિનું તે વેળાએ તેના ઉપર અધિકાર નથી. ધ્યાન મગ્ન યોગીના જેવા પોતાના હૃદયમાં તે તે વેળાએ તે મહાન્ ગંભીર ભાવ અનુભવ કરીને વ્યાકુલ હોય છે. તે વેળાએ કવિતા લખવા બેઠાથી તે ભાવ અનુભવ કરી શકાતો નથી, તેથી કવિતા બહારથી થતી નથી. કવિતા હૃદયમાં કવિતા રચિત થયાથી તે તે તેની ભાષામાં પ્રકાશ કરી શકે છે.

ચિત્રમાં વસ્તુની છાયા રહે છે, કવિતામાં છાયા પણ રહેતી નથી. જે રહે છે તે છાયા છે. તે છાયા તરીકે જણાય છે ખરી, પણ છાયાની જેટલી વસ્તુગત અસ્તિત્વ તે પણ તેમાં હોતી નથી. કવિતામાં છાયા–ભાવ છે–છાયા વસ્તુ ક્યાં છે? ભાવ સ્મૃતિમાંજ એકત્ર થાય છે, વસ્તુ તે વેળાએ એકીવારે ભૂસાઇ ગઈ છે. એ કારણથી કવિતા સ્મૃતિમયી છે. સ્મૃતિ આચ્છન્ન થઇનેજ તે રહે છે, વસ્તુ આચ્છન્ન થઈ રહેતી નથી. વસ્તુ આચ્છાદનથી ભાવની સારી પેઠે સ્ફૂર્તિમાં હરકત પડે છે. મનોરાજ્ય સંબં-

ધમાં જેઓએ કદી પણ આલોચના કરીને જોયું છે, તેઓજ સમજી શકશે કે કવિતામાં વસ્તુ એકીવાર બાદ કરી શકાતી નથી, તે છતાં કવિતામાં વસ્તુ આચ્છન્ન કેમ નથી, મનોરાજ્યમાં જેની ગતિવિધિ નથી, તેઓને આ વાત સમજાવવી મુશ્કેલ છે.

કવિતાનો વિષય ઘણીક વેળાએ વસ્તુ હોય છે. પણ વસ્તુમાં જે અશરીરી પ્રાણ છે, તે વ્યક્ત કરી મૂકવું એજ કવિતાનું કામ છે. માણસનું શરીર કુંભાર બનાવી શકે છે, પણ શરીરમાં પ્રાણ ઓતપ્રોત છે, તે પ્રાણ પ્રસ્ફુટિત કરવું જે તે માણસને સાધ્યાયત્ત નથી. શરીરનું વિશેષ વર્ણન જાણવું હોય તો શરીર વિજ્ઞાન છે. કવિતાનો ઉદ્દેશ જુદો છે. કવિતામાં પ્રતિભા વિકાશ છે, પ્રાણની સર્વાંગી, સ્ફૂર્તિની જરૂર છે. ટૂંકામાં કવિતા જીવતી નથી, કવિતા વિશેષ રૂપે ભાવવત છે. એ જેટલી વસ્તુની પાસે ખસી આવે છે તેટલી શ્લોકમાં ફેલાય છે અથવા એ જાતીય કોઇ કંઇમાં પરિણત થાય છે. વસ્તુના ઢાંકણમાં ભાવ ઢંકાઇ જાય છે. આને મોટી ઉચી ભીત ચણીને કોઇએ કદી ઘરની શોભા જણાવી છે !

કવિના મનમાં સંપૂર્ણજ પહેલાં કવિતાની રચના કરે છે. પણ અપાર્થિવ તેથી અદૃષ્ટ વિષયમાં સ્મૃતિ રચના શી રીતે કરે? કલ્પનાની પણ એક સ્મૃતિછે. કવિ કલ્પનાથી એક વિષય ઉભા કરી મૂકે છે, ત્યાર પછી તેના મનમાં તેનો કેવળ એક અસ્પષ્ટ વ્યાકુલ ભાવ માત્ર બાકી રહે છે. અસ્પષ્ટ વિષયની કવિ આ સ્મૃતિ છે. એક વાર સ્મૃતિ સંપર્ક શૂન્ય કવિતા બોધ થતી નથી. ત્યારે સ્મૃતિ જરૂર વસ્તુની પણ છે, ભાવની પણ છે. પણ વસ્તુની સ્મૃતિ પણ ઘણીક ભાવમય હોય છે. સ્મૃતિમાં તો વસ્તુ રહી શકતી નથી.

સ્મૃતિમાં પહેલો ઉચ્છ્વાસ ઘણોક સંયત થઇ પડેછે. ઉચ્છ્વાસ—બાહુલ્યથી અભિભૂત જડ ભાવ રહેતો નથી. ઉચ્છ્વાસ જ્યારે પૂર્ણ આવેગ ત્યારે નીરવતા સિવાય તેની ભાષા ઉચ્છ્વાસને પોતાના આધીનમાં આણવા પામ્યાથી તે વેળાએ ભાષા વ્યક્ત કરાય છે. પણ તે ભાષા પણ તેમ ઉચ્છ્વાસમયી, આવેગમયી છે; નીરસ થવાના જેવી તે કેવળ મુખની

ભાષા નથી. ભાવની ભાષા, હૃદયની ભાષા અને આવેગની ભાષા છે.

સુબૃહત્ સંયત કલ્પનાજ ખરેખરા કવિની ઓળખાણ છે. અસંયત કલ્પના બાળકનેજ શોભે છે. કવિ કલ્પનાનો ચાલક—દાસ નથી. જેટલું જોઇએ તેટલું સંયમ ન રહેવાથી સુસંલગ્ન ભાવનો કવિ થવાતો નથી. સ્મૃતિ સંયમનું એક મોટું ઉપકરણ કહેવાઇ શકાય એ માટે જણાય છે કે કવિતાનો જન્મ લગભગ સ્મૃતિમાં છે.

સ્મૃતિમાં સૌન્દર્ય વિશેષરૂપથી વ્યક્ત થાય છે કે નહિ, ઘણીક વસ્તુનું સૌન્દર્ય કેવળ અતીતમાંથીજ વિકશિત થયું છે. ખરી પડેલું ફૂલનું સૌન્દર્ય કેમ નથી ! તેમાં અતીતનું સુગંધ વિલીન થયું છે તેથીજ શું નથી ? તે જો કળીની અવસ્થામાંથી વ્યક્ત થઇને નહિ ખરી પડત, તો આપણી પાસે શું તેનું વિશેષ સૌન્દર્ય પ્રતિભાત થાત ? અતીતના સુગંધની સ્મૃતિથી ઢંકાઇનેજ તે સુંદર છે. આપણા હૃદયના પુષ્કળ ભાવોનું પણ પોતાનું સૌન્દર્ય જેટલું રહે અથવા ન રહે પ્રાચીન સ્મૃતિમાં તે ઘણીક વખતે વિશેષ સુંદર થઇ પડે છે. કવિતાનું જેઓએ અનુશીલન કર્યું છે, તેઓ એ સારી પેઠે અનુભવ કરી શકશે. વસ્તુ ઉપભોગની વખતે ભાવની સ્ફૂર્તિ થતી નથી. પણ જ્યારે વસ્તુ ખરી જાય છે ત્યારે ભાવ વિકશિત થાય છે. ઉદાહરણની ખોટ નથી ઘરની પાસેજ ઘણા દષ્ટાંત મળે છે.

જ્યાંસુધી વસ્તુ ઇન્દ્રિય ગ્રાહ્ય રહે છે, ત્યાંસુધી તે હૃદયમાં મળી શકતા નથી. આંખ જોઇને અવશ થઇ જાય છે, આંખની કીકીમાં વસ્તુની છાયા પડે છે. ત્યારપછી વસ્તુજ આંખથી બહાર જાય છે કે, છાયા આંખની કીકી છોડીને એકીવારે હૃદયમાં મલે છે—છાયા તે વેળાએ ભાવથી પર્યવસિત છે. આ ભાવમય હૃદય જ્યારે પૂર્ણ ઉચ્છવાસથી વિકશીત થઇ પડે છે, ત્યારેજ કવિતાની સૃષ્ટી થાય છે. પ્રબલ ભાવ સ્રોત રોધ કરી શકાતો નથી. કૃત્રિમ ઉપાયથી પણ તે સ્રોતને પ્રવાહિત કરી શકાતો નથી. કવિતાનો પ્રાણ સ્વભાવિકતા છે.

સ્મૃતિની સાથે કવિતા વિશેષ રૂપથી સંબંધ છે, એ દેખાડવામાં આવ્યું. બધા સ્થળમાં નિયમનું સ્થળ વિશેષમાં વ્યતિક્રમ થઇ શકે છે પણ સાધારણ

રીતે કવિતા રચના સ્મૃતિમાં છે. સ્મૃતિને એ વાસ્તે કવિ કહ્યાથી અમે ધારીએ છીએ કે તે ઘણી અત્યુક્તિ કહેવાશે નહિ.

સંગીત અને કવિતા.

કહેવું પડે એમ નથી કે, જ્યારે આપણે એક કવિતા વાંચીએ છીએ, ત્યારે તેને ફક્ત કહેવાની સમષ્ટિ તરીકે જોતા નથી–કહેવાની સાથે ભાવના સંબંધનો વિચાર કરીએ છીએ. ભાવજ મુખ્ય લક્ષ હોય છે. કહેવું એ ભાવનો આશ્રય સ્વરૂપ હોય છે. આપણે કવિતાને પણ તેવી રીતે જોવા ઇચ્છીએ. સંગીત ભાવની રાગ રાગિણી છે. અમારૂં કહેવું એ છે કે –જેમ કવિતા ભાવની ભાષા છે, તેથી સંગીત પણ ભાવની ભાષા છે. આમ છે તો કવિતામાં અને સંગીતમાં શો પ્રભેદ છે? તેની આલોચના કરવામાં આવે છે.

આપણે ઘણું કરીને જે ભાષામા બોલીએ છીએ, તે યુક્તિની ભાષા છે. "હા" કે "ના" એ લઇનેજ તેનો કારભાર ચાલે છે. આજે અહિં ગયો, કાલે ત્યાં ગયો હતો, કાલે એ આવ્યો ન હોતો, આ રૂપું છે પેલુ સોનું છે. ઇત્યાદિ આ બધા બોલવાના ઉપર યુક્તિ ચાલે છે, "આજે હું અમુક જગાએ ગયો હતો," એ હું નાના પ્રકારની યુક્તિથી સિદ્ધ કરી શકું છું. વસ્તુ વિશેષ એ રૂપુ છે કે સોનું એ પણ પણ જૂદી જૂદી યુક્તિના આશ્રયથી હું બીજાને મનાવી શકું છું. એટલા માટે, ઘણું કરીને આપણે જે વિષયની વાત ચીત કરીએ છીએ, તે માનવી કે ન માનવી એ યુક્તિના વધતા ઓછાપણાના ઉપર આધાર રાખે છે. એ બધી વાત ચીતને માટે આપણી ચાલતી ભાષા છે–અર્થાત્ ગદ્ય નિયુક્ત રહી છે.

પણ વિશ્વાસ કરાવવો એ એક છે બીજું ઉદ્રેક કરાવવું સ્વતંત્ર છે. વિશ્વાસનો ફણગો મગજમાં છે, અને ઉદ્રેકનો ફણગો હૃદયમાં છે. એ વાસ્તે મનાવવા માટે જે ભાષા વાપરવામાં આવેછે. તે ઉદ્રેક કરવા માટે તે

ભાષા ઉપયોગમાં આવતી નથી. યુક્તિની ભાષા ગમે અમને વિશ્વાસ કરાવે છે, વળી કવિતાની ભાષા પણ અમને ઉદ્રેક કરાવે છે. જે બોલવામાં યુક્તિ જોઇએ છીએ, તે બીજાને સમજાવવી ઘણીજ સહેલી છે, પણ જેમાં યુક્તિની જરૂર પડતી નથી, જે યુક્તિના કાયદામાં પકડાતી નથી, તેને સમજાવવી એ સહેલું કામ નથી. કેમ નામનો એક આંખમાં ચશમા ધારી દુષ્ટ રાજાધિરાજ તરત તેના ઉપર વાંધો નાખશે, તરત તે આવીને હિસાબ માગવા માટે હાજર થતો નથી. તે સત્ય મહારાજ કેમની પ્રજા નથી, તેનું વાસ સ્થાન કવિતામાં છે. અમારૂ હૃદયગત સત્ય કેમની ઘણી દરકાર રાખતી નથી. યુક્તિનું એક વ્યાકરણ છે, કોશછે પણ આપણી રૂચિનું અર્થાત સૌન્દર્ય જ્ઞાનનું આજ સુધી વ્યાકરણ તૈયાર થયું નથી. તેનું મોટામાં મોટું કારણ એ છે કે, તે આપણા હૃદયમાં નિર્ભયથી રહેછે—અને તે દેશમાં, કેમ, કોર્ટનું વારન્ટ જારી થઇ શકતું નથી. એકવાર જો તેને યુક્તિની સામે ઉભા રાખવા પામત, તો તેનું વ્યાકરણ બહાર પડત, એટલા માટે યુક્તિ જે સત્યો સમજાવી શકતાં નથી તેથી સૂકાન છોડી દીધું છે. કવિતાએ આ સત્યો સમજાવવાનો બોઝો પોતાના ખભા ઉપર લીધોછે એ વાસ્તે જ સ્વભાવત; જ યુક્તિની ભાષા તથા કવિતાની ભાષા સ્વતંત્ર થઇ ગઇછે. ઘણી વખતે એવું થાયછે કે હજારો પ્રમાણની મદદથી એક સત્યના ઉપર વિશ્વાસ રાખીએ છીએ માત્ર પણ આપણા હૃદયમાં તે સત્ય ઉદ્રેક થતું નથી. વળી ઘણીક વેળાએ એક સત્યનો ઉદ્રેક થયો છે, સેંકડો પ્રમાણો આવ્યાથી તે જતો નથી. એક નૈયાયિક જે કરી શકતો નથી, તે એક વાગ્મી કરી શકછે. નૈયાયિકમાં તથા વાગ્મીમાં ભેદ એટલોજ છે કે નૈયાયિકના હાથમાં યુક્તિની કુહાડી અને વાગ્મીના હાથમાં કવિતાની ચાવીછે. નૈયાયિક કાંપના ઉપર કાંપ બેસાડેછે, પણ હૃદયનો દરવાજો ભાંગ્યો નહિ, વળી વાગ્મી ક્યાં એક કુચી ફેરવી કે તરત દરવાજો ઉઘાડી ગયો, બેઉના હથિયાર જૂદી જાતના છે.

હું જે વિશ્વાસ કરૂંછું, તમને તેજ વિશ્વાસ કરાવવા, વળી હું જે અનુભવ કરૂંછું તમને તેજ અનુભવ કરાવવું આ બે સંપૂર્ણ સ્વંતત્ર વ્યાપાર

છે. હું વિશ્વાસ કરૂંછું કે, ગુલાબ સુગોળ છે, હું તેની ચારે બાજુએ માપીને તમને વિશ્વાસ કરાવી શકુંછું કે ગુલાબ સુગોળ છે—બીજુ હું અનુભવ કરાવી શકતો નથી કે ગુલાબ સુંદર છે તે વેળાએ કવિતાની મદદ લેવી પડે છે. ગુલાબનુ સૌન્દર્ય હું જે ભોગ કરૂંછું, તે આવી રીતે પ્રકાશ કરવું જોઇએ કે, જેથી તમારા મનમાં પણ તે સૌન્દર્ય ભાવનો ઉદ્રેક થાય. આમ પ્રકાશ કરવાનેજ કવિતા કહે છે. આંખ આંખના જોવામાં જે યુક્તિ છે. જેથી પ્રેમ પકડાય છે, વધારે યત્ન કરવામાં જે યુક્તિ છે જેથી પ્રેમનો અભાવ પકડાઈ જાય છે, બોલવું નથી ક્રિયામાં જે યુક્તિ છે જેથી અસીમ બોલવું પ્રકાશિત થાય છે, કવિતા તે બધી યુક્તિ કહે છે.

ઘણું કરીને વાતચીત કરવામાં જેટલી યુક્તિની જરૂર પડે છે. તેનુંજ શિખર આવસ્યક દર્શનમાં વિજ્ઞાનમાં છે. એ વાસ્તે દર્શન વિજ્ઞાનના ગદ્ય વાતચીતના ગદ્યથી ઘણોક ફરક છે. વાતચીતના ગદ્યમાં દર્શન વિજ્ઞાન લખવામાં આવે, તો યુક્તિની બાંધણી જુદી થઇ પડે છે. એ વાસ્તે શુદ્ધ યુક્તિની શૃંખલા રાખવા માટે એક પ્રકારની તીક્ષ્ણ પરિષ્કાર ભાષા નિર્માણ કરવી પડે છે. તથાપિ તે ભાષા ગદ્યના સિવાય બીજી કંઇજ નથી. કારણ યુક્તિની ભાષાજ નિરલંકાર સરળ પરિષ્કાર ગદ્ય છે.

વળી આપણે વાતચીતમાં જેટલા અનુભાવ પ્રકાશ કરીએ છીએ, તેનીજ હદ પ્રકાશ કરવી પડે છે તો વાતચીતની ભાષાથી એક જરૂરી ભાષાની જરૂર પડે છે. તેજ કવિતાની ભાષાજ પદ્ય છે. અનુભાવની ભાષાજ અલંકારમય, તુલનામય પદ્ય છે. તે પોતાને પ્રકાશ કરવા વ્યાકુલ થઇ રહે છે—તેની યુક્તિ નથી, તર્ક નથી, કંઇજ નથી. પોતાને પ્રકાશ કરવા માટે તેના જેવો સહેલો રસ્તો નથી. તે પોતાના ઉપયોગી નવો રસ્તો તૈયાર કરી લેછે. યુક્તિની ખોટ દૂર કરવા માટે સૌન્દર્યના શરણાપન્ન થાય છે. તે એવી સુંદર થઇને સજે છે કે, યુક્તિની અનુમતિ પત્ર ન હોવા છતાં પણ સર્વ તેના ઉપર વિશ્વાસ રાખે છે. એવું તેનું મુખ સુંદર હોય છે કે, કોઇ તેને "કોણ" "શો વૃત્તાન્ત" "કેમ" પૂછી શકતા નથી, કોઇ તેના ઉપર સંદેહ આણતા નથી, બધાના હૃદયનો દરવાજો ઉઘાડી મૂકે છે, તે

સૌન્દર્યના બળથી તેમાં પ્રવેશ કરે છે. પણ નિરલંકાર યૌક્તિક સત્યને દરેક પગલે ઘણી જાતના પ્રમાણની સાથે પોતાની ઓળખાણ આપીને આત્મ-સ્થાપના કરવી પડે છે. દરવાજાપરના સિપાઇનો સંદેહ દૂર કરવો પડે છે, ત્યારે તે અંદર જવાની રજા મેળવે છે. અનુભાવની ભાષા છંદોબદ્ધ છે. પુનેમના સમુદ્રના પ્રમાણે તાલે તાલે તેના હૃદયનું ઉઠવું પડવું થાય છે, તાલે તાલે તેના લાંબા શ્વાસો પડે છે. નિશ્વાસના છંદથી, હૃદયનું ઉઠવું પડવું, છંદમાં તેનો તાલ નિયમિત થાય છે. વાત કહેતા કહેતા તેનું બહેરાપણું ચાલ્યું જાય છે, વાતની વચમાં આંસુ પડે છે, શ્વાસ પડે છે, લજ્જા આવે છે, ભય આવે છે, બંધ થાય છે. સરળ યુક્તિનો એવો તાલ નથી, આ-વેગનો લાંબો શ્વાસ ડગલે ડગલે તેને હરકત નાખતી નથી. તેને ભય નથી, લગ્ન નથી, કંઇજ નથી. એ વાસ્તે યુક્તિની ભાષા ગદ્ય છે, ચૂડાન્ત અ-નુભાવની ભાષા પદ્ય છે.

આપણા ભાવ પ્રકાશ કરવાના બે ઉપકરણો છે—બોલવું તથા સુર. બોલવાથી જેટલા ભાવ પ્રકાશ થાય છે તેટલા લગભગ સુરથી પણ ભાવ પ્રકાશ કરાઇ શકાય છે. એટલુંજ નહિ પણ સુરના ઉપરજ બોલવાનો ભાર નિર્ભર કરે છે. એક વાત નાના પ્રકારના સુરથી નાના પ્રકારના અર્થથી પ્રકાશ કરાઈ શકાય છે. એટલા માટે ભાવ પ્રકાશના અંગમાં બોલવું અને સુર બેઉનેજ પાસેપાસે રાખી શકાય છે. સુરની ભાષા તથા વાતચીતની ભાષા બેઉ ભાષામાં મળીને આપણી ભાવની ભાષા નિર્માણ કરે છે. કવિ-તામાં આપણે વાતની ભાષાને પ્રધાનપણું આપીએ છીએ અને સંગીતમાં સુરની ભાષાને પ્રાધાન્ય આપીએ છીએ. જેમ, વાતચીતમાં આપણે જે વાત જેવી શૃંખલાથી વાપરીએ છીએ, કવિતામાં આપણે તે વાત તેવી શૃંખલાથી ઉપયોગ કરતા નથી. કવિતામાં આપણે વીણી વીણીને વાક્ય લઇએ છીએ, સુંદર રીતે ગોઠવીએ છીએ—તેમ વાતચીતમાં આપણે જે સુર જેવા નિયમથી વાપરીએ છીએ, સંગીતમાં તે સુરો તેવી રીતે વાપ-રતા નથી. સુર વીણી વીણીને લઇએ છીએ, સુંદર રીતે રચીએ છીએ. કવિતામાં જેમ વીણી વીણીને શબ્દમાં ભાવ પ્રકાશ કરીએ છીએ, સંગી-

જ્ઞમાં પણ તેમ વીણી વીણીને સુંદર સુરમાં ભાવ પ્રકાશ કરીએ છીએ, યુક્તિની ભાષામાં ચાલતી વાતચીતના સુરના સિવાય બીજી કંઇ જરૂર પડતી નથી. પણ યુક્તિના અતીત આવેગની ભાષામાં સંગીતના સુરની જરૂર પડે છે, એ વિષયમાં પણ સંગીત બરાબર કવિતાના જેવી છે. સંગીતમાં છંદ છે, તાલે તાલે તેના સુરની લીલા નિયમિત થાય છે. વાતચીત કરવાની ભાષામાં સુશૃંખલ છંદ નથી, કવિતામાં છંદ છે, તેમ વાતચીતની ભાષાના સુરમાં સુશૃંખલ તાલ નથી, સંગીતમાં તાલ છે. સંગીત તથા કવિત એ બેઉમાં ભાવ પ્રકાશના બે અંગને ભાગ કરી લીધા છે. તોપણ કવિતા ભાવ પ્રકાશ સંબંધમાં જેટલી ઉન્નતિ મેળવી છે, સંગીતે તેટલી કરી નથી. તેનું એક મોટું કારણ છે. શૂન્યગર્ભ વાક્યનું કંઈ આકર્ષણ નથી, તેમાંથી કંઇ અર્થ નીકલતો નથી, તે કાનમાં જેવા જોઇએ તેવા મીઠા લાગતા નથી પણ ભાવ શૂન્ય સુરનું એક આકર્ષણ છે, તે કાનમાં મીઠું સંભળાય છે. એ વાસ્તે ભાવનો અભાવ થયાથી પણ એક ઇન્દ્રિય સુખ તેનાથી મળે છે. એ વાસ્તે સંગીતમાં ભાવના ઉપર જેટલું જોઇએ તેટલું ધ્યાન આપવામાં આવ્યું નથી. ધીરે ધીરે વિકાશ પામીને સુર વિદ્રોહી થઇને ભાવના ઉપર અધિપતિપણું વિસ્તારે છે. એક વખતે જે દાસ હતો હવે એક કાલે તે પ્રભુ થયો છે. **चक्रवत् परिवर्त्तन्त दु:खानिचे सुखानिच**–પણ । ચક્ર શું હવે ફરશે નહિ ! જેમ ભરતખંડની જમીન રસાળ હોવાથી ભરતખંડની ક્ષણીક દુર્દશા થઇ છે, તેમ સંગીતની જમીન રસાળ હોવાથી એવી દુર્દશા થઇ છે, મીઠો સુર સાંભળતાજ સારો લાગે છે એ વાસ્તે સંગીતને હવે પરિશ્રમ કરીને ભાવ કર્ષણ કરવું પડતું નથી–પરંતુ શુદ્ધ માત્ર વાક્યની જેટલી જોઇએ તેટલી મધુરતા મળતી નથી તેથી કવિતાને પ્રાણુની ખાતર ભાવની ચર્ચા કરવામાં યત્ન કરવો પડે છે, તે વાસ્તેજ કવિતાની આવી ઉન્નતિ અને સંગીતની આવી અવનતિ થઇ છે.

એટલા માટે જોવામાં આવે છે કે, કવિતા તથા સંગીતમાં બીજો કંઈ પણ તફાવત નથી, કેવળ એ ભાવ પ્રકાશ કરવાનો એક ઉપાય છે, એ ભાવ પ્રકાશનો બીજો એક ઉપાય માત્ર છે. કેવળ અવસ્થાના જુદા-

પણાથી કવિતા ઉચ્ચ પંક્તિમાં ઉઠી છે અને સંગીત નીચલી પંક્તિમાં પડી રહી છે; કવિતામાં વાયુના પ્રમાણે સૂક્ષ્મ તથા પથરના જેવા સ્થૂલ ભાવજ પ્રકાશ કરવામાં આવે છે, પરંતુ સંગીતમાં હમણા પણ તે કરાઇ શકાતા નથી. કવિ Matthew Arnold પોતાના Epilogue to Lessings Laocono" નામના કવિતામાં ચિત્ર, સંગીત તથા કવિતાનો જે પ્રભેદ નક્કી થયો છે, ટૂંકામાં તેનો સાર નીચે આપવામાં આવે છે. તે કહે છે–ચિત્રમાં પ્રકૃતિની એક મુહૂર્તની બહારની અવસ્થા પ્રકટ કરવામાં ફક્ત આવે છે. જે મુહૂર્તમાં એક સુંદર મુખપર હસવું દેખાય છે, તે મુહૂર્ત તે માત્ર ચિત્રમાં પ્રકાશિત થાય છે, ત્યારપછીના મુહૂર્તનું બીજું કંઇજ તેમાં હોતું નથી. જે મુહૂર્ત તેની કારીગરીને માટે સર્વ કરતાં શુભ મુહૂર્ત છે તે પળ અવિલંબે પસંદ કરી લેવી એ ખરેખરા ચિત્રકારનું કામ છે. તેમ મનતો એક માત્ર સ્થાયી ભાવ પસંદ કરી લેવો, શૃંખલનો એક માત્ર અંશના ઉપર અવસ્થાન કરીને રહેવું એ સંગીતનું કામ છે. ધારો કે મેં કહ્યું કે "હાય!" આ વાક્ય અહિંથીજ પૂરૂં થયું, બીજા વાક્યથી એના કરતાં વધારે પ્રકાશ કરી શકતી નથી. મારા હૃદયની એક અવસ્થા વિશેષ એક માત્ર નાના વાક્યથી પ્રકાશ કરીને પૂરી થઈ, સંગીત તે હાય શબ્દ લઇને તેને વિસ્તાર કરે છે, હાય શબ્દનો હૃદય ઉદ્ઘાટન કરે છે, હાય શબ્દ હૃદયમાં ગંભીર દુઃખ, અતૃપ્ત વાસના, આશાની જલાંજલિ છુપાયલી છે. સંગીત તેજ રેડીને બહાર કાઢે છે, હાય શબ્દના પ્રાણમાં જેટલી વાત હતી તે સર્વ તેને લઇને વહેચી દે છે પણ કવિતાનું કામ એથી વધારે વિસ્તારેલું છે. ચિત્રકરના પ્રમાણે પળની બહારની ખુબસુરતી તેના વર્ણનીય વિષય હોતા નથી, ગાનારના જેવો ક્ષણ કાળનો ભાવોચ્છ્વાસ પણ તેના ગાવાનો વિષય નથી. તે સિવાય–જીવનનો ગતિ–સ્રોત તેના વર્ણનીય વિષય છે. ભાવથી ભાવાન્તરમાં જવું પડે છે. ભાવના ગંગોત્રીથી ભાવના સાગર–સંગમ સુધી તેને અનુસરણ કરવું પડે છે. કેવળ માત્ર સ્થિર આકૃતિ ચિત્ર કરતો નથી, એક સમયનો સ્થાયી ભાવ માત્ર તે વર્ણના કરતો નથી, ચાલનારૂં શરીર પ્રવહમાન ભાવ, ફેરફાર થનારી સ્થિતિ તેની કવિતાનો વિષય છે–એટલા માં

માથ્યુ આર્નલ્ડના મતમાં ચલનશીલ ભાવની પ્રત્યેક છાયા પ્રકટ સંગીતમાં પ્રતિબિંબિત થઇ શકતા નથી સંગીત એક સ્થાયી સ્થિર ભાવની વ્યાખ્યા કરે છે માત્ર. પહેલું અમે એ કહીએ છીએ કે, ગતિશીલ ભાવ સંગીતને માટે એકીવારે અનુસરણીય છે તેમ નથી, તોપણ હજી સંગીતની તે ઉમ્મર થઇ નથી. સંગીત તથા કવિતામાં આપણે બીજા કંઇ ભેદ જોતા નથી, કેવળ ઉન્નતિનો ફરક જોઇએ છીએ. બેઉ જોડીઆ ભાઇઓ છે. એક માના છોકરાઓ છે. કેવળ બેઉની કેળવણીનો ફરક માત્ર છે.

જોવામાં આવ્યું કે, સંગીત અને કવિતા એક શ્રેણીના છે. પણ બેઉની સાથે આપણે કેટલાક જુદા આચરણ કરીએ છીએ, તે ધ્યાન લગાડીને જોવાથીજ જણાશે. હાલમાં સંગીત જેવીરીતે થાયછે, જો કવિતા તેવી રીતે કવિતા થાત, તો શું થાત ? કંઇજ નહિ પણ ફક્ત શબ્દો મૂકાત.

જેમ આપણે આ કાળ નવ રસમાં મારા મારી કરીને કવિતાને બંધ કરી રાખતા નથી, અલંકાર શાસ્ત્રોક્ત આડંબર પૂર્ણ નામના ઉપર નજર રાખતા નથી, તેમ સગીતમાં કેટલાક નામ તથા નિયમમાં બંધ રાખવા ન જોઇએ. કવિતાને જે સ્વતંત્રતા છે તેમ સંગીતનું પણ હોવું જોઇએ. કારણ સંગીત કવિતાનો ભાઇ છે. જેમ સંધ્યાના વિષયમાં કવિતા રચના કરવા જતાં કવિ સંધ્યાના ભાવ કલ્પે છે તથા તેના પ્રત્યેક, શબ્દમાં સંધ્યાની મૂર્તિમતી થઇને ઉઠેછે, તેમ સંધ્યાના વિષયમાં ગાયન રચવાની વખતે રચનાર આંખ કાન બંધ કરીને પુરવી ન ગાય પણ સંધ્યાના ભાવની કલ્પના કરે, તો અવસાન દિવસની પેઠે તેનો સુર પણ પોતાની મેળે નીચે ઉતરશે, બંધ થશે, ઓછો થશે દરેક ગીતિ કવિઓની રચનામાં ગાયનનુ નૂતન રાજ્ય શોધવું જોઇએ. તેમ થયાથી ગાયનનો વાલ્મીકિ, ગાયનનો કાલીદાસ ઉત્પન્ન થશે.

વસ્તુગત તથા ભાવગત કવિતા.

ચારે બાજુએ માણસો છે, ચારે બાજુએ દુકાન બજાર છે, સદા સર્વદા કામકાજ ચાલે છે, વિષય વેપારનો વિચાર ચાલે છે. સામે લોકોની પાસે માગતા રૂપીઆ છે, પછવાડે લેણું છે, જમણી બાજુએ વિષય કર્મ છે, ડાબી બાજુએ લોક-લૈકિકતા છે, પગ નીચે કાલનો ખર્ચ છે, માથા ઉપર આવતી કાલને માટે જમા છે. જે તરફ નજર ફેંકીએ છીએ,–પૃથ્વીની મોટી–લાંબી પહોળી. વેધ; સ્વાદ, સુગંધવું; સ્પર્શ; આરંભ, સ્થિતિ અને અવસાન છે. માણસનું મન ક્યાં જઇને વિશ્રામ કરે? એવી જગા ક્યાં મળશે, જ્યાં જડ દેહ પોષણને માટે પ્રાણનો યત્ન કરવામાં આવતો નથી, એક મીઠાસ ખાવાને માટે લાખો આકૃતિ ધારીનો ગડબડ નથી, ત્યાંની જમીન તથા અધિવાસી માટી તથા માંસથી નિર્મિત નથી; અર્થાત્ ચોવીસ કલાક આપણે જે સ્થિતિમાં નિમગ્ન રહીએ છીએ, તે અવસ્થામાં આપણને વિરામ જોઇએ. ક્યાં જઇએ?

પૃથ્વી કંઈ વિશ્રામને માટે નથી, પૃથ્વીના પગલે પગલે અભાવ છે. પૃથ્વીના ઉપર ચાલવા જતાં માટીની સાથે સંગ્રામ કરવું પડે છે, પૃથ્વીના ઉપર જીવવા જતાં સેંકડો પ્રકારની તૈયારી કરવી પડે છે. જેનો આકાર છે તેનો વિશ્રામ નથી. આપણું હૃદય આકાર આયતનના સિવાય સ્થાનમાં વિશ્રામને માટે જવા ઇચ્છે છે. વસ્તુના રાજ્યમાંથી ભાવના રાજ્યમાં જવા ઇચ્છે છે. કેવળ વસ્તુ! રાત દહાડો વસ્તુ, વસ્તુ, વસ્તુ, હૃદય ભાવના આકાશમાં જઇને કહે છે, " આ પ્રાણ બચ્યો મારૂં ફરવાનું સ્થાન તો આ છે! "

એવા પણ માણસો છે કે જેઓ વિચાર કરીને જોઇ શકતા નથી કે, ભાવગત કવિતા વસ્તુગત કવિતાના કરતાં શા માટે ઉચ્ચા પ્રકારની છે. તેઓ કહે છે એ પણ સારી છે એ પણ સારી છે. વળી એવા માણસ પણ છે કે, જેઓ વસ્તુગત કવિતા વધારે ઉપભોગ કરે છે. એ પંક્તિમાં સુરુચિવાન્ લોકોને અમે પૂછીએ છીએ કે, ઇન્દ્રિય સુખ સારૂં છે કે અ-

તિન્દ્રિય સુખ સારૂં છે ? રૂપ સારૂં છે કે ગુણુ સારા છે ? ભાવગત કવિતા બીજી કંઇજ નથી, તે અતિન્દ્રિય કવિતા છે. તેના સિવાય બીજી બધી કવિતા ઇંદ્રિયગત કવિતા છે.

આપણે સમુદ્રના કિનારાપરના રહેવાસીઓ છીએ. સામે જોઇએ, તો સીમાનો આરંભ છે. આપણે જે કિનારા ઉપર ઉભા છીએ, તેજ વસ્તુ છે, તેજ ઇંદ્રિય છે. તેની ચારે બાજુએ ભાષાનો અનધિગમ્ય સમુદ્ર છે. આ નાના કિનારા ઉપર આપણા હૃદયનું વાસસ્થાન નથી. જ્યારે કામકાજ પૂરૂં કરીને સાંઝે તે સમુદ્રના કિનારે આવીને ઉભા રહીએ છીએ, ત્યારે મનમાં આવે છે કે, આ સમુદ્રના પેલે પાર ક્યાં અમારી જન્મભૂમી છે–કોણુ જાણે ક્યાં છે? પેલું જે દૂર દિગંતમાં સૂર્યની મૃદુ રશ્મિની રેખા જોવામાં આવે છે, તે અમારી જન્મભૂમિની તરફથી આવે છે. તે જન્મભૂમિની બધી વાત ભૂલી ગયો હતો, તે છતાં તેનો ભાવ માત્ર મનમાં છે–અતિ સ્વપ્નમય, અતિ અસ્ફુટ ભાવ છે. ઇચ્છા થાય છે કે, એ સમુદ્રમાં તરૂં, છેટેના દ્વીપમાંથી હવા ધીરે ધીરે આવીને અમારા શરીરને સ્પર્શ કરે છે, તે દૂરદિંગતના અસ્ફુટ સૂર્ય કિરણુ તરફ અમારી આંખ રહે છે, વળી અમારી પછવાડે આ ધૂલવાળો, કીડાવાળો, ગડબડવાળો કિનારો હવે જણાતો નથી તથા સામે તે દૂર દેશના કિનારાની રેખા એક એક વાર જોવામાં આવે છે અને વળી મળી જાય છે. આખો દહાડા કામકાજ કરીને અમે વિશ્રામને માટે ક્યાં જઇશું ! આ સમુદ્ર કિનારેજ શું નહિ ? આખો દહાડો દુકાન બજારમાં રસ્તા ગલીમાં રહીને બે ઘડિને માટે ખુલી હવા ખાવા જઇશું નહિ ? અમે જાણીએ છીએ કે, જ્યાં સીમાનો આરંભ છે, ત્યાંજ અમારૂં કામકાજ છે. લઢાઇ તથા અસીમની તરફ અમારૂ વિશ્રામનું સ્થળ છે, તે તરફથી શું અમે વખતો વખત આંખ ફેરવીશું નહિ ? તે અસીમની તરફ જોયાથી અવિમિશ્રિત સુખ મળે છે એટલુંજ નહિ પણ કોમળ વિષાદ મનમાં આવે છે કારણુ, જે તરફ જોયાથી આપણી ક્ષુદ્રતા આપણી અસંપૂર્ણુતા આંખે પડે છે, સંશયાંધકારે આચ્છન્ન પ્રકાંડ રહસ્યમાં પોતાને રહસ્ય તરીકે જણાય છે–તે રહસ્ય ભેદવામાં નિરાશ થઇને પાછા

અવાય છે. સમુદ્રમાં તરવાની ઇચ્છા થાય છે, તે છતાં આપણી શક્તિથી બહાર છે! ઘણાક કિનારાપરના રહેવાસીઓએ કિનારાની ગડબડમાં આખી જીંદગી ગાળી છે, તે છતાં એ સમુદ્રના કિનારે જતા નથી, સમુદ્રનો વાયુ સેવન કરતા નથી. તેઓનું હૃદય કદી તનદરોસ્તી લાભ કરતું નથી. હૃદયને આ સમુદ્ર કિનારે લાવવું, આ સમુદ્રના પટ ઉપર તરાવવું એ ભાવગત કવિતાનું કામ છે. ભાવગત કવિતાથી હૃદયની તનદરોસ્તી સંપાદન થાય છે. ઇંદ્રિય જગતથી મનને બીજા એક જગતમાં લઈ જાય છે. દૃશ્યમાન જગતની સાથે તે જગતનું સાદૃશ્ય હોય અથવા ન હોય પણ તે જગત્ સત્ય જગત્ છે, તે પાયા વગરનું જગત્ નથી.

ભાવુક માણસોએજ અનુભવ કર્યું છે કે, આપણે વખતો વખત એક પ્રકાર વિષાદ સુખનો ભાવ ઉપભોગ કરીએ છીએ, તે કોમળ વિષાદ છે, આખર સુખ છે. તે બીજું કંઇજ નથી, સીમાથી અસીમના ઉપર નજર કરવી માત્ર છે. કેટલીક વખતે આપણા હૃદયમાં આવા ભાવનો અવિર્ભાવ થાય છે, તેના ઉપર વિચાર કરીને જોયાથી ઉપલા વાક્યની સત્યતા પ્રમાણ થશે. જ્યોત્સ્ના રાત્રિએ દૂરથી સંગીતનો સુર સાંભળ્યાથી, સુખસ્પર્શ વસંતનો વાયુ વાયાથી, પુષ્પના સુગંધથી આપણું હૃદય કેવું વ્યાકુલ થઈ જાય છે, ઉદાસ થઈ જાય છે. પરંતુ જ્યોત્સ્ના, સંગીત, વસંત-વાયુ, સુગંધના પ્રમાણે સુખસેવ્ય પદાર્થનો ઉપભોગ કર્યાથી આપણું હૃદય આવું વ્યાકુલ થાય છે. તેનું કારણ શું? કેમ સુમિષ્ટ વસ્તુ ખાધા અથવા ઠંડા પાણીથી સ્નાન કર્યાથી તો આપણું મન આવી રીતનું ઉદાસ તથા વ્યાકુલ થઈ જતું નથી! જ્યારે ખાઇએ છીએ, ત્યારે સુસ્વાદ તથા પેટ ભરાયાનું ફક્તમાત્ર અનુભવ કરીએ છીએ, બીજું કંઇજ કરતા નથી, પણ ચાંદણી રાત્રિયે કેવળ આંખની પરિતૃપ્તિ થતી નથી એટલું નહિ પણ ચાંદણી એક કેવો અપરિસ્ફુટ ભાવ મનમાં લાવે છે. જેટલું સાથે હોય છે તેટલુંજ માત્ર ઉપભોગ કરીએ છીએ એટલુંજ નહિ પણ એક અવર્તમાન રાજ્યમાં જઇ પહોંચીએ છીએ. તેનું કારણ એ છે કે ચાંદણીનો ઉપભોગ કરીને આપણી તૃપ્તિ થતી નથી. ચારે બાજુએ જ્યોત્સ્ના જોઇએ છીએ તે છતાં સર્વ પ્ર-

કારે ઉપભોગ કરીએ છીએ, જ્યોત્સ્નાને આપણે આલિંગન કરીએ છીએ, પણ જ્યોત્સ્નાને પકડવાનો ઉપાય નથી. વસંત વાયુ હુ હુ કરીને વહે છે. કોણ જાણે ક્યાંથી વાયો ! કોઇ અદૃશ્ય દેશમાંથી આવ્યો, ને કોઈ અદૃશ્ય દેશમાં ચાલ્યો ગયો ! આવ્યો, ચાલ્યો ગયો, ઘણું સારૂં લાગ્યું; પણ તેને જોયો તથા સાંભળ્યો નહિ, સર્વ પ્રકારે કબજામાં મેળવી શક્યો નહિ. શરીરમાં જે સ્પર્શ થયો તે અતિ મૃદુસ્પર્શ, કોમળ સ્પર્શ, કઠિન ઘન સ્પર્શ નથી, તેથી ઉપભોગમાં નાના પ્રકારના અભાવ કરી ગયા. મધુર સંગીતમાં મન રોઈ પડે છે તે માટેજ. વળી જ્યોત્સ્ના રાત્રિયે તે સંગીત પુષ્પના સુગંધની સાથે, વસંતની હવાની સાથે છેટેથી આવીને મન ઉન્મત્ત કરી મૂકે છે. બીજી ઘણીક ઋતુના કરતાં વસંત ઋતુમાં બધું અપરિસ્ફુટ, મૃદુ કંઇ વધારે માત્રામાં નથી.

ક્યાંથી હવા ઉદાસ થઇને બહાર નીકલી, ક્યાં તે જશે તે નકી નથી, અતિ ભયથી ધીરે ધીરે તે પગલાં ભરેછે. કોકિલ ક્યાંથી એકદમ ઓરડી ઉઠી અને તેનો સ્વર ક્યાં મળી ગયો, તેનું ઠેકાણું મલ્યું નહિ. એક બાજુએ ઉપભોગ કરૂંછું બીજી બાજુએ તૃપ્તિ થતી નથી, કેમકે ઉપભોગ્ય સામગ્રી આપણે તે કબજે નથી. એક તરફ વળી સીમાછે, બીજી તરફ અસીમ સમુદ્રછે. મનમાં આવેછે કે જો આ સમુદ્ર પાર થઈ શકીએ, તો આપણે વિશ્રામના રાજ્યમાં, સુખના રાજ્યમાં જઇ પહોંચીએ. જો જ્યોત્સનાને, જો ફૂલના સુગંધને, જો સંગીતને તથા વસંતના વાયુને પામીએ, તો આપની સુખની સીમા રહે નહિ. એ વાસ્તે જ્યારે કવિઓ જ્યોત્સ્ના સંગીત, પુષ્પના સુગંધને શરીર બદ્ધ કરેછે, ત્યારે આપણને એક જાતનો આરામ અનુભવ થાયછે, મનમાં આવેછે કે, જાણે આવુંજ છે ખરૂં, આમ થવાથીજ સારૂં થાય:

So young muser, I sat listening
To my Fancy's wildest word-
on a sudden through the glistening
Leaves around a little stirred,

Came a sound a sense of music,
Which was rather felt than heard.
Softly, finely, it enwound me-
From the world it shut me in-
Like a fountain falling round me
Which with silver water thin
Holds a little mrble Naiad
sitting smilingly within.

સંગીત જો આવી નિર્ઝર થાત અને અમે જો તેમાં ધસી પડત, તો કેવો આનંદ થાત, પળને માટે કલ્પના કરીએ કે જાણે આવુંજ થાયછે, આવુંજ થાયછે;

પૃથ્વીમાં શું બધા સુખજ લગભગ ઉપભોગ કરીને પૂરા થયાછે અને આખરે અસંતોષમાત્ર બાકી રહેછે; એ વાસ્તેજ સુખ આપણે સારી પેઠે મેળવતા નથી, જે સુખ આપણે પૂરા કરી શકતા નથી, મનમાં આવેછે કે, જો તે સુખ મેળવત, તો આપણે સંતુષ્ટ થાત. એવા માણસો જોવામાં આવ્યાછે કે, છેટેથી સારો કંઠ સાંભળીને પ્રેમમાં પડ્યાછે. કેમકે તેનું મન આવું કહેછે કે આવો જેનો કંઠછે તેને કેવો જોયુંછે, અને તેનું મન કેટલું કોમળ હશે? સારીરીતે જોયાથી પૃથ્વીની વસ્તુ નાના પ્રકારની અસંપૂર્ણતાવાળી દીઠામાં આવેછે, કોઇનો કંઠ સારો હોયછે અને મન ખરાબ હોયછે, નાક સારૂં હોયછે પણ આંખ સારી હોતી નથી, તેથી આપણે ઘણા વિરકત થઇએ છીએ, એ વાસ્તે છેટેથી આપણે અડધો સારો જોયાથી જલદીથી આશા રાખીને બેસી રહીએ છીએ અને બાકીનું નિશ્ચય સારૂં હશે એવું ધારીએ છીએ. એ જો ખરૂ હોય, તો છેટે કેમ ન હોય. કલ્પનાની પૂર્ણતાની પ્રતિમા પ્રતિષ્ટા કરીએ નહિ કેમ? ફક્ત માંસની આગળ આટલી જરૂર રહી છે? શરીર તથા આયતન જેટલા ચોખા જોઇએ જેટલાં અશરીરી ભાવ કલ્પના કરીએ, જેટલી વસ્તુગત કવિતા આખી ખાઇએ તથા ભાવગત કવિતા જેટલી સેવન કરીએ તેટલુંજ સારૂં.

કાવ્ય.

કવિયોના અસાધારણ કર્મને કાવ્ય કહેવામાં આવે છે. "**कवेः कर्म काव्यं**" પાણિની ૫૧ ૫૬ ૧૨૪ સૂત્ર. કવિ શબ્દનો અર્થ નહિ જાણ્યાથી કાવ્ય એ શું છે તે સમજાઇ શકાતું નથી. એટલા માટે પહેલા શબ્દનો અર્થ આપવામાં આવે છે. કવ અર્થાત્ કવ ધાતુ જ પ્રત્યય કરીને કવિ શબ્દ ઉત્પન્ન થયો છે. કવ્ ધાતુનો અર્થ વર્ણન છે. તેથી જે માણસ વર્ણન કરે અથવા કરી શકે છે તેને જ કવિ કહેવામાં આવે છે. વર્ણન શબ્દમાં છે. વર્ણના દ્વારા વસ્તુનું સ્વરૂપ અથવા અવસ્થા પ્રકાશ કરવી સમજાય છે. વર્ણ શબ્દના બે અર્થ છે. પહેલો સફેદ પીલો લાલ, આશમાની, કાળો વગેરે નાના પ્રકારના રંગ છે. બીજો અર્થ ક ખ ગ ઘ, અ આ ઇ ઈ વગેરે અક્ષર છે. એટલા માટે વર્ણન શબ્દનો સફેદ પીલો વગેરે વિવિધ રંગ વિસ્તારીને અર્થાત્ ચિત્ર કાઢીને જેમ કોઇ વસ્તુનું સ્વરૂપ અથવા અવસ્થા પ્રકાશ કરવી સમજાય છે તેમ રામ, રાવણ, યુધિષ્ઠિર, દુર્યોધન વગેરેનું વર્ણન કરીને કોઇ પ્રકૃતિ તથા અવસ્થા વિવરણ કરવાને પણ સમજાય છે.

શબ્દ દ્વારા વસ્તુના ગુણ, પ્રશંસાકારક માણસ જ કવિ શબ્દનો અર્થ છે. પણ વર્ણ દ્વારા ચિત્રકર રૂપ અર્થ તથા વ્યંજન વૃત્તિમાં આવી શકે છે. એટલા માટે આ વ્યંગ્યાર્થને વાચ્યાર્થની ઉપમાન કલ્પના કરીને કવિ શબ્દનો અર્થ બોધ કરાય છે, તેમાં આ અર્થનો બોધ થાય છે જેમ ચિત્ર કાઢનાર સફેદ પીલા વગેરે રંગથી વસ્તુના ગુણ પ્રકટ કરે છે, તેમ વર્ણાત્મક શબ્દથી જેઓ વસ્તુના ગુણાદિ પ્રકટ કરે છે તેઓ કવિ છે. ખરી રીતે જોતા ચિત્રકારની જોડે કવિયોનું સરખાપણું છે. ઇંગ્લંડના ગુણ દોષજ્ઞો અર્થાન્ત્ વિવેચકો ઘણું કરીને ચિત્રકર અને કવિઓને સમાન દેખાડે છે. તે કવિના કર્મને કાવ્ય કહેવામાં આવે છે. વર્ણાત્મક શબ્દ પ્રયોગથી વસ્તુનું સ્વરૂપાદિ પ્રકાશ કરવું અસાધારણ કામ છે કારણ કે તે કેવળ કવિયોજ કરી શકે છે બીજા માણસો તે કરી શકતા નથી, આ બધી યુક્તિથી જણાય છે કે, ચિત્રકરના પ્રમાણે વર્ણ-વિન્યાસ કરીને કોઇ વસ્તુની ખરી અવસ્થા અ-

થવા ગુણ પ્રકાશ કરવાને જ કાવ્ય શબ્દનો નિષ્કૃષ્ટ, યૌગિક અર્થ છે. આ યૌગિક અર્થ અવલંબન કર્યાથી બધા કવિ પદમાં ગણાઇ શકાય, કારણ બધા માણુશો જ શબ્દ પ્રયોગ કરીને પોતાના મનનો ભાવ કોઇ રીતે વર્ણન કરે છે. આ કારણથી આલંકારિકો ઉપલો યૌગિક અર્થનું કંઇક જૂદાપણુ કરીને કાવ્યના લક્ષણ બતાવે છે.

આચાર્ય દંડીએ લક્ષણ આવું બતાવ્યું છે-**शरीरं तावदिष्टार्थ व्यवच्छिन्ना पदावली** " અભિલષિત અર્થવાળા જે પદો. અર્થાત્ વાક્ય અથવા મહાવાક્ય તેજ કાવ્યનું શરીર છે. ઇષ્ટ અથવા અભિલાષિત શબ્દને એજ પ્રિય, અર્થાત્ પ્રીતિ વિશેષજનક જે અભિધેય અને તદદભિધાય જે શબ્દ તેજ કાવ્યનું સ્વરૂપછે. ઇષ્ટ શબ્દ વિશેષણ આપવાનો તાત્પર્ય એ છે કે, **गोरपत्यं बलीवर्द्धो घासमत्ति मुखेनसः** ગાયનું વાછડુ બળદ તે મુખથી ઘાસ ખાય છે ઇત્યાદિ પદને કાવ્ય કહેવાય નહિ, કેમકે આ પદનો અર્થ પ્રીતિજનક નથી.

આ લક્ષણ અનુસારે ભાષા ચ્યુતિ વગેરે દોષવાળા વાક્ય પણ કાવ્ય થઇ શકે છે. એ આશંકાથી મમટભટ્ટે બીજા જાતના કાવ્યના લક્ષણ કર્યા તે આ છે-

तददोषौ शब्दार्थौ सगुणावनलंकृती पुनः क्वापि।"

સ્પષ્ટ રૂપથી કોઇ અલંકાર હોય અથવા નહિ હોય, દોષ શૂન્ય તે છતાં ગુણ યુક્ત જે શબ્દ અને અર્થ તેજ કાવ્ય છે.

આ મતથી વાક્યમાં કંઇક દોષ હોવાથી પણ કાવ્ય થઇ શકતા નથી-ઇત્યાદિ વાંધા લઇને વિશ્વનાથ કવિએ બીજા પ્રકારના કાવ્ય લક્ષણ આપ્યા છે. જેમકે.

"वाक्यं रसात्मकं काव्यं"

જેમ આત્માએ શરીરને અધિષ્ઠાત કર્યું છે તેમ આઠ પ્રકારના રસમાં કિયો રસ જે વાક્યમાં અધિષ્ઠિત રહે છે. અર્થાત્ જે વાક્ય શ્રવણ કર્યાથી રસબોદ્ધ થાય તે જ કાવ્ય છે. બીજા ક્ષણુપણાના દોષ બતાવીને વિશ્વનાથે આ લક્ષણ કર્યાં છે ખરા, પરંતુ એમાં પણ એક દોષ જોવામાં આવે

છે તે હવે કહેવામાં આવે છે.

બધા આલંકારીકોએ કબૂલ કર્યું છે કે કાવ્ય બે જાતના છે. શ્રવ્ય અને દૃશ્ય. જે કાવ્ય સાંભળ્યાથી રસબોધ થાય છે તે શ્રવ્યકાવ્ય છે અને જે જોયાથી રસબોધ થાય તેને દૃશ્યકાવ્ય કહે છે. શ્રવ્યકાવ્ય જેમકે રામાયણ, મહાભારત, રઘુવંશ, કાદંબરી વગેરે કેમકે શબ્દ સાંભળીનેજ આ બધા કાવ્યના રસ જણાય છે. દૃશ્યકાવ્ય જેમકે અભિજ્ઞાન શકુન્તલ અને શેકસપિયરના નાટક વગેરે. અભિનય દર્શન કરીને આવા કાવ્યમાં અર્થાત્ નાટકનો રસબોધ થાય છે. વિશ્વનાથે પણ ઉપર લખેલી રીતે કાવ્યના ભેદ નિરૂપણ કર્યા છે, પણ તેના લક્ષણથી નાટકોને કાવ્યરૂપે સંગ્રહ કરવામાં આવતા નથી. રસવ્યંજક વાક્યજ તેના મનમાં કાવ્ય છે. નાટકમાં સર્વત્ર વાક્ય પ્રયોગ થતો નથી. ઘણીક જગાએ નહિ હોય તોપણ કેવળ અભિનય ક્રિયા અર્થાત્ આવભાવ નયનમાંથી આંસુ પાડવા વગેરે કાર્યથી રસબોધ જન્માવે છે. તેથી તે તે જગાએ રસવ્યંજક વાક્ય નહિ રહેતાં "**काव्यं रसात्मकं वाक्यं** આ લક્ષણ ઠીક બેસતું નથી. આથી ત્રણને એકત્ર કરીને જો એક લક્ષણ મુકરર કરવામાં આવે, તો તે બરાબર બંધ બેસતુ થાય. તે લક્ષણ આ છેજ ચમત્કાર જનક અથવા રસવ્યંજક જે શબ્દ અને અર્થ તેજ કાવ્ય છે.

જીવન અને કાવ્ય.

પ્રાચીન ઇંગ્લંડનો પ્રખ્યાત લખનાર સર ફિલિપ સિડનીએ ગ્રંથકારોને જે ઉપદેશ આપ્યો હતો, તે શ્રેષ્ટ કવિ માત્રનીજ મૂળ નીતિ તરીકે પરિગણિત છે–"Look in to thine own heart, and write" જગતના બધા પ્રતિભાશાલી કવિયો પોતાના હૃદયને જોઇને લખતા હતા. શેકસપિયરના નાટકો "are documents witen all over with facts about Shakespere." મિલ્ટનના સંબંધમાં પણ આવીજ વાત ચાલેછે. વળી આપણા સર્વ પ્રધાન વિવેચન કરનાર, સંસ્કૃત સાહિત્યના

શિરોભૂષણ અભિજ્ઞાન-શકુંતલને કાલિદાસના સાંખ્યમતનો અભિવ્યક્તિ તરીકે બતાવેછે. આ બધા મહારથીઓની વાત છોડી દીધાથી નીચલી પાયરીએ પણ આપણે આ સત્ય સિદ્ધ થયેલું જોઈ શકીએ છીએ. બાયરન, સેલી, ડિકન્સ, જાર્જ ઇલિયટ, શાર્લટ બ્રન્ટી-કેટલા નામ આપીએ ! એઓ બધા એકજ માર્ગે ચાલ્યા હતા. બધાએ પોતપોતાના હ્રદયસમુદ્રમાં ઉતરીને અમૂલ્ય રત્નો એકઠાં કર્યાં હતાં. તેઓ પણ પોતાના હ્રદયના લોહીથી પોતાનું કહેવું લખી ગયા હોયને, કાવ્ય અને જીવનમાં ઘણોજ ગાઢો સંબંધછે. જે કાવ્યનો કવિ છે, તે જીવનનો પણ કવિ છે. જેના જીવનમાં વૈચિત્રપણું નથી, હ્રદયનું ઉડવું પડવું નથી, તે કવિ નથી.

કવિઓના હ્રદય રાજ્યના કોઇ નિભૃત સ્થળમાં મધુર અવાજ કરતા એક સૂક્ષ્મથી સુક્ષ્મ તંત્રી અનુભૂત થાયછે. તે આ વિશ્વયંત્રની સાથે સંમિલિત થાયછે. તેમાં ધકો પહોચ્યાથી બ્રહ્માંડમાંથી એક સ્વર્ગીય સુર નીકળે છે. વિશ્વયંત્રના અયુત તાર એકીવારે સમસ્વરે વાગી ઉઠેછે. કવિના હ્રદયમાં તે મહાન ગીતિની જે મહાન પ્રતિધ્વનિ નીકળીછે, તેજ તે આ જડ જગતની ભાષામાં પ્રકાશિત કરેછે માત્ર વિશ્વસંગીતનો આ મહાન્ પ્રતિધ્વનિ આપણે બધા થોડો ઘણો પોત પોતાના હ્રદયમાં સાંભળીએ છીએ. પરંતુ જીવોના જીવનમાં જે દરરોજ બનેછે, તે અમારા જેવા સામાન્ય માણસના જીવોમાં કદાચિત અતિ વિશેષ શુભ મુહૂર્તમાં બનેછે. અમે તેનું સ્મરણ કરીને આ અધમ સાધારણ મનુષ્ય જન્મને ધન્ય તરીકે માનીએ છીએ છીએ. હ્રદયમાંથી આ ગીતરન્ધ્રમાં જે પ્રવેશ કરી શકતો નથી, તે કવિ નથી, તે કપટી, છદ્મધારી છે. તેના કવિતાનો ભાવ આપણે નિઃસંદેહ ચિત્તથી ગ્રહણ કરી શકતા નથી. તેની ભાષા પણ અમારા હ્રદયને સ્પર્શ કરી શકતી નથી. આપણે કવિ તરીકે ઓળખાવવામાં ઘણા વ્યાકુલ છીએ. પરંતુ હાય, આપણને તો હ્રદય ક્યાં છે? જે હ્રદયનો સ્પર્શ કર્યાથી જ્વાલામુખીનો અગ્નિનો ભડકો જણાય, જેઓના મહત્સ્વરૂપ દેવમંદિરનો દરવાજાપર સેંકડો નરનારીનાં માથાં પોતાની મેળે અવનત થઇ જાયછે, તે હ્રદય ક્યાં છે?-આપણા જીવનમાં મહત્વ નથી. હ્રદયનું મહત્વ કેવળ દુરાશા માત્ર છે.

અમે હૃદયમાં રહેલું મહત્વનું વર્ણન કર્યું તેજ પ્રતિભા છે. દુનિયાની કોઈ પણ વસ્તુ દોષ વિનાની નથી. પ્રતિભામાં પણ દોષ છે. બરન્સ, હીન, બાયરન, કાઉપર, એ ફગરો વગેરેના જીવનમાં અમે તેની ઓળખાણ મેળવીએ છીએ. યુરોપમાં કે અમેરિકામાં હાલના સમયમાં પ્રતિભા એક પ્રકારનો રોગ કહેવાથી પણ અત્યુક્તિ થનાર નથી. પાત્ર ભેદમાં અશાંતિ, અતૃપ્તિ, ઉમત્તતા, જુલમ, પીડા, નિરંતરનો રોગ, આખરે અકાળ મૃત્યુ—ઓગણીસમી સદીની પ્રતિભાનું આજ પરિણામ છે. પ્રતિભાનો સ્વર્ગીય તેજ છાતીમાં લઈને આજકાલ ઘણાજ થોડા માણસો સુખ શાંતિમાં રહેલા દીઠામાં આવે છે. પૂર્વ કાળે મનીષિયોના કરતાં આજ કાલના કવિયોને અમે આ વિષયમાં ઘણા જ શક્તિહીન જોઇએ છીએ. દુર્બલ મગજના માણસોને જેમ ભૂત ઘેરે છે, તેમ પ્રતિભા ભાવથી જ ઘણાના માથા પણ આવીને ચાપે છે. ફળાફળ જ્ઞાન નથી, ચારે બાજુએ તે જોતા નથી, અગ્નિમાં રહેલી આગના પ્રમાણે પોતાના તેજથી પોતે ફાટી પડે છે. હાય, સ્વર્ગીય પ્રતિભાનું આ કેવું પરિણામ છે!—પરંતુ આ તરફ જેઓ કવિતા રાજ્યના દેવતા સ્વરૂપ છે, તેઓના જીવનની તરફ જુઓ, જુઓ શેક્સપિયરે કેવા કઠોર સંયમ રશ્મિથી પોતાના માનસ હૃદયને નિયમિત કર્યું હતું, ધીરે ધીરે પ્રાકૃતિક અભિવ્યક્તિના નિયમાનુસારે પોતાના જીવનગત મોટા કામ પૂરા કરીને આખરે સ્વદેશમાં, પોતાના ઘરમાં પાછો ફરીને આવીને સામાન્ય ગૃહસ્થ થઈને બેઠો. આપણે હાલની દૃષ્ટિથી ઓળખી શકતા નથી આ કોણ મ્યાકબેથ, લિયર, હામલેટનો ગ્રંથ કર્તા છે? આ શું પેલો અધીર, અશાંત ઉચ્છૃંખલ પ્રણય-સ્નેહનો રચનારા છે? વળી જુઓ, વર્ડસવર્થ કેવો પ્રશાંત? જન્મથી મૃત્યુ સુધી એંસી વર્ષનું લાંબુ આયુષ્ય કેવું સુનિયમથી સદ્યુક્તિથી પરિચાલિત કર્યું! પોતાના હૃદયના ઉપર, સંસારના બનાવોના ઉપર કેવું અપૂર્વ આધિપત્ય; કેવું સુસંબદ્ધ કાર્ય—ઉચ્છૃંખલતાનો લેશ માત્ર નથી.

એક પ્રખ્યાત અંગ્રેજ ગ્રંથકારે કહ્યું છે કે, કાવ્યરચના કરનારાઓના કરતા જેઓ કાવ્યાત્મક જીવન ગાળે છે, તેઓજ ખરેખરા પ્રશંસાને માત્ર છે. આ કહેવું નીતિવાદિઓ માથે ચઢાવે છે. વળી જેઓ માનવ હૃદયના

સ્વભાવિક દુર્બલપણાથી ઘણીક વખતે નીતિનો ગૌરવ સાચવી શકતા નથી, તેઓ પણ તેજસ્વિ ભાષાથી આ વાક્યને પુષ્ટિ આવે છે. સ્કૉટલંડનો પ્રખ્યાત ખેડુત કવિ રાબર્ટ બરનસ ઘણીક કવિતા રચી ગયો છે, તેમાં ઉત્કૃષ્ટ નીતિ વાક્યની ખોટ નથી. 'કવિની મૃત્યુગીતિ' ઘણીજ સુંદર કવિતા છે, તે તેણે પોતાના જીવનને લક્ષીને લખી છે તે સંબંધમાં કવિવર વર્ડસવર્થ તથા બાયરનના જીવન ચરિત્ર લખનારાઓ કબૂલ કરે છે તેણે લખ્યું છે.—

But thoughtless follies laid him low,
And staind his name.

વળી શીખવ્યું છે.—

know, prudent, cautious self-control,
Is wisdom's root.

પોતાની અવિમૃષ્યકારીથી થયલા જુલમથી તેના જીવનની ગાંઠો દહાડે દહાડે શિથિલ થઇ આવી હતી, આ દુર્લભ માનવ–લીલા તેને ઘણી જ ત્વરાથી રોકવી પડશે, તે કવિ દિવ્ય ચક્ષુથી જોવા પામ્યો હતો. તેથી જ લખી રાખ્યું હતું–પોતાની મૂર્ખતાથી જ હું આ અતૃપ્ત જુવાનીમાં મૃત્યુના મોંમાં પડવા જાઉં છું હાય કેવી ઉંડી શોચના? જે પોતાના જીવનમાં જુવાનીમાં આવતા જુલમ શોચનીય પરિણામની તેણે પરીક્ષા કરી હતી, તેની કલમથી આ સત્ય કેવું હૃદયગ્રાહી છે? કવિ સમજ્યો હતો, અવહેલાની સપ્ત વેદના પણ જાણતો હતો, પણ પોતાના જીવનમાં આ મહાત્ સત્ય પાલવામાં સમર્થપણું તેનામાં નહોતું. તેનું કવિહૃદય પુષ્પના કરતાં પણ કોમળ હતું, પાપ પૃથ્વીની પ્રબળતમ લાલચના વાયુબળથી વિચ્છિન્ન થઇ પડયો. કવિયો વાતમાં જે કરે છે, તે જ્ઞાનીજન દુર્લભ કરી શકે છે, વળી કામમાં જે કરે છે, તે ઘણીજ મૂર્ખના લાયક છે,–ગોલ્ડસ્મિથના આવાક્યનું યથાર્થ સપ્રમાણ કરીને તે આ જગતમાંથી ચાલ્યો ગયો.

સાહિત્યના ઇતિહાસમાં આવા ઉદાહરણ ઘણાજ છે. હીન, સેલી, બાયરન, મુસેટ ઇત્યાદિ. બીજા ઘણાઓના નામ આપી શકાય એમ છે.

એઓની દુર્દશા સ્મરણ કરીને કવિ વર્ડસવર્થનું કરૂણ હૃદય રોવા લાગ્યું–

Mighty poets in their misery dead.

જાણતા નથી કે, જગતના કવિયોના મગજમાં આ કાંઇ દેવતાનો શાપ છે કે શું? પ્રતિભા લઇને જન્મ લીધાથી જ શું ઘણી જાતના દુઃખને તાબે થવું પડે છે.

જર્જ લિયટના મરણ પછી તેના કેટલાક સમાલોચકોએ લખ્યું હતું કે, આ બધા પ્રતિભાશાલી લખનારા પોત પોતાના જીવનમાં જે ખરાબ કાર્યો કર્યા છે, તે પોતાના પુસ્તકમાં હજારો નીતિ શિક્ષણની જોડે તુલના કર્યાથી પણ અતિશય મોટા છે. તેઓના ગ્રંથ વાંચીને બે ચાર માણસો નીતિપરાયણ થઇ શકે છે, પણ તેઓ સાહિત્યના ઇતિહાસમાં જે ઉજ્વલ દૃષ્ટાંત મૂકી ગયા છે, તેઓ નિરંતર આ પૃથ્વીમાં વિષમય ફળો ઉત્પન્ન કરતા રહેશે. આ વાત કેટલી ખરી છે કે મિથ્યા છે તે અમે કહી શકતા નથી; તે અમારો આલોચ્ય વિષય પણ નથી. આપણે એક દુર્નીતિપરાયણ પ્રતિભાના અધિકારીને જેવું માન આપીએ છીએ, એક સત્‌કર્મશાલી, નીતિની મર્યાદા સાચવનારા ગામડાના ખેડુતને તેના કરતાં વધારે ભક્તિ કરવાને સર્વદા તૈયાર છીએ; પણ આ જરૂર કબૂલ કરવું પડશે કે, જગતમાં કવિ નહિ જન્મ્યાથી પ્રતિભાથી તૈયાર થયલા સદ્‌ગ્રંથો ન થાત! માનવજીવનનું અડધું સુખ તથા ગૌરવ નાશ થઇ જાત.

જેઓ પ્રતિભાના અધિકારી થઇને તેને જવાને માર્ગે દોરવી શકતા નથી, ઉલટા તેનાથી સર્વ રીતે પરિચાલિત થાય છે, અને તેઓની સ્વર્ગીય શક્તિની પ્રશંસા કરવાને તૈયાર છીએ; પણ નૈતિક મહત્વની પ્રશંસા કરી શકતા નથી. ગમે તો તે કવિ હોય કે અકવિ હોય, મનુષ્ય જીવન મેળવીને જે બનાવના પ્રવાહમાં તણાઈ જાય છે, તેનો વળી ગૌરવ શો? તે છતાં તેઓને સ્વપક્ષથી એ જરૂર માનશું કે તેઓ ભંડ અથવા કપટી નથી; દુર્નીતિ પરાયણજ હોય કે ઉશૃંખલ હોય, તેઓના જીવનને ખરૂં જીવન કરવું જોઇએ. પ્રતિભાની સાથે જો તેઓમાં સંયમ શક્તિનો મેલાપ કરી શકત, તો તેઓનું જીવન ખરેખરૂં મણિકાંચનનું મિલન થાત.

કવિ પ્રકૃતિના ગુણદોષ.

કવિયોમાં પુષ્કળ ગુણ હોયછે. જે ખરેખરો કવિ છે, તે કદીપણ નીચ મનનો થઈ શકતો નથી. તેનું મન કુદરતી મહાન હોય છે. તેનું મન મહાન્‌ભાવમાં સર્વદા સંચરણ કરેછે. તે બધા મહાન ભાવની જોડે રહીને તેનું મન મહત થઇ જાયછે, પ્રકૃત કવિયો સ્વભાવતઃ સરળ તથા અમાયિક હોય છે. તેઓના ચિત્તમાં નિરંતર પ્રેમ વિરાજ કરેછે તે માટે તેઓ સરળ તથા અમાયિક સ્વભાવના થયા સિવાય રહી શકતા નથી. તેઓ સ્વભાવતઃધર્માનુરાગી હોય છે. કવિ કદી નાસ્તિક થઈ શકતા નથી. મેકલે કહ્યું છે કે, કવિ શેલી નાસ્તિક હોવા છતાં પણ તેની કવિતામાં વખતો વખત આસ્તિકતા તથા પ્રગાઢ ધર્મભાવ ખીલી રહ્યો છે. જેમ કવિયો ધર્મ વિષયના પ્રવચનો કહેછે તેવા પાદ્રીઓ કહી શકતા નથી. તેઓના એક એક વાક્ય ધર્મ સંબંધમાં મહાવાક્ય સ્વરૂપ થઇને રહેલા છે. તેઓ પોતાના સુધાસિકત ઉપદેશથી લોકને ધર્મમાર્ગે આણવાને જેમ ફતેહમંદ થાય છે, તેવા ધર્મોપદેશકનો ધંધો કરનારા કરી શકતા નથી.

પણ કવિઓમાં આ બધા ગુણ હોવાછતાં તેઓના કેટલાક દોષ જણાય છે

કવિયો ઘણોજ સૌન્દર્યપ્રિય હોય છે. જેમ એઓ મહત્વના પ્રિય હોય છે તેવા સૌન્દર્યના પ્રિય હોય છે. તેઓ સૌન્દર્યના ઉપર ઘણો પ્રેમ રાખે છે. તેઓની રૂપ–લાલસા ઘણી પ્રબળ હોય છે. તેઓનાં જીવન રૂપગત જીવન કહેવાથી ચાલે એમ છે, પણ આવી પ્રકૃતિનો દોષ એ છે કે, આ રૂપ–લાલસા તેઓના ચરિત્રને અવિશુદ્ધ કરી મૂકે છે. કવિ કદાચ કોઇ સુંદર સ્ત્રીની જોડે પહેલા વિશુદ્ધ પ્રેમ કરવાનો અભિલાષ રાખે છે, પણ લોહી માંસની ક્ષીણતાથી વિશુદ્ધ પ્રીતિના નામે અવિશુદ્ધ પ્રીતિ આવીને તેનો નાશ કરે છે. સાહિત્યના ઇતિહાસમાં આવા ઉદાહરણ ઓછા નથી. અંગ્રેજી કવિ બાયરન તથા ગુજરાતી કવિ નર્મદાશંકરનું દૃષ્ટાન્ત સર્વ કરતા પ્રસિદ્ધ છે.

કવિયોના ચિત્ત અશાંતિથી પૂર્ણ હોય છે. તેઓનાં ચિત્ત સર્વદા ઉદ્વેલ હોય છે.એક એક ભાવ આવીને તેઓના મનમાં તરંગ ઉત્પન્ન કરે છે.

કોઈ વખત ઉલ્લાસના તરંગ તો કોઈ વખતે વિસ્મયના તરંગ, કોઈ વખતે ઉદાત્ત ભાવના તરંગ, તો કોઈ વેળાએ સુંદર ભાવના તરંગ તેઓના મનને નચાવી મૂકે છે. આવી સ્થિતિમાં મન કદીપણુ શાંત રહેવા પામતું નથી.

કવિયો સંસારના દુઃખથી ધીરજ વિનાના હોય છે. તેઓ દુનિયાના કષ્ટ સહન કરી શકતા નથી. આ સંસાર દુઃખ ક્લેશથી પૂર્ણ સંસાર છે. બીજા માણસો દુઃખ સહન કરીને દુઃખના વિષયમાં કઠોર થઈ જાય છે પણ કવિયોની પ્રકૃતિ એવી હોય છે કે, દરેક નવા દુઃખથી અજાણ્યા માણસને જેમ ક્લેશ આવે છે તેમ તેઓને ક્લેશ આપે છે.

કવિયો અતિશય પ્રમોદપ્રિય હોય છે. કવિયો જેમ દુઃખમાં અત્યંત દુઃખ અનુભવે છે, તેમ સુખમાં અત્યંત સુખ અનુભવે છે. તેઓ ખુશી ખુશાલીને ત્યાગી શકતા નથી. તેઓ ખુશી ખુશાલીના તરંગમાં શરીરને તરાવીને પોતે પોતાનો વિનાશ કહે છે. કવિયો ખુશી ખુશાલીમાં મત્ત બનીને પોતાની ફરજથી દૂર થાય છે. તેથી મોટી હાનિની ઉત્પત્તિ થાય છે.

આ બધા દોષ નિવારણનો એક માત્ર ઉપાય છે. પહેલા કહી ગયા છીએ કે ધર્માનુરાગ કવિ પ્રકૃતિથી કદી પણ પૃથક રહી શકતો નથી. ધર્મનુરાગ ખરા કવિઓના પ્રકૃતિગત લક્ષણ છે પણ ધર્મનો જે અંકુર તેઓની પ્રકૃતિમાં સ્વભાવતઃ રહેલો છે. તેઓનું કર્તવ્ય એ છે કે, એ અંકુરને પ્રયત્નથી વિકશિત કરે. કવિ-પ્રકૃતિ ધર્મના શાસનાધીન નહિ હોવાથી કવિયોના સંબંધમાં તે મોટા વિનાશનું કારણ થાય છે "**महती विनष्टिः** કવિ જો ધર્મના આધીનમાં પોતાને સ્થાપન કરે, તો મંગળ છે, નહિતો કોઇ પણ રીતે મંગળ નથી. કવિ જો પોતાને ધર્મના આધીનમાં પોતાને સ્થાપે, તો તે પોતાની પ્રકૃતિગત રૂપ-લાલસાને કબજામાં રાખી શકે છે, પ્રબળ ઝંઝા વાયુથી પીડિત આટલાન્ટિક સમુદ્રના પટના સમાન પોતાની અશાંત પ્રકૃતિને પરિશાંત કરી શકે છે, સાંસારિક કષ્ટ સહન કરવામાં સમર્થ થાય છે અને પોતાની ખુશી ખુશાલીની ઇચ્છાને નિયમિત કરી શકે છે. કોઈ ખરા કવિને પોતાને ધર્મશાસનમાં સ્થાપીને ઈશ્વરનો મહિમા તથા ધર્મનો

મહિમા ગાયન કરવામાં અને સદુપદેશથી મનુષ્યને સમાર્ગે પ્રવૃત કરવામાં જોયાથી તે એક દેવ-પુરૂષના સરખો જણાશે.

શું સુધારાની ઉન્નતિથી કવિતાની અવનતિ થાય છે.

ઘણા માણસોનો આવો સંસ્કાર છે કે સુધારાની ઉન્નતિ થયાથી કવિતાની અવનતિ થાય છે-સત્ય-સંધાયી વિજ્ઞાનના અભ્યુદયથી અસત્ય સંધાયી કવિત્વ પ્રભા વિનાની થઇ જાય છે, પણ ખરી રીતે શું તેમજ છે ? વાસ્તવિક શું વિજ્ઞાન તથા કાવ્ય એક બીજાના દુશ્મન છે, ખરેખર શું તેઓના એક એક અહિ કુલતાનો સંબંધ છે ? અમે જાણીએ છીએ કે, કવિતા તથા વિજ્ઞાન એકજ માબાપનાં છોકરાં છે. જે કલ્પના તથા વિવેચનના સંયોગથી જ કવિતાની ઉત્પત્તિ છે. વિજ્ઞાન, વિવેક તથા વિભાવનાના પુત્ર છે. કવિતા તેઓની પુત્રી છે. બેઉ એક પ્રતિજ્ઞા હિંડોળામાં પાસે પાસે સૂઇને પ્રતિપાલિત તથા વૃદ્ધિ પ્રાપ્ત થાય છે. કવિતા જે ઇચ્છા કરે છે, વિજ્ઞાન યત્નથી તે આણી આપે છે.

કવિતા જે વિવેક તથા કલ્પનાથી ઉત્પન્ન થઈ છે, તે વિવેક તથા કલ્પનાથીજ હાલના વરાળયંત્રની ઉત્પત્તિ છે, જેનાં દ્વારા યથાર્થજ અમે છ મહિનાનો માર્ગ છ દહાડામાં અતિક્રમ કરીએ છીએ.

જો કેવળ સમાજની આદિમાવસ્થાજ કવિત્વના અનુકૂળ થાત, તો જંગલી ગોંડ ધાંગડજ મહાકવિ અને ડમચંડાલના ધર્મ પુરાણજ પૃથ્વીના મહાકાવ્ય થાત. વેદના સરખો પ્રાચીન ગ્રંથ બીજો કોઇ નથી, અને વેદ આર્યોની આદિમાવસ્થાની રચના છે તેમાં પણ સંદેહ નથી. જ્યારે આર્યો સ્વરસ્વતી વગેરે સાત નદીથી પંખાળતા બ્રહ્માવર્ત્તમાં પર્ણકુટીરમાં રહેતા હતા, જ્યારે કેવળ ગોધન તથા ધનુર્બાણજ તેઓનું યથાસર્વસ્વ હતું, અને જ્યારે તેઓ સામાન્ય ખેતીવાડી પણ સારી રીતે જાણતા નહોતા, વેદ તે અજ્ઞાન કુહેલિકાવૃત અતીવ પૂર્વતન સમયની રચના છે. પશ્ચિમ તરફના પં-

ડિતો ઈ. સ. ની પૂર્વે ૨૦૦૦ વર્ષથી પણ લાંબા કાળપર વેદની રચનાનું અનુમાન કરે છે. વેદ રચવાના ઘણા કાળ પહેલા, જ્યારે આર્યો આર્યાવર્ત્ત જે અધિકાર કરીને સમૃદ્ધિશાલી તથા સુધરેલ થયા છે, જ્યારે છેટેના સિંહલમાં તેઓના જયના વાવટા ઉડયા છે; જ્યારે અસંખ્ય ગામ, મનોહર હવેલીઓ, સુચારૂ અનાજના ખેતરો, આંખને રંજન કરે છે એવા ઉપવન યમુના તથા ભાગીરથીના બેઉ તરફના કિનારા સુશોભિત કર્યા હતા, અને જ્યારે સુપ્રસિદ્ધ અયોધ્યાપુરી–મર્ત્યમાં વૈજયંતધામ–આર્યાવર્તની પ્રધાન રાજધાની થઇ છે–આર્યોની તે ઉન્નત અવસ્થામાં વાલ્મીકિ મુનિએ જગદ્વિખ્યાત રામાયણ રચ્યું. પણ કોણ ના કહેશે કે કાવ્યાંશમાં રામાયણ વેદના કરતાં હજારો દરજ્જે શ્રેષ્ટ છે! વાલ્મીકિના પછી ઘણા કાળે જ્યારે ભારતનો સૌભાગ્ય સૂર્ય મધ્યાહ્ન ગગનમાં સમાચ્છન્ન થયો હતો, જ્યારે આર્ય સરસ્વતી બધી કળા પ્રકટ કરીને પૂર્ણકળા ચંદ્રમાના પ્રમાણે ઉજ્જયિનીને યશો જ્યોત્સ્નાથી જ્યોતિષ્માન કરી હતી, જ્યારે વિક્રમાદિત્યની રાજસભા ઉજ્વલતર નવ રત્નથી પ્રભાન્વિત થઈ હતી–કોણ નહિ જાણતું હોય કે તે સમગ્ર ભારત ગૌરવ કાલિદાસે રઘુવંશ, કુમારસંભવ, શકુન્તલા વગેરે મનોહર કાવ્ય–કલાપ રચ્યા હતા! પણ કોણ કહેશે કે વાલ્મીકિના કરતાં કાલિદાસ નિકૃષ્ટ કવિ હતો? કોણ જાણતું નથી વર્જિલ રોમ રાજ્યના અત્યુન્નતિના સમયમાં જન્મ લીધો હતો? કોણ જાણતું નથી જ્યારે લૂથરે ફેલાવેલા સુધરેલા ખ્રિસ્તી ધર્મના ઉદાર મત અંગ્રેજ મંડળમાં લબ્ધ પ્રવેશ થયા, જ્યારે ઇંગ્લાંડનો અત્યુજ્જવલ રત્ન અસાધારણ વિચારવાન સુવિખ્યાત બેકન ચિરાદત આરિસટાટલના શાસ્ત્ર શિરમાં સદર્પ પદાઘાત કરતો હતો, જ્યારે અંગ્રેજોએ હિંદુસ્તાનની સાથે વેપાર તથા અમેરિકામાં વસાયત સ્થાપન કરી હતી, અને જ્યારે રોલ, બટલે, સિડનિ, અસેક્સકલ વગેરે મંત્રીઓની અસામાન્ય નીતિ નિપુણતાથી ઈંગ્લંડની રાણી એલીજાબેથ યુરોપની મોટી રાણી તરીકે માન પામી હતી, તે ઈંગ્લંડના તે નવવિકસિત સૌભાગ્ય સમયમાં જગતનો શ્રેષ્ઠ કવિ શેક્સપિયરે હેમલેટ, મ્યાકબેથ, લિયર, ઓથેલો વગેરે અપૂર્વ કાવ્યમાળા રચના કરી હતી. પણ કોણ કહેશે કે પ્રાચીન

પ્રવૃદ્ધ ચાસરના કરતાં તે હજારો દરજ્જે શ્રેષ્ઠ કવિ નહોતો ? એટલા માટે સુધારાની ઉન્નતિ થયાથી કવિત્વનો હ્રાસ થાય એ કહેવું ઘણુંજ અપ્રામાણિક છે. સત્ય યુગમાં જેમ કવિત્વ શક્તિ માનવ હૃદયથી નીકળી હતી, હજી સુધી તેવી છે અને જ્યાં સુધી બહારના તથા અન્તર્જગતમાં યુગાન્ત ન થાય, ત્યાં સુધી તેવું રહેશે એવો દૃઢ વિશ્વાસ છે. જ્યાં સુધી પ્રભાતમાં સૂર્યોદય થશે, રાત્રે ચંદ્રમાં હસશે, ઉષાના લલાટમાં સુખતારા તરશે, ત્યાં સુધી કવિત્વ શક્તિ માનવ હૃદયમાં નિહિત રહેશે;—જ્યાં સુધી હવા વહેશે, પાણી ચાલશે, પુષ્પ ખીલશે, કોકિલ ગાશે—જ્યાં સુધી આકાશ ગર્જશે, વિજળી ઝમકશે, દાવાનલ બળશે. તથા પૃથ્વી ધ્રૂજશે, ત્યાં સુધી કવિત્વ—શક્તિ મનુષ્ય હૃદયમાં રહેશે;—જ્યા સુધી સાગર તથા પર્વત નગર તથા કાંતાર શ્મશાન તથા ઉદ્યાન, ઝુંપડી તથા રાજમહેલ આ વિપુલ ધરણીની પીઠ ઉપર જગા મેળવશે, ત્યાં સુધી કવિત્વ શક્તિ માનવ હૃદયમાં નિહિત રહેશે;—અને જ્યાં સુધી મનુષ્ય જાતિ રાગ, દ્વેષ, કામ ક્રોધ, મદ માત્સર્ય તથા શોક સંતાપના વશીભુત રહેશે, ત્યાં સુધી કવિત્વ શક્તિ માનવ હૃદયમાં નિહિત રહેશે એવો અમારો દૃઢ વિશ્વાસ છે.